# લુકા લોખલી હારી ખોબાર
## પ્રસ્તાવના

લુકા લોખલી હારી ખોબાર યોક પત્રા રુપામાય હેય, જી થીયોફિલુસ નાંવા માઅહાલ લોખલાં ગીઅલાં આતા, લુકાય ખ્રિસ્તા બારામાય બોદ્યો વાતો પારખીન, યા પત્રાલ લોખલાં હેય 1:1-4. લુક ખ્રિસ્તા જીવના બારામાય વિવરણ, ઓચા જન્મા પેલ્લાથી લેયને, તે ઓચા સેવકાઈ, મોરણા, એને મોઅલા માઅને પાછા જીવી ઉઠના બારામાય હેય. ઈસુય તારણા હારી ખોબારે પ્રચાર કોઅતા, એને પવિત્ર આત્મા સામર્થ્યકોય પોતાના સેવકાઈ શુરવાત કોઅયી. ઓચાય બોજદા ગરીબ એને સતાવ કોઅલા લોકહાન ઓચા દોયા કોઅયી. ઓચાય ભવિષ્યવાણ્યો પુર્યો કોઅયો એને ટાકાય ગીઅલા લોકહાન હોદાહાટી એને બોચાવના ઉદ્દેશ પુરો કોઅયો. લુક ખ્રિસ્તા જન્મા પુરાં વિવરણ દેહે, એને કેવળ લુકા ચોપડી માંયજ દયાળુ સામરી એને ઉડાવ પોહા દાખલા બારામાય લોખહે. લુક યોક ડાકટાર આતો એને પાઉલા હાંગાત્યો આતો, ઓચાય ઈ ચોપડી લગભગ ઇસવી સન 60 માય લોખલી હેય, ઓચાય પ્રેષિતાહા કામહા ચોપડી બી લોખલી હેય.

### લુકા ઉદેશ્ય

1 માનનીય થેયોફીલુસ, બોજ લોકહાય આપે વોચમાય ઓઅલી ઘટનાહા બારામાય વર્ણન લોખાહાટી કોશિશ કોઅલી હેય.
2 ઓચાહાય બરાબર તીંજ લોખ્યાં જીં આમહાન ઓચા લોકહાકોય આખલા ગીઅલાં આતા, જયાહાય ઈસુ સેવા સુરુવાતપાઅને પોતે નોજરેકોય એઅયા એને પાછે પોરમેહેરા વચન આખનારા સેવાક બોની ગીયા.
3 યાહાટી ઓ માનનીય થીયોફિલુસ માયે બી યે ઘટનાહા બારામાય દિયાન દેયન અભ્યાસ કોઅયો એને માન ઈ હારાં ગોમ્યા કા આંય તોહાટી યો ઘટના સુરુવાતપાઅને લેયને ક્રમવારી લોખું.

4 આંય ઈ યાહાટી કોઇ રિઅલો હેય, કા તુલ બોદી વાતહેબારામાય
બોદા હાચ્ચાં ખોબાર પોડે, જીં લોકહાકોય તુલ આખલા ગીઅલાં હેય.

## જખરિયા એને એલીસાબેત

5 જોવે હેરોદ રાજા યહૂદીયા વિસ્તારમાય રાજ્ય કોઇ રિઅલો આતો,
ચ્યે સમાયે અબીયા યાજાકા ટોળામાઅને જખરિયા નાંવા યોક યાજક
આતો, એને ચ્યા થેઅયે નાંવ એલીસાબેત આતી, તી બી ઈસરાયેલા
પેલ્લો યાજક હારૂના કુળામાઅની આતી.
6 ચ્યે બેની જાંએ પોરમેહેરા નોજરેમાય ન્યાયી આતેં, એને પોરમેહેરા
બોદી આગના એને નિયમાહાન દોષવોગાર પાળા આતેં.
7 બાકી ચ્યાહા પોહેં નાંય આતેં, કાહાકા એલીસાબેત વાંયટી આતી,
એને ચ્યે બેની ડાયેં ઓઈ ગીઅલે આતેં.

## યોહાના જન્મા બારામાય ભવિષ્યવાણી

8 યોક દિહી જોવે જખરિયા યેરૂસાલેમ શેહેરા દેવાળામાય પોરમેહેરા
હામ્મે યાજકા રુપામાય સેવા કોઇ રિઅલો આતો, કાહાકા ચ્યા
આઠવડયા ચ્યા ટોળા યાજકા સેવા કોઅના પાળી આતી.
9 તોવે યાજકાહા રીતી ઇસાબે જખરિયા નાંવા ચિઠ્ઠી નિંગી, કા પ્રભુ
દેવાળામાય જાયને ધુપ હોલગાડે.
10 એને ધુપ હોલગાડના સમયે લોકહા બોદો ટોળો બાઆ દેવાળા
બાઆમાય પ્રાર્થના કોઅતે આતેં.
11 ઓલહામાયજ પ્રભુ યોક હોરગા દૂત દુપવેદી જમણી એછે ઉબો
રિઅલો જખરિયાલ દેખાયો.
12 જખરિયા હોરગા દૂતાલ એઇન ગાબરાઈ ગીયો એને તો બોજ
બિઇ ગીયો.
13 બાકી હોરગા દૂતાય ચ્યાલ આખ્યાં, “ઓ જખરિયા, ગાબરાયેહે
મા કાહાકા પોરમેહેર તો પ્રાર્થના વોનાયોહો, એને તો થેએ એલીસાબેત
તુમહેહાટી યોક પોહાલ જન્મો દેઅરી, એને ચ્યા નાંવ તું યોહાન થોવજે.
14 તુલ આનંદ મિળી એને તું ખુશ ઓઈ જાહે, એને બોજ માઅહે
ચ્યા જન્મા લેદે ખુશ ઓઈ જાય.

15 કાહાકા તો પ્રભુ નોજરેમાય મહાન ગોણાયી, તો નશા વાળો રોહો
કા દારવા કોદહી નાંય પીયી, એને ચ્યા જન્મો ઓઅરા પેલ્લાજ તો પવિત્ર
આત્માકોય બોઆલા રોય.
16 તો ઈસરાયેલા બો બોદા લોકહાન ચ્યાહા પ્રભુ પોરમેહેરાએછે
વાળી લેય યી.
17 યોહાન યોક ઓહડો માઅહું રોય, જો ભવિષ્યવક્તા એલીયા
આત્મા એને સામર્થ્ય ચ્યા આરે રોય, કા આબહા મોન પાહહા એછે
ફેરાવી દી; એને તો પોરમેહેરા આગના નાંય માનનારા લોકહાન પોરમેહેરા
જ્ઞાન કબુલ કોઆડી, એને લોકહાન પ્રભુહાટી તિયાર કોઅરી."

18 જખરિયાય હોરગા દૂતાલ પુછ્યાં, "માન કેહેકેન યે વાતે ખાત્રી
રોય? કાહાકા આંય ડાયો ઓઅઇ ગીયહો, એને મા થેએબી ડાયી
ઓઅઇ ગીયહી."
19 હોરગા દૂતાય ચ્યાલ જોવાબ દેનો, "આંય ગાબરીયેલ દૂત હેતાંવ,
આંય પોરમેહેરા આગલા ઉબો રોનારો હેતાઉ, તુલ ઈ વાત આખા એને
ઈ હારી ખોબાર દાંહાટી ચ્યાય માન દોવાડયોહો.
20 બાકી એએ, જ્યા દિહા લોગુ યો વાતો પુર્યો નાંય ઓઈ જાય,
ચ્યા દિહા લોગુ તું ચુપ રોહે, એને બોલી નાંય હોકહે, કાહાકા તુયે મા
વાતેહેવોય બોરહો નાંય કોઅયો જ્યો ચ્યે સમય પુર્યો ઓઅરી."

21 તાંઉ માઅહે જખરિયા વાટ એએઈ રોઅલે તો ઓલીબોદી વાઆ
દેવાળામાય કાહા રિયો ચ્યા ચ્યાહાન નોવાય લાગી.
22 જોવે તો બાઆ યેનો, તોવે તો ચ્યાહાઆરે બોલી નાંય હોક્યો સેલ્લે
ચ્યે માઅહે હોમજી ગીયે, કા દેવાળામાય ચ્યાલ દર્શાન દેનહા, એને તો
ચ્યાહાન ઈશારો કોઇ રિઅલો આતો, બાકી મૂકો નોકીજ રિયો.

23 જોવે દેવાળામાય યોક યાજકા રુપામાય ચ્યા સેવા કોઅના
આઠવડયા પારવાયા, તોવે યેરૂસાલેમ માઅને જખરિયા ચ્યા ગોઓ
જાતો રિયો.

24 કોલહાક દિહહા પાછે ચ્યા થેએ એલીસાબેતે મોયના રિયા, એને
ચ્યે કાદાલ નાંય આખ્યાં કા ચ્યે મોયના હેય, એને તી પાચ મોયના લોગુ
ગોઅજ રોયી.
25 ચ્યે આખ્યાં, "પ્રભુય મા મોયના રા હાટી મોદાત કોઅયીહી, ચ્યાય
માયેવોય દયા કોઅયી, એને લોકહામાય મા વાંયટી રોઅના લાજ આતી

તી દુઉ કોઅચી.”

## ઈસુવા જન્મા ભવિષ્યવાણી

26 જોવે એલીસાબેત છ: મોયના મોયનાવાળી ઓઈ ગીયી,
તોવે પોરમેહેરાય ગાબરીયેલ હોરગા દૂતાલ ગાલીલ ભાગા નાજરેત
ગાવામાય,
27 ચોક કુંવારીયેપાય દોવાડયો, ચ્યે માગણી દાઉદ રાજા કુળા ચોસેફ
નાંવા માટડાઆરે ઓઅલી આતી, ચ્યે કુંવારીયે નાંવ મરિયમ આતા.
28 એને હોરગા દૂતાય ચ્યે પાહાય ચેયન આખ્યાં, “ખુશી એને જય
ઓએ તો, પોરમેહેરાય તુલ બોજ બોરકાત દેનલો હેય! પ્રભુ તોઆરે
હેય.”
29 ચ્યા વાત વોનાઈન તી બોજ ગાબરાઈ ગિઇ, એને વિચાર કોઅરા
લાગી કા ઈ કોહડી જાતી સલામ ઓરી?
30 તોવે હોરગા દૂતાય ચ્યેલ આખ્યાં, “ઓ મરિયમ ગાબરાયેહે મા,
કાહાકા પોરમેહેરા બોરકાત તોવોય જાયલી હેય.
31 એએ, તું મોયનાવાળી રોહે એને તું ચોક પોહાલ જન્મો દેહે, ચ્યા
નાંવ તું ઈસુ થોવજે.
32 તો મહાન માઅહું બોની, એને પરમપ્રધાન પોરમેહેરા પોહો
આખાચી, પ્રભુ પોરમેહેર ચ્યા આગલ્યો ડાચો દાઉદ રાજા હારકો બોની.
33 એને તો ઈસરાયેલ લોકહાવોય સાદા રાજ કોઅરી, તો સાદામાટે
રાજા રુપામાય રાજ્ય કોઅરી.”
34 મરિયમે હોરગા દૂતાલ આખ્યાં, “ઈ કેહેકેન ઓઅરી? મા તે કાદા
માટડાઆરે વોરાડ બી નાંય જાયહાં.”
35 હોરગા દૂતાય જાવાબ દેનો કા, “પોરમેહેરા પવિત્ર આત્મા તો ઉપે
ઉતી, પરમપ્રધાન પોરમેહેરા સામર્થ્ય તો ઉપે છાવાડો કોઅરી, ચ્યાહાટી
તોપાઅને જન્મો લેનારો પોહો પવિત્ર ઓઅરી, તો પોરમેહેરા પોહો
આખાચી.
36 એને વોનાય, તો હોગવાડયાહા માઅની એલીસાબેતેલ બી ચ્યે
ડાઆયાપોણામાય મોયના રીઅલા હેતા, એને જ્યેલ વાંચટી આખે, ચ્યે
આમી ઓ છઠો મોયનો ચાલહે.
37 કાહાકા પોરમેહેરાકોય બોદાંજ બોની હોકહે.”

38 મરિયમે આખ્યાં, “એએ, આંય પ્રભુ દાસી હેત્યાંવ, જેહેકેન તુયે
આખ્યાં તેહેકેન મા આરે ઓઅય” પાછે હોરગા દૂત ચ્યે પાયને જાતો
રિયો.
39 કોલહાક દિહાહા મરિયમ તિયાર ઓઇન ઉતવાળે કોઅઈન
યહૂદીયા વિસ્તારા ડોંગાલાવાળા ભાગામાય યોકા ગાવામાય ગીયી.

## મરિયમ એને એલીસાબેત

40 એને જખરિયા ગોઅમે જાયન ચ્યે એલીસાબેતેલ સલામ આખી.
41 જોવે એલીસાબેતેલ મરિયમે સલામ આખ્યાં, તોવે ચ્યે બુકામાય
ચ્યે પોહો ઉસળ્યો એને એલીસાબેત પવિત્ર આત્માકોય બોઆય ગીયી.
42 એને મોઠેરે આખતી લાગી કા, “બોદયે થેએયેહેમાય તું ધન્ય હેય,
એને તું જ્યા પોહાલ જન્મો દેહે તો ધન્ય હેય!
43 આંય તુલ ઈહીં એઇન પોતાલ બોરકાતવાળી હોમજુહું, કા મા
પ્રભુ આયહો માન મિળાં યેનહી.
44 કાહાકા એએ, જોવે માયે તો સલામે આવાજ વોનાયી, તોવે
તારાત મા પોહો મા બુકામાય આનંદમાય જાયો.
45 તું ધન્ય હેય કાહાકા તુયે બોરહો કોઅયો કા પ્રભુવાય જીં તુલ
આખ્યાં તી તો પુરાં કોઅરી.”

## મરિયમે સ્તુતિ ગીત

46 તોવે મરિયમે આખ્યાં, મા જીવ પોરમેહેરા સ્તુતિ કોઅતો હેય.
47 એને મા આત્મા પોરમેહેર, મા તારણારામાય આનંદિત જાયા.
48 કાહાકા ચ્યે માયેવોય, ચ્યા દાસી ગોરીબી વોય નોજાર કોઅયી,
યાહાટી એએજા, આમીને બોદ્યો પીડ્યો માન બોરકાતવાળી આખરી.
49 કાહાકા ચ્યા બળવાન પોરમેહેરાય માંહાટી મોઠે કામે કોઅયેહે;
એને ચ્યા નાંવ પવિત્ર હેય.
50 ચ્યા દયા ચ્યા બિખ રાખનારા લોકહાવોય પેડયે પાઠી પેડી બોની
રોહે.
51 તો ચ્યા મહાન સામર્થ્યા ઉપયોગ મોઠે કામે કોઅરાહાટી કોઅલા
હેય, એને ચ્યાય અભિમાન્યાહાન તીતર-ભીતર કોઅયા.
52 ચ્યાય શાસન કોઅનારાહા શાસન કોઅના ઓદિકાર લેય લેદો,
એને ગોરીબાહાન ઉચા કોઅલા હેય.

53 ચ્યાય બુખ્યહાન હારી વસ્તુકોય દારાયે તાંવ લોગુ ખાવાડ્યા એને
મિલકાતવાળહાન રીતે આથે કાડી દેના.
54 ચ્યાય પોતાના આગલ્યા ડાયહા પ્રતિ ચ્યા વાયદાલ યાદ કોઅયા
એને ચ્યા સેવક, ઈસરાયેલા લોકહા મોદાત કોઅરાહાટી યેનહો.
55 ચ્યાય આબ્રાહામાલ એને ચ્યા પીડીલ સાદામાટે દયા કોઅરાહાટી
વાયદાલ પુરાં કોઅયાહાં!
56 મરિયમ લગભગ એલીસાબેત આરે તીનખાન મોયના રોઇન ગોઓ
પાછી વોળી ગીયી.

## બાપતિસ્મા દેનારા યોહાના જન્મો

57 તોવે એલીસાબેત પોહાલ જન્મો દેયના સમય યેનો, એને ચ્યેય
પોહાલ જન્મો દેનો.
58 એલીસાબેતે આહીપાહીને એને હોગવાડ્યે ઈ એઇન, કા પ્રભુય
ચ્યેવોય મોઠી દયા કોઅયીહી, તોવે ચ્યે બી આનંદિત જાયે.
59 આઠમે દિહી ચ્યે પોહા સુન્નત કોઅરા યેને, ચ્યે ચ્યા નાંવ ચ્યા
આબહા નાવાહારકા જખરિયા થોવા આતેં.
60 તોવે ચ્યા આયહો એલીસાબેતેય જવાબ દેનો, “નાંય; બાકી યા
નાંવ યોહાન થોવલાં જાય.”
61 એને લોકહાય ચ્યેલ આખ્યાં, “તુમહે કુટુંબમાય ઓહડા નાંવ કાદા
નાંય હેય.”
62 પાછે ચ્યાહાય ચ્યા આબહાલ ઈશારો કોઇન પુછ્યાં કા તું યા નાંવ
કાય થોવા માગતોહો?
63 તોવે ચ્યે યોક લોખના પાટી લેય હાદાડી એને લોખ્યાં, “ચ્યા નાંવ
યોહાન હેય” એને બોદા લોક નોવાય પામ્યા.
64 એને જખરિયા જીબે બંધન ખુલી ગીયા, એને તો પોરમેહેરા સ્તુતિ
કોઅતો લાગ્યો.
65 આહી પાહી વાળે બોજ લોક બિઇ ગીયે, એને યહૂદીયા વિસ્તારા
બોદા ડોગાલાવાળા ભાગામાય બોદયે વાતહે ખોબાર પોડી ગીયી.
66 જયેં માઅહે વોનાયે ચ્યે વિચાર કોઅરા લાગ્યેં, “ઓ પોહો કોહડો
ઓઅરી?” કાહાકા હાચ્ચાંજ ચ્યાઆરે પ્રભુ સામર્થ્ય હેય.

## જખરિયા ભવિષ્યવાણી

67 ચ્યા આબહો જખરિયા પવિત્ર આત્માકોય બોઆય ગીયો, એને
ભવિષ્યવાણી કોઅરા લાગ્યો.

68 “પ્રભુ ઈસરાયેલા પોરમેહેરા સ્તુતિ કોઅરા, કાહાકા ચ્યે ચ્યાહા
લોકહાન મોદાત કોઅરા એને ચ્યાહાન બોચાવી લેદહા.
69 એને ચ્યા સેવક, દાઉદ રાજા કુળામાંય આપેહાટી ચોક ગોતીવાળો
તારણારો દોવાડલો હેય.
70-71 બોજ પેલ્લા, પોરમેહેરાય ચ્યા ભવિષ્યવક્તાકોય આખલા
આતા. તો આપહાન આપહે દુશ્માનાહા એને ચ્યે બોદયે ગોત્યેથી
બોચાવી જયેં આપહે આરી આડાઇ કોઅતેહે.
72 આગલ્યા ડાયહાવોય દયા કોઇન ચ્યા પવિત્ર કરાર પુરો કોઅરી.
73 એને તો વાયદા જો ચ્યાય આપહે આગલ્યો ડાયો આબ્રાહામાઆરે
કોઅલો આતો.
74 કા તો આપહાન આપહે દુશ્માનાહા આથામાયને બોચાવીન.
75 કા ચ્યા હોમ્મે પવિત્રતા એને ન્યાયપણામાય દાક વોગાર રોયન
બોદી જીંદગી ચ્યા સેવા કોઇ હોકજે.
76 એને તું મા પાહા, તું પરમપ્રધાન પોરમેહેરા ભવિષ્યવક્તા
આખાયેહે, કાહાકા તું પ્રભુવા વાટ તિયાર કોઅરાહાટી પ્રભુવા આગલા-
આગલા ચાલહે.
77 કા તો ચ્યા લોકહા પાપહા માફ કોઅનાકોય ચ્યાહા તારણા
બારામાય જ્ઞાન દી.
78 ઈ આપહે પોરમેહેરા મોઠી દયાકોય ઓઅરી, એને ચ્યાહાટી
જેહેકોય દિહી આપહાન ઉજવાડો દાંહાટી ચોમકેહે, તેહેકોય ખ્રિસ્તબી
આપહેપાય હોરગામાઅને યી.
79 આંદારામાય (પાપમાય જીવનારા)એને મોઅના તકમાય
બોહનારાહાલ ઉજવાડો દે, ઓ ઉજવાડો આપહાન ચ્યા જીવનામાય
સલહા દી, જો આપહાન પોરમેહેરાઆરે શાંતી દેહે.”
80 એને તો બાળાક ચોહાન, મોઠો ઓઅતો ગીયો એને આત્મામાય
બળવાન ઓઅતો ગીયો એને તો ઈસરાયેલ લોકહાવોચમાય હિકાડના
દિહા લોગુ ઉજાડ જાગામાય રિયો.

# 2

### બેથલેહેમમાય ઈસુ જન્મો
*(માથ્થી 1:18-25)*

1 ચ્યા દિહયા માય કૈસર ઓગુસ્તુસાય આગના દેની કા રોમી
સામ્રાજ્યા રોનારા બોદા લોકહા નાવનોંદણી કોઅલી જાય.
2 ઈ પેલ્લી નાવનોંદણી આતી, જોવે ક્વીરીનીયુસ સિરીયા વિસ્તારા
રાજા આતો.
3 બોદે માઅહે પોતપોતાના વોતની ગાવહામાય નાંવ લોખાડા હાટી
ગીયે.
4 યોસેફ દાઉદા કુળામાઅને એને કુટુંબમાઅને આતો ચ્યાહાટી
ગાલીલ ભાગા નાજરેત ગાવામાઅને યહૂદીયા વિસ્તારમાય દાઉદ રાજા
શેહેર બેથલેહેમમાય ગીયો.
5 યોસેફ પવિત્ર આત્માકોય મોયના રિઅલી ચ્યા થેએ મરિયમે આરે
નાંવ લોખાડા ગીયો.
6-7 જોવે ચ્યે બેથલેહેમમાય આતેં, તે ચ્યાહાન ચ્યા જાગે રા હાટી
જાગો નાંય મિળ્યો જાં મુસાફીર રોતે આતેં, યાહાટી ચ્યે યોકા ડોગરાહા
ગોઠામાય રિયે. જોવે મરિયમે પોહાલ જન્મો દેયના સમય યેનો, તોવે
ચ્યેય તાં ચ્યાહા પેલ્લા પોહાલ જન્મો દેનો, ચ્યાહાય ચ્યાલ ફાડકામાય
ચોંડાળીન ગોવાંયીમાય થોવ્યો, જાં ડોગરાહાલ ચારો ટાકતેહેં.

## મેંડવાળ્યાહાન હોરગા દૂતા હારી ખોબાર આખના

8 ચ્યા ભાગામાય કોલહાક મેંડવાળ્યા લોક આતા, જ્યા રાતી
દાદરામાય ચ્યાહા ગેટેં ટોવેત.
9 તોવે અચાનક પ્રભુ યોક હોરગા દૂત ચ્યાહાન દેખાયો, એને ચ્યાહા
ચોમખી પ્રભુ ઉજવાડો ચોમકા લાગ્યો, એને ચ્યા ઈ એઇન બોજ બિઇ
ગીયા.
10 તોવે હોરગા દૂતાય ચ્યાહાન આખ્યાં, "બીયહા મા વોનાયા
આંય તુમહાન બોજ આનંદા હારી ખોબાર આખતાહાવ, જીં બોદા
લોકહાહાટી ઓઅરી.
11 કા આજે બેથલેહેમ્ ગાવામાય મતલબ દાઉદ રાજા ગાવામાય
તુમહાન તારણારો જોનમ્યોહો, તોજ ખ્રિસ્ત પ્રભુ હેય.
12 યે વાતે સાબિતી ઈ હેય કા ઓ તોજ પોહો હેય એહેકેન વોળખાં
હાટી તુમહાન ઈ નિશાણી હેય, કા તુમા યોક પાહાલ ફાડકામાય
ચોંડાળીન ગોવાંયેમાય હુવાડલાં એઅહા."

13 અચાનક ચ્યા હોરગા દૂતા આરે હોરગ્યા દૂતહા ટોળો પોરમેહેરા
સ્તુતિ કોઅતા એને ઈ આખતા દેખાયાં,
14 “હોરગામાય પોરમેહેરા મહિમા, એને દોરત્યેવોય ચ્યા
માઅહાવોય પ્રસન્ન હેય ચ્યા લોકહાન શાંતી આખા.”

### મેંડવાળ્યાહા બેથલેહેમ જાયના

15 જોવે હોરગા દૂત ચ્યાહા દેખાતા હોરગામાય પાછા જાતા રિયા,
તોવે મેંડવાળ્યા લોક ચોકબિજાલ આખતા લાગ્યા કા, “ચાલા, આપા
બેથલેહેમ જાતા, એને ઈ જીં વાત બોની ગીયી, એને ચ્યાહાન પ્રભુ
આપહાન આખીહી, તી એરા જાતા.”
16 ચ્યાહાય તારાત જાયને મરિયમ એને યોસેફાલ એને ગોવાંયીમાય
ચ્યા પાહાલ હુવાડલો દેખ્યો.
17 ચ્યાલ એઅયા પાછે, ચ્યાહાય તી વાત, જીં હોરગા દૂતહાય પાહા
બારામાય આખ્યેલ તી આખી દેના.
18 ચ્યે બોદે જ્યાહાય મેંડવાળ્યાહા વાત વોનાયે ચ્યે નોવાય પામ્યે.
19 બાકી મરિયમ યો બોદ્યો વાતો પોતે મોનામાય રાખીન ચ્યાહા ઉપે
વિચાર કોઅતી રોયી.
20 પાછે મેંડવાળ્યા લોક પોતે જીં કાય હોરગ્યા દૂતહાય આખલા
આતા, તેહેકોયજ બોદા વોનાયને એને એઇન પોરમેહેરા મહિમા એને
ગીતે આખતા પાછા વોળી ગીયા.

### ઈસુવા સુન્નત એને નામકરણ

21 બાળાક ઈસુ જન્મા આઠ દિહી પાછે, પોહા સુન્નત કોઅના દિહી
યેના તોવે ચ્યા નાંવ ઈસુ થોવ્યો, ઈ નાંવ ચ્યા આયહે બુકામાય યા
પેલ્લાજ હોરગા દૂતાય આખ્યેલ.
22-24 જોવે મૂસા નિયમશાસ્ત્ર પરમાણે મરિયમે એને યોસેફા ચોખ્ખાં
ઓઅના દિહી પુરાં ઓઅઇ ગીઅલા આતા, તોવે ચ્યે યેરૂસાલેમ શેહેરા
દેવાળામાય બેન કબુતરા પીલકે બલિદાન ચોડવા ગીયે. ઈ પ્રભુવા નિયમ
પાળાહાટી આતા. ચ્યે ઈસુવા આરી યેરૂસાલેમમાય બી ગીયે કા ચ્યાલ
પ્રભુવા હામ્મે રજુ કોએ કાહાકા પ્રભુવા નિયામ ઇબી આખહે કા, બોદહા
પેલ્લો જોન્મુલો પોહો પ્રભુહાટી પવિત્ર ઓઅરાહાટી આલાગ કોઅરા
જોજે.

### સિમોના ભવિષ્યવાણી

25 ચ્યે સમાયે યેરૂસાલેમ શેહેરામાય સિમોન નાંવા ચોક માટડો આતો,
તો ન્યાયી એને પોરમેહેરા દાક રાખે, એને ખ્રિસ્ત કોવે ચેયન ઈસરાયેલા
લોકહાન શાંતી દી તો વાટ એઅતો રિયો, એને ચ્યાઆરે પવિત્ર આત્મા
આતા.
26 એને પવિત્ર આત્માય ચ્યાલ આખ્યાં કા, "પ્રભુ ખ્રિસ્તાલ એઅયા
વોગાર તું નાંય મોઅહે."
27 ચ્યે દિહી પવિત્ર આત્મા સલહા કોય તો દેવાળામાય યેનો જોવે
ઈસુવા આયહો આબહો નિયમશાસ્ત્ર પરમાણે ચ્યા વિધેહેલ પુરાં
કોઅરાહાટી ઈસુવાલ દેવાળામાય લેય યેને.
28 તોવે સિમોનાય ઈસુ બાળાકાલ આથામાય લેઈને પોરમેહેરા
આભાર માનતા ચ્યે આખ્યાં.
29 "ઓ પ્રભુ, આમી તું તો સેવકાલ તો કોઅલા વાયદાનુસાર
શાંતીકોય મોરાં દે.
30 કાહાકા માયે ચ્યા તારણારાલ એઅઇ લેદલો હેય.
31 જ્યાલ તુયે બોદા લોકહાન તારણાહાટી દોવાડલો હેય.
32 ચ્યા ગેર યહૂદી લોકહાન પોરમેહેરાબારામાય આખનારો ઉજવાડો
ઓઅરી, એને તો નિવાડલા લોક ઈસરાયેલા મહિમા ઓએ."
33 ઈસુ આયહો એને આબહાલ પોહા બારામાય સિમોનાય જીં
આખ્યાં, તી વોનાઈન બોજ નોવાય લાગી.
34 તોવે સિમોનાય ચ્યાહાન બોરકાત દેની એને મરિયમેલ આખ્યાં,
"એએ, ઈસરાયેલા લોકહામાય બોજ માઅહે નાશ ઓઅઇ જાય, એને
બોજ બોચી જાય, ચ્યાહાટી ઓ પોહો ચેતાવણી નિશાણી રોય કા, ચ્યા
બોજ લોક વિરુદ કોઅરી, એહેકોયન બોજ લોકહા મોના વિચાર ઉગાડા
પોડી જાય.
35 એને બોજ મોઠા દુઃખ, ચોક તારવાય હારકા તો જીવામાય બી
આર-પાર વિંદાય જાય."

### હાન્ના સાક્ષી

36 એને આશેરા કુળામાઅને હાન્ના નાંવા ફનુએલા પોહી ચોક
ભવિષ્યવક્તીન આતી, તી બોજ ડાયી આતી, એને વોરાડ ઓઇન હાંત
વોરહે લોગુ માટડાઆરે રોઅલી આતી.

37 એને તી ચોર્યાશી વોરહે લોગુ વિધવા આતી, દેવાળામાય બોજ
સમય લોગુ રોઇન રાતદીહી ઉપહા એને પ્રાર્થના કોઈકોઈન પોરમેહેરા
ભક્તિ કોઅતી આતી.
38 એને તી ચ્યેજ સમયે તાં યેયન પોરમેહેરા આભાર માન્યા, ચ્યા
બોદહા આરી જ્યેં યેરૂસાલેમ શેહેરા લોકહાન તારણાહાટી ખ્રિસ્તાલ
દોવાડાહાટી પોરમેહેરા વાટ એઅેઈ રીઅલે આતેં, તી ચ્યા પોહા
બારામાય વાતો કોઅરા લાગી.
39 જોવે યોસેફ એને મરિયમ નિયમશાસ્ત્રા પરમાણે જીં કાય કોઅના
આતા તી બોદા પુરાં કોઇન પાછે ચ્યા ગાલીલ ભાગામાય ચ્યાહા વોતની
ગાંવ નાજરેત પાય વોળી ગીયે.
40 એને બાળાક મોઠો ઓઅતો, એને બળવાન ઓઅતો, એને
બુદ્ધિકોય બોઆતો ગીયો, એને પોરમેહેરા સદા મોયા ચ્યાવોય આતી.

## ઈસુ દેવાળે જાઅના

41 ઈસુવા આયહો આબહો દર વોરહે પાસ્કા સણામાય યેરૂસાલેમ
શેહેરામાય જાયા કોએત.
42 જોવે ઈસુ બાર વોરહા જાયો, તોવે સણા રીતી પરમાણે યેરૂસાલેમ
ગીયે.
43 એને જોવે યોસેફ એને મરિયમ સણ વાળીન ચ્યે પાછે ગોઓ જાં
ચાલ પોડયે, તોવે બાળાક ઈસુ યેરૂસાલેમ શેહેરામાય રોઈ ગીયો, એને
ચ્યા આયહે આબહાલ ઈ ખોબાર નાંય આતી.
44 ચ્યે ઈ હોમજીન, ઈસુ હાંગાત્યાહામાય ઓરી, ચ્યે યોક દિહા વાટ
ચાલી યેને, એને ચ્યાલ હોગવાડયાહા એને વોળખાત્યાહામાય હોદતે
લાગ્યેં.
45 જોવે ઈસુ નાંય મિળ્યો તોવે ચ્યાલ હોદતે-હોદતે યેરૂસાલેમ
શેહેરામાય પાછે વોળી ગીયે.
46 એને તીન દિહહયા પાછે તો ચ્યાહાન દેવાળા બાઆપુર મૂસા
નિયમ હિકાડનારા ગુરુહુ આરે બોહીન, ચ્યાહા તો વોનાય એને સવાલ
પુછતા મિળ્યો,
47 એને જોલા લોક ઈસુ વોનાતા આતા, ચ્યા બોદા ચ્યા હોમાજ એને
જવાબાહા કોય નોવાય પામી ગીયા.

48 ચ્યાલ એઇન ચ્યા આયહે આબહાલ બોજ નોવાય લાગી ચ્યા
આયહે ચ્યાલ પુછ્યાં, "ઓ પાહા, તુયે આમહે આરે એહેકોય કાહા
કોઅયા? તો આબહો એને આંય તુલ હોદતે હેરાન ઓઈ ગીયહેં."
49 ચ્યે ચ્યાહાન આખ્યાં, "તુમા માન કાય કોઅરા હોદેત? તુમહાન
માલુમ નાંય આતા, કા આંય મા આબહા ગોઅમેજ ઓરા જોજે?"
50 બાકી જીં વાત ઈસુવાય ચ્યાહાન આખી ચ્યા મતલબ ચ્યે નાંય
હુમજી હોક્યે.
51 ચ્યાહાઆરે ઉતીન તો નાજરેત યેનો એને ચ્યાહા તાબે રિયો ચ્યા
આયહે યો બોદ્યો વાતો મોનામાય રાખ્યો.
52 એને ઈસુ બુદ્દિ માય એને શરીરમાય એને પોરમેહેરા એને માઅહા
સદા મોયામાય મોઠો ઓઅતો ગીયો.

# 3

## બાપતિસ્મા દેનારા યોહાના સંદેશ
## *(માથ્થી 3:1-12; માર્ક 1:1-8; યોહ. 1:19-28)*

1 રોમી કૈસર તીબીરીયુસ રાજ્યા પંદરમાં વોરહામાય, જોવે પંતય
પિલાત યહૂદીયા વિસ્તારા રાજા આતો, હેરોદ રાજા ગાલીલ ભાગા રાજા
આતો, તોવે ચ્યા બાહા ફિલિપ, ઈતૂરેયા એને ત્રખોનીતિસ વિસ્તારા
રાજા આતો, એને લિસાનિયાસ, અબીલેને વિસ્તારા રાજા આતો.
2 એને જોવે હન્ના એને કાયફાસ મહાયાજક આતા, ચ્યે સમાયે
પોરમેહેરા વચન ઉજાડ જાગામાય જખરિયા પોહો યોહાનાલ મિળ્યાં.
3 એને તો યારદેન નોયે આહેપાહેને બોદા વિસ્તારામાય ફિરીન ઈ
પ્રચાર કોઆ લાગ્યો, પાપ કોઅના છોડી દા એને બાપતિસ્મા લા, કા
પોરમેહેર તુમહે પાપહા માફ કોઇ દી.
4 જેહેકોય યશાયા ભવિષ્યવક્તા ચોપડયેમાય લોખલાં હેય: "ઉજાડ
જાગામાય કાદો તેરી બોંબલીન એહેકોય આખહે કા, પ્રભુ યેયના વાટ
તિયાર કોઆ, ચ્યો વાટયો હિદ્યો કોઆ.
5 ચોકા-ચોક ખાડા બોઈ દેવામાય યી, એને ચોકા-ચોકા ડોગા એને
ડોગાલ્યો નિચ્ચો કોઅલ્યો જાય, એને જીં વાકડા હેય તી હિદા, એને જીં
ખાડા ટેકરા વાળી વાટ હેય તી હારકી વાટ બોની.

6 એને બોદે માઅહે પોરમેહેરા પાયને દોવાડલો તારણ કોઅનારાલ
એઅરી.”
7 જીં ગીરદી યોહાનાપાય બાપતિસ્મા લાંહાટી યેની, યોહાને ચ્યાહાન
આખ્યાં, ઓ હાપડા હારકા જેરીવાળા લોકહાય, તુમહાન કુંયે ચેતાવણી
દેની કા યેનારા ન્યાય માય તુમા બોચી જાં?
8 યાહાટી એહેકેન જીવા કા લોકહાન ખોબાર પોડે તુમાહાય પાપ
કોઅના બંદ કોઅઇ દેનહા. એને પોતે મોનામાય એહેકોય નાંય વિચાર
કોઅના કા આબ્રાહામ આપહે આબહો હેય; બાકી આંય તુમહાન
એહેકોય આખતાહાવ કા, પોરમેહેર આબ્રાહામાહાટી યા દોગડાહા
પાયને બી પોહેં પૈદાહા કોઅઇ હોકહે.
9 જેહેકોય યોક કુરાડાવાળો હારેં ફળે નાંય દેનારા હર યોક મુળથી
જાડાહાલ ખાંડીન આગડામાય ટાકી દાંહાટી તિયાર હેય, તેહેકોયનુજ
આમી પોરમેહેર ચ્યાહા ન્યાય કોઅરાહાટી તિયાર હેય, જો પાપ કોઅના
બંદ નાંય કોએ.
10 તોવે લોકહાય ચ્યાલ પુછ્યાં કા, “પોરમેહેરા ડોંડ પાયને બોચાંહાટી
આમા કાય કોઅજે?”
11 તોવે ચ્યે ચ્યાહાન જાવાબ દેનો કા, “જ્યા પાય બેન ડોગલેં હેતેં,
તો જ્યા પાય કાય નાંય મીળે ચ્યાલ યોક ડોગલાં દેય, એને જ્યાપાંય
ખાઅના હેય તોબી એહકોયજ કોએ.”
12 કર લેનારા બી ચ્યા આથે બાપતિસ્મા લાંહાટી ચ્યાપાય યેના, એને
ચ્યાહાય ચ્યાલ પુછ્યાં કા, “ઓ ગુરુ, આમા કાય કોઅજે?”
13 ચ્યે ચ્યાહાન આખ્યાં, “સરકારે જીં નોક્કી કોઅલા હેય ચ્યા
કોઅતા વોદારે કર નાંય લેઅના.”
14 સીપાડાહાય બી ચ્યાલ પુછ્યાં, “આમા કાય કોઅજે?” ચ્યાહાન
ચ્યે આખ્યાં, “કાદાપાઅને બોળ જબરી થી પોયહા નાંય લેયના, એને
કાદાલબી જુઠો દોષ નાંય લાવના, એને પોતાના પાગારમાય ખુશ
રોઅના.”
15 લોકહામાય ખ્રિસ્તા વેલ્લા યેયના મોઠી આશા પૈદાહા ઓઅઇ
ગિઇ, એને યોહાના બારામાય મોનામાય ચ્યા વિચાર કોઅતા લાગ્યા કા,
“કાય ઓજ ખ્રિસ્ત નાંય ઓરી?”
16 તોવે યોહાને ચ્યા બોદહાન જાવાબ દેનો કા “આંય તે પાઆયાકોય
તુમહાન બાપતિસ્મા દેતહાવ, બાકી જો યેનારો હેય, તો મા કોઅતો

મહાન હેય, આંય તે ચ્યા ચાકાર બોનીન ચ્યા ખાઅડા હુતળી છોડાબી
લાયક્યે નાંય હેય, એને તો તુમહાન પવિત્ર આત્મા એને આગડાકોય
બાપતિસ્મા દેઅરી.
17 ચ્યા હૂપડાં, ચ્યા આથામાય હેય, એને તો ચ્યા ખોળાં હારેકોય
ચોખ્ખાં કોઅરી, એને ચ્યા ગોંવ તો કોઠારામાય બેગા કોઅરી, બાકી
બુહટા નાંય ઉલાય ઓહડા આગડામાય ટાકીન હોલગાડી દી."
18 એને તો બોજ જાત્યા હિકાડના હિકાડી-હિકાડીન લોકહાન હારી
ખોબાર દેતો રિયો.

### યોહાનાલ જેલેમાય કોંડાડી દેનો
### *(માથ્થી 3:13-17; માર્ક 1:9-11)*

19 હેરોદ રાજાલ ચ્યા બાહા થેએ હેરોદિયાસ રાણ્યે બારામાય જ્યેલ
હેરોદ રાજે પોતાની થેએ બોનાવી લેદેલ એને બોદા જુઠા કામહા
બારામાય યોહાન બાપતિસ્મા દેનારાય ચ્યા બુલ ચ્યાલ દેખાડી,
20 ચ્યાહાટી હેરોદે બોદા ગુનાહા થી ઓ ગુનો બી કોઅયો, કા ચ્યે
યોહાન બાપતિસ્મા દેનારાલ દોઇન જેલેમાય કોંડાડી દેનો.

### યોહાનથી ઈસુવા બાપતિસ્મા

21 જોવે બોદા લોકહાય બાપતિસ્મા લેદા, એને ઈસુ બી બાપતિસ્મા
લેયને પ્રાર્થના કોઅતો આતો, તોવે આકાશ ઉગડી ગીયા.
22 એને પવિત્ર આત્મા શરીરા રુપ લેઈને કબુતરા હારખા ચ્યાવોય
ઉત્યા, એને હોરગામાઅને પોરમેહેરાય ઈસુલ આખ્યાં કા, "તું મા પ્રિય
પોહો હેતો, તોથી આંય ખુશ હેતાંવ."

### ઈસુવા પેડી
### *(માથ્થી 1:1-17)*

23 જોવે ઈસુ હિકાડાં લાગ્યો તોવે તો આસરે તીહી વોરહા આતો,
માઅહે ચ્યાલ યોસેફા પોહો આખે, યોસેફ એલી પોહો આતો.
24 એલી મત્તાતા પોહો આતો, મત્તાત લેવીયા પોહો આતો, લેવી
મલકી પોહો આતો, મલકી યન્નાયા પોહો આતો, યન્ના યોસેફા પોહો
આતો.

25 યુસુફ મત્તીયા પોહો આતો, મત્તીયા આમોસા પોહો આતો,
આમોસ નાહુમા પોહો આતો, નાહુમ અસલ્યા પોહો આતો, અસલ્યા
નગ્ગયા પોહો આતો.
26 નગ્ગયા માત પોહો આતો, માત મત્તીયા પોહો આતો, મત્તીયા
શિમી પોહો આતો, શિમી યોસેખા પોહો આતો, યોસેખ યોદા પોહો
આતો.
27 યોદા યોહાના પોહો આતો, યોહાન રેસા પોહો આતો, રેસા
ઝરુબાબેલા પોહો આતો, ઝરુબાબેલ શાલતીયેલા પોહો આતો,
શાલતીયેલ નેરી પોહો આતો.
28 નેરી મલકી પોહો આતો, મલકી અદ્દી પોહો આતો, અદ્દી કોસામા
પોહો આતો, કોસામ એલ્માદામા પોહો આતો, એલ્માદામા એરા પોહો
આતો.
29 એર યેશુ પોહો આતો, યેશુ એલીએજારા પોહો આતો,
એલીએજાર યોરીમા પોહો આતો, યોરીમ મત્તાતા પોહો આતો, મત્તાત
લેવીયા પોહો આતો.
30 લેવી સિમોના પોહો આતો, સિમોન યહૂદા પોહો આતો, યહૂદા
યોસેફા પોહો આતો, યોસેફ યોનાના પોહો આતો, યોનાન એલ્યાકીમા
પોહો આતો.
31 એલ્યાકીમ મલેયા પોહો આતો, મલેયા મિન્ના પોહો આતો, મિન્ના
મત્તાતા પોહો આતો, મત્તાત નાતાના પોહો આતો, નાતાન દાઉદ રાજા
પોહો આતો.
32 દાઉદ યિશૈ પોહો આતો, યિશૈ ઓબેદા પોહો આતો, ઓબેદ
બોઆજા પોહો આતો, બોજ સલમોના પોહો આતો, સલમોન નહશોના
પોહો આતો.
33 નહાશોન અમીનાદાબા પોહો આતો, અમીનાદાબ અરનીયા પોહો
આતો, અરનીયા હેસ્રોના પોહો આતો, હેસ્રોન પેરેસા પોહો આતો, પેરેસ
યહૂદા પોહો આતો.
34 યહૂદા યાકૂબા પોહો આતો, યાકૂબ ઈસાકા પોહો આતો, ઈસાક
આબ્રાહામા પોહો આતો, આબ્રાહામ તેરા પોહો આતો, તેર નાહોરા
પોહો આતો.
35 નાહોર સરૂગા પોહો આતો, સરુગ રઉં પોહો આતો, રઉં પેલેગા
પોહો આતો, પેલેગ એબેરા પોહો આતો, એબેર તો શેલા પોહો આતો.

36 શેલા કેનાના પોહો આતો, કેનાન અરફક્ષદા પોહો આતો, અરફક્ષદ
શેમા પોહો આતો, શેમ નોહા પોહો આતો, નોહો લામેખા પોહો આતો.
37 લામેખ મથુશેલા પોહો આતો, મથુશેલ હનોખા પોહો આતો,
હનોખ યારેદા પોહો આતો, યારેદ મહાલાલેલા પોહો આતો, મહાલાલેલ
કેનાના પોહો આતો.
38 કેનાન અનોસા પોહો આતો, અનોસ શેથા પોહો આતો, શેથ
આદામા પોહો આતો, આદામ પોરમેહેરા પોહો આતો.

# 4

## ઈસુવા પરીક્ષા
*(માથ્થી 4:1-11; માર્ક 1:12-13)*

1 પાછા ઈસુ પવિત્ર આત્માકોય બોઆયને, યારદેન નોયે પાયને ફિરી
યેનો, એને પવિત્ર આત્માકોય ચાળહી દિહી લોગુ ઉજાડ જાગામાય
ફિરતો રિયો.
2 એને ચાળહી દિહી સૈતાનાય ઈસુ પરીક્ષા કોઅયી, ચ્યા દિહાહામાય
ઈસુય કાય નાંય ખાદાં એને જોવે દિહી પુરાં ઓઅયા, તોવે ઈસુલ બુખ
લાગી.
3 એને સૈતાનાય ચ્યાપાય યેયન ચ્યાલ આખ્યાં, "જો તું પોરમેહેરા
પોહો ઓરી, તોવે આગના દેયને સાબિત કોઅઇ દે કા યા દોગડા બાખે
બોની જાય કા તું ચ્યેહેલ ખાય હોકે."
4 ઈસુય ચ્યાલ જાવાબ દેનો કા, "પવિત્રશાસ્ત્રમાય લોખલાં હેય, કા
માઅહું કેવળ બાખ્યે કોયજ નાંય જીવે."
5 તોવે સૈતાન ચ્યાલ લેય ગીયો એને યોક ગેડીમાય ચ્યાલ દુનિયામાયને
બોદે રાજ્યે દેખાડયે.
6 એને સૈતાનાય ઈસુલ આખ્યાં, "આંય ઓ બોદો ઓદિકાર એને ઈ
બોદી સુંદરતા તુલ દિહી, કાહાકા ઈ બોદા માન હોપલા હેય, એને જ્યાલ
દાં માગુ ચ્યાલ દેય હોકહુ.
7 યાહાટી, જો તું મા પાગે પોડીન ભક્તિ કોઅહે તે ઈ બોદાંજ તોજ
ઓઅઇ જાય."

8 ઈસુવે જાવાબ દેનો કા, “પવિત્રશાસ્ત્રમાય લોખલાં હેય: તું પ્રભુ
આપહે પોરમેહેરા પાગે પોડ એને કેવળ ચ્યાજ સેવા કોઓ.”
9 પાછે સૈતાન ચ્યાલ યેરૂસાલેમ શેહેરામાય લેય જાયને દેવાળા ઉચે
મેરાવોય ઉબો કોઅયો, એને ચ્યાલ આખ્યાં, “જો તું પોરમેહેરા પોહો
ઓરી, તે તું પોતે નિચે કુદી પોડ.
10 કાહાકા પવિત્રશાસ્ત્રમાય લોખલાં હેય કા, પોરમેહેર ચ્યા હોરગા
દૂતહાલ તોહાટી આગના કોઅરી કા તુલ બોચાવી લેય.
11 એને તો પાગ દોગડાવોય આફળાય નાંય ચ્યાહાટી ચ્યા આથાવોય
જેલી લેઅરી.”
12 ઈસુવે જાવાબ દેનો કા, “પવિત્રશાસ્ત્રમાય ઇબી લોખલાં હેય
લોકહાન આપહે પ્રભુ પોરમેહેરા પરીક્ષા નાંય કોઅરા જોજે.”
13 જોવે સૈતાન બોદી પરીક્ષા પુરી કોઅયી, તોવે તો વાયજ
સોમયાહાટી ચ્યાલ છોડીન જાતો રિયો.

## ઈસુ ગાલીલમાય સેવા
### (માથ્થી *4:12-17;* માર્ક *1:14-15)*

14 એને પવિત્ર આત્મા સામર્થ્યાકોય બોઆયને ઈસુ પાછો ગાલીલ
ભાગામાય ફિરી યેનો, એને આહીપાહીને બોદાજ શેહેરામાય ઈસુ
બારામાય વાત ફેલાઈ ગીયી.
15 ઈસુ ચ્યાહા સોબાયે ઠિકાણે હિકાડે એને બોદે માઅહે ચ્યા
બારામાય વાહવા કોઅતે આતેં.

## નાસરેતમાય ઈસુ નાકાર
### (માથ્થી *13:53-58;* માર્ક *6:1-6)*

16 એને ઈસુ નાજરેતમાય પાછો યેનો, જાં ચ્યા પાલન-પોષણ જાયા,
એને ચ્યા રીતી પરમાણે તો આરામા દિહી સોબાયે ઠિકાણે જાયને
પવિત્રશાસ્ત્ર વાચાહાટી ઉબો જાયો.
17 તોવે ચ્યાહાય યશાયા ભવિષ્યવક્તા ચોપડી ચ્યાલ દેની, એને
ચ્યાય ચોપડી ઉગાડીન ચ્યા જાગો યેનો ચ્યામાય કાડી એહેકોય ઈ
લોખલાં હેય.
18 પોરમેહેરા આત્મા માયેવોય ઉત્યહો, યાહાટી કા ચ્યાય
ગરીબાહાન હારી ખોબાર આખાહાટી અભિષેક કોઅયોહો. બંધનમાય

પોડલાહાન છુટકા દાંહાટી, બોદા આંદળાહાન દેખતા કોઅરાહાટી એને
બોદા દાબાય રોઅલાહાન છોડાવાહાટી ચ્યાય માન દોવાડયોહો.
19 એને પ્રભુવા પ્રસન્ન રોઅના વોરહા ખોબાર કોઉ.

20 તોવે ચ્યાય ચોપડી બંદ કોઇન સેવકા આથામાય દેય દેની, એને
બોહોય ગીયો એને સોબાયે ઠિકાણામાય બોદા ચ્યાએછે એક દીઠ
એઅઇ રીઅલા આતા.
21 એને તો ચ્યાહાન આખતો લાગ્યો કા જેહેકોય તુમા વોનાયે ઈ
પવિત્રશાસ્ત્ર આજેજ પુરાં ઓઅયા.
22 બોદહાલ બોજ હારાં ગોમ્યા એને ચ્યાય જીં મોયાની વાત આખી
ચ્યાવોય ચ્યાહાન નોવાય પામીન આખ્યાં, "કાય ઓ યોસેફા પોહો નાંય
હેય?"
23 ચ્યે ચ્યાહાન આખ્યાં, હાચ્ચાં "તુમા માન એહેકોય આખલા, કા
ઓ ડાકટાર, તું પોતાલ હારો કોઓ! કાપરનાહુમ ગાવામાય ઓલા બોદા
કોઅયા આમા વોનાજે, તી તું ઈહીં આપહે ગાવામાય કોઓ."
24 એને ચ્યે ચ્યાહાન આખ્યાં, "તુમહાન આંય હાચ્ચાં આખતાહાવ
કા, ભવિષ્યવક્તાલ પોતા વોતનામાય કાદો નાંય આદર કોએ.
25 મા વાત વોનાયા, ઈ હાચ્ચાં હેય કા એલીયા ભવિષ્યવક્તા
દિહામાય જોવે હાડાતીન વોરહે લોગુ આકાશામાઅને પાઆય નાંય
યેનો, એને બોદા ઈસરાયેલ દેશામાય મોઠો દુકાળ પોડયો, તોવે
ઈસરાયેલ દેશામાય બોજ વિધવા બાયો આત્યો.
26 તેરુંબી પોરમેહેરાય એલીયાલ ચ્યેહે પાઅને કાદે પાય નાંય
દોવાડયો, બાકી સિદોન શેહેરા સારફત ગાવા યોક ગેર યહૂદી વિધવા
પાય દોવાડયો.
27 એને એલિશા ભવિષ્યવક્તા દિહહામાય ઈસરાયેલ દેશામાય
બોજ કોડળે આતે, બાકી ચ્યાહામાઅને નામાન, જો સિરીયા દેશા યોક
ગેર યહૂદી માટડાલ છોડીન કાદો નાંય હારો જાયો."
28 ઈ વોનાઈન જોલા સોબાયે ઠિકાણામાય આતા, બોદા બોજ
ખિજવાય ગીયા.
29 એને ઉઠીન ચ્યાલ શેહેરા બાઆ ડેકાલતા લેય ગીયા, એને જ્યા
ડોગાવોય ચ્યાહા શેહેર બાંદલા હેય, ચ્યા ડોગા ઉપે લેય ગીયા, ચ્યાહાટી
ચ્યાલ ડેકલી દેયન માઆઇ ટાકાંહાટી.

30 બાકી ઈસુ ઈયાહા વોચમાઅને નિંગીન જાતો રિયો.

## ઈસુ બુત લાગલા માઅહાન હારાં કોઅહે
## *(માર્ક 1:21-28)*

31 પાછે ઈસુ ગાલીલ ભાગા કાપરનાહુમ ગાવામાય ગીયો, એને
આરામા દિહે લોકહાન તો હિકાડતો આતો.
32 ઈયા હિકાડના બારામાય ઈયાહાન નોવાય લાગી કાહાકા તો પુરાં
ઓદિકારવાળા હારકો હિકાડે.
33 સોબાયે ઠિકાણે યોક માઅહું આતા, ઈયાલ બુત લાગલો આતો.
ઈયે બોજ જોરથી બોંબલીન આખ્યાં કા,
34 "ઓ નાજરેત ગાવા ઈસુ, તુલ આમેપાયને કાય જોજે? કાય તું
આમહે નાશ કોઅરાહાટી યેનોહો? આંય તુલ વોળખુહુ તું તે પોરમેહેરા
પવિત્ર માઅહું હેતો."
35 તોવે ઈસુવે ઈયા બુતાલ દોમકાડીન આખ્યાં, ઠાવકોજ રો, એને
ઈયામાઅને બાઆ નિંગી જો, તોવે બુત ઈયાલ વોચમાય પાડી ટાકીન
ઈયા નુકસાન કોઅયા વોગાર ઈયામાઅને નિંગી ગીયો.
36 યાવોય બોદહાન બોજ નોવાય લાગી, એને ઈયા યોકબીજાહાન
વાતો કોઅન આખા લાગ્યેં, "ઈ કાય વાત હેય? કા તો પુરાં ઓદિકારા
એને સામર્થ્યાકોય બુતાલ દોમકાડેહે, એને ઈયે નિંગી જાતહેં."
37 એને ઈયા બારામાય આજુબાજુ શેહેરામાય લોકહાન ખોબાર પોડી
ગીયી.

## સિમોના હાહુ એને જાત-જાત્યા દુખ્યાહાન હારાં કોઅના
## *(માથ્થી 8:14-17; માર્ક 1:29-34)*

38 ઈસુ સોબાયે ઠિકાણા માઅને નિંગીન સિમોના હાહુ બોજ
જોરાવલી આતી તાં ગીયો એને ઈયેહાટી ઈયાહાય ઈયાલ વિનાંતી
કોઅયી.
39 ઈસુવે ઈયે પાહે ઉબો રોયન જોરાલ દોમકાડયા એને ઈયે જોરાં
તારાતુજ ઉતી ગીયા એને તી તારાત ઉઠીન ઈસુ એને ઈયા શિષ્યહા
ગાવાર ચાકરી કોઅતી લાગી.

40 દિહી બુડતા સમયે માઅહે બોજ જાત-જાત્યા દુખ્યાહાન
ઈસુવાપાય લેય યેને એને ચોકા-ચોકાલ આથ લાવીન એ્યે એ્યાહાન હારાં
કોઅયા.
41 એને બોજ માઅહા માઅને બુત નિંગી ગીયા એને બોંબલા લાગ્યા
કા તું પોરમેહેરા પોહો હેય, બાકી ઈસુવે એ્યાહાન દોમકાડયા એને આખા
નાંય દેના, કાહાકા એ્યાહાન ખોબાર આતી કા તો ખ્રિસ્ત હેય.

## ઈસુ ગાલીલમાય સોબાયે ઠિકાણે હારી ખોબાર આખના
## *(માર્ક 1:35-39)*

42 ઉજાળાં ઓઅઇ ગીયા તોવે ઈસુ ગોઅરે નિંગીન ચોક એકાંત
જાગામાય ગીયો, લોકહા ગીરદી એ્યાલ હોદતા યેની એને જોવે મિળ્યો
તોવે એ્યા એ્યાલ આખા લાગ્યા, કા તો એ્યાહાન છોડીન નાંય જાય.
43 બાકી ઈસુવે એ્યાહાન આખ્યાં માન તે બિજા શેહેરાહામાય
પોરમેહેરા રાજ્યા હારી ખોબાર આખના જરુરી હેય, કાહાકા આંય
યાજહાટી પોરમેહેરાપાઅને દોવાડલો ગીઅલો હેય.
44 એને ઈસુ યહૂદીયા વિસ્તારા યહૂદી સોબાયે ઠિકાણે હારી ખોબાર
આખતો આતો.

# 5

## ઈસુવા પેલ્લો શિષ્ય
## *(માથ્થી 4:18-22; માર્ક 1:16-20)*

1 ચોક દિહી ઈસુ ગેનેસારેત દોરિયા મેરાવોય ઉબો રિઅલો આતો,
એને માઅહે પોરમેહેરા વચન વોનાયાંહાટી ગીરદી કોએત એને એ્યાલ
બીચડી રીઅલા આતા, તોવે એહેકોય જાયા,
2 ઈસુય દોરિયા મેરે બેન ઉડયે દેખ્યે, એને માછલે દોઅનારા ઉડીવોયને
ઉતીન માછલે દોઅના જાળ દોવતા આતા.
3 એ્યેહેમાઅને ચોક ઉડી સિમોના આતી, એ્યામાય તો ચોડી ગીયો,
એને ઉડીલ મેરાવોઅને થોડહે લોગુ પાઅયામાય લેય જા એ્યાહાન
આખ્યાં પાછે ઉડીમાય બોહીન લોકહાન હિકાડતો લાગ્યો.
4 જોવે ઈસુ લોકહાઆરે વાત પુરી જાયી તોવે એ્યે સિમોનાલ આખ્યાં,
“ઉડીલ ઉંડા પાઅયામાય લેય જાં દે, એને માછલે દોઅરાંહાટી તો જાળ
ટાક.”

5 સિમોનાય ચ્યાલ આખ્યાં, “ઓ ગુરુજી, આમહાય આખી રાત
મેહનાત કોઅયીહી બાકી કાયજ નાંય દોઅયા; તેબી તું આખતોહો તે
આંય જાળ ટાકુહી”.
6 જોવે સિમોન એને ચ્યા હાંગાત્યાહાય માછલે દોઅના જાળ ટાકી,
તોવે બોજ માછલે ગેરી લેય યેના, એને ઓલે માછલે દોઅયે કા ચ્યાહા
જાળ ફાટી જાંઆ કોએ.
7 ચ્યાહાટી ચ્યાહાય ચ્યાહા હાંગાત્યાહાન જ્યા બિજા ઉડીમાય
આતા, ઈશારો કોઅયો, કા યેયન આમે મોદાત કોઆ, એને ચ્યાહાય
યેયન, બેની ઉડયે ઓલે લોગુ બોઅઇ લેદે કા ચ્યે બુડી જાં કોએત.
8 ઈ એઇન સિમોન પિત્તર ઈસુવાલ પાગે પોડીન બોલ્યો, “પ્રભુ
માયેપાઅને જાતો રો, કાહાકા આંય તે પાપી માઅહું હેતાઉ.”
9 કાહાકા તો એને ચ્યા બોદા હાંગાત્યા દોઅલા માછલાહા ડીગલા
એઇન નોવાય પામી ગીઅલા,
10 એને તેહેકોયજ જબદયા પાહા યાકૂબ એને યોહાનાલ બી, જ્યા
સિમોના ભાગીદાર આતા, ચ્યાહાન નોવાય લાગી તોવે ઈસુવે સિમોનાલ
આખ્યાં, “ગાબારાતો મા, આમી પાછે તું લોકહાન મા શિષ્ય બોનાડેહે.”
11 એને ચ્યા ઉડયેહેન મેરે લેય યેના પાછે ચ્યા માછલે દોઅના છોડીન
ઈસુવા શિષ્ય બોની ગીયા.

## કોડવાળા માઅહું ચોખ્ખો ઓઅયા
## *(માથ્થી 8:1-4; માર્ક 1:40-45)*

12 જોવે ઈસુ તાંઅના યોક શેહેરામાય આતો, એને યોક કોડવાળા
માઅહું યેના એને તો ઈસુવાલ એઇન ડોંગો પોડીન પાગે પોડયો, એને
માગણી કોઅયી કા “ઓ પ્રભુ આંય જાંઅતાહાંવ કા તું તો ઇચ્છાકોય
તું માન ચોખ્ખો કોઇ હોકતોહો.”
13 ઈસુવે આથ લાંબો કોઅયો, એને ચ્યાલ આથ લાવીન ચ્યે આખ્યાં,
“મા ઇચ્છા હેય કા, તું ચોખ્ખો ઓઅઇ જો” એને તારાતુજ તો ચોખ્ખો
ઓઅઇ ગીયો.
14 તોવે ઈસુવે ચ્યાલ ચેતાવણી દેની, “તો કાદાલ એહેકેન આખના
નાંય, કા માયે તુલ હારો કોઅયો બાકી જો એને યાજકાલ દેખાડ એને તું

ચોખ્ખો ઓઅઇ ગીયો, ચ્યા બારામાય મૂસાય આગના કોઇન આખહી
તી બેટ આઈન દે, ચ્યા લોકહા સાબિત્યે હાટી.”
15 બાકી ઈસુવા બારામાય વાત આજુ બોજ જાગે ખોબાર પોડી
ગીયી, એને મોઠી ગીરદી ચ્યાપાઅને વોનાયા હાટી એને પોતાના
દુ:ખહામાઅને હારાં ઓઅઇ જાંહાટી ચ્યાપાય બેગે જાયે.
16 બાકી તો ઉજાડ જાગામાય એકાંતમાય જાયન પ્રાર્થના કોઅતો
આતો.

### ઈસુ ચોક લખવાવાળા માઅહાન હારાં કોઅયા
### *(માથ્થી 9:1-8; માર્ક 2:1-12)*

17 એને ચોક દિહી ઈસુ હિકાડે તોવે પોરૂષી લોક એને મૂસા નિયમ
હિકાડનારા ગુરુ બોઠલા આતા, જ્યા ગાલીલ ભાગા એને યહૂદીયા
વિસ્તારા બોદા ગાવહામાઅને એને યેરૂસાલેમ શેહેરામાઅને તાં યેનલે
આતેં એને હારાં કોઅરાહાટી પ્રભુવા સામર્થ્ય ઈસુવાઆરે આતાં.
18 એને એરા, કોલહાક લોક ચોક લખવાવાળા માઅહું આતા, ચ્યાલ
ખાટલાવોય હુવાડીન લેય યેના, એને ચ્યા ચ્યાલ ઈસુ આતો ચ્યા ગોઅમે
ઈસુ હોમ્મે લેય જાંહાટી યુક્તિ કોઅતા આતા.
19 બાકી ગીરદી લેદે ચ્યાલ ગોઅમે નાંય લેય જાય હોક્યા,
ચ્યાહાટી ચ્યાહાય ગોઆ ઉચે ચોડીન સિવલાં ગુઉ ખોળી ટાક્યા એને
બોગારામાયને લખવાવાળાલ ખાટલાહાતે ઈસુવા હામ્મે ઉતાડી દેનો.
20 ઈસુવે, જાંઅયા કા ચ્યા માયેવોય બોરહો થોવતાહા, તોવે ઈસુવે
ચ્યાલ આખ્યાં, “ઓ બાહા, તો પાપહાલ આંય માફ કોઅતાહાંવ.”
21 તોવે પોરૂષી લોક એને મૂસા નિયમ હિકાડનારા ગુરુ વિચાર કોઅતા
લાગ્યા, “ઓ કું હેય જો પોરમેહેરા નિંદા કોઅહે, કાય એલાલ નાંય
ખોબાર હેય કા પોરમેહેરુજ પાપ માફ કોઅઇ હોકહે?”
22 બાકી ઈસુવે ચ્યાહા મોના વિચાર જાંઆઈન આખ્યાં, “તુમહે
મોનામાય કાહા ખારાબ વિચાર કોઅતાહા?
23 કાય ઈ આખના હેલ્લા હેય? ‘તો પાપ માફ ઓઈ ગીયા’ કા ઈ
આખના હેલ્લા હેય ઉઠ ચાલા લાગ?
24 બાકી તુમહાન માલુમ ઓઅરા જોજે કા માન એટલે માઅહા
પોહાલ દોરત્યેવોય લોકહા પાપ માફ કોઅના બી ઓદિકાર હેય.”

આહાટી ઈસુય લખવાવાળા માઅહાન આખ્યાં. "તુલ આંય
આખતાહાવ, ઉઠ, તો ખાટલા લેઈને ગોઓ જો."
25 તારાત તો બોદહા દેખતા ઉબો ઓઈ ગીયો, એને જી ખાટલાવોય
હૂવી રોઅલો આતો તી લેઈને, પોરમેહેરા સ્તુતિ કોઅતો પોતાના ગોઓ
ગીયો.
26 તોવે બોદહાન બોજ નોવાય લાગી, એને પોરમેહેરા સ્તુતિ આખતા
લાગ્યા આ બોદા બી ગીયા એને આખ્યાં, "આજે આમહાય અજાબ
વાતો દેખી."

### માથ્થીયા તેડા
*(માથ્થી 9:9-13; માર્ક 2:13-17)*

27 એને પાછે ઈસુ તાઅને બાઆ ગીયો, એને લેવી નાંવા કર લેનારાલ
જકાત નાકાવોય બોઠલો દેખ્યો, એને આલ આખ્યાં, "મા શિષ્ય બોન."
28 તોવે તો કર લેઅના છોડીન, ઈસુવા શિષ્ય બોની ગીયો.

### પાપી લોકહાઆરે ખાઅના ખાહે

29 એને લેવીય આ ગોઅમે યોક મોઠા જેવાણ થોવ્યા; એને કર
લેનારા એને બિજા લોક જ્યા આહા હાતે ખાં બોઠલા આતા યોક મોઠી
ગીરદી આતી.
30 તોવે પોરૂષી લોક એને મૂસા નિયમ હિકાડનારા ગુરુ ઈસુ શિષ્યહાન
ઈ આખીન ટુટારતા લાગ્યા કા, "તુમા કર લેનારાહા આરે એને પાપી
લોકહાઆરે કાહા ખાતહા?"
31 તોવે ઈસુવે જાવાબ દેનો કા, "જ્યેં હારેં હેતેં આહાન ડાકટારા
ગોરાજ નાંય રોય, બાકી જ્યેં દુખ્યેં હેતેં આહાન ગોરાજ હેય.
32 આંય પોતે ન્યાયી માનતાહા આ લોકહાન નાંય, બાકી પાપ્યાહાન
બોચાવાં યેનોહો."

### ઉપહા બારામાય સાવાલ

33 બાકી આહાય આલ આખ્યાં, "યોહાના શિષ્ય બોજદા ઉપહા
એને પ્રાર્થના કોઅતાહા, એને પોરૂષી લોકબી, બાકી તો શિષ્ય ઉપહા
નાંય કોએ."
34 તોવે ઈસુવે જાવાબ દેનો, "મા શિષ્ય એને આંય વોવડા એને
દોસ્તારા હારકા હેતા, જાવ લોગુ વોવડો આહા હાતે રોય, તાંવ લોગુ
આ ઉપહા કોઇ હોકતાહા?

35 બાકી ચ્યાહા પાયને વોવડો લેવાય જાય, ઓહડા દિહી યી તોદિહી
ઉપહા કોઅરી."
36 ઈસુવે ચ્યાહાન આજુ યોક દાખલો આખ્યો કા; "માઅહે નોવા
ફાડકા માઅને ઠિગળા કાતરીન જુના ફાડકા આરે નાંય હિવેત એહેકોય
તે નોવા ફાડકા ચંડળાય જાય, એને જુના ફાડકામાય નોવા ઠિગળા મેળ
નાંય બોહે.
37 એને માઅહે નોવો દારાખા રોહો જુના ચાંબડા ઠેલ્યેમાય નાંય
બોએત એહેકેન કોઇન દારાખા રોહો થોવે તે તી ઠેલી ફાટી જાય, એને
દારાખા રોહો વેરાય જાય.
38 બાકી નોવો દારાખા રોહો નોવ્યે ઠેલ્યેમાયજ બોઅતેહેં.
39 એને માઅહે જુનો દારાખા રોહો પીયને પાછે નોવો દારાખા રોહો
કાદો નાંય માગે, કાહાકા જૂનોજ હારો હેય, એહેકોય આખતેહે."

# 6

## ઈસુ આરામા પ્રભુ
*(માથ્થી 12:1-8; માર્ક 2:23-28)*

1 યોક આરામા દિહી ઈસુ એને ચ્યા શિષ્ય રાનામાઅને જાતા આતા,
તોવે શિષ્ય કોઅહે પેંદીન આથામાય ચોળીન ખાતા આતા.
2 તોવે પોરૂષી લોકહામાઅને કોલહાક આખા લાગ્યા, "તુમા તી કામ
કાહા કોઅતાહા જીં આરામા દિહી કોઅના આમે નિયમા વિરુદ હેય."
3 ઈસુવે ચ્યાહાન જવાબ દેનો, "કાય તુમહાય નાંય વાચ્યાહાં, કા
દાઉદ રાજાય, જોવે ચ્યા હાંગાત્યાહાન બુખ લાગી તોવે કાય કોઅયા?
4 તોવે તો કેહેકેન પોરમેહેરા માંડવામાય ગીયો, એને બેટ ચોડાવલ્યો
બાખ્યો લેઈને ખાદ્યો, જ્યો યોખલા યાજકથી ખાવાય ચ્યો ચ્યે ખાદ્યો,
એને હાંગાતિયાહાન બી દેન્યો?"
5 એને ઈસુવે ચ્યાહાન આખ્યાં, "માન, માઅહા પોહાલ આરામા
દિહાવોય બી ઓદિકાર હેય."

## આથ ઉખાય ગીઅલા માઅહાલ હારો કોઅહે
*(માથ્થી 12:9-14; માર્ક 3:1-6)*

6 એહેકોય જાયા કા બિજા આરામા દિહી તો, સોબાયે ઠિકાણે જાયને
હિકાડાં લાગ્યો; તાં યોક માઅહું આતા, ચ્યા જમણો આથ ઉખાય
ગીઅલો આતો.
7 મૂસા નિયમ હિકાડનારા ગુરુ એને પોરૂષી લોક ઈસુવાવોય દોષ
લાવાહાટી ટુંગી રીઅલા આતા, કા ઈસુ આરામા દિહી હારો કોઅહે કા
નાંય.
8 બાકી ઈસુ ચ્યાહા વિચાર જાંઅતો આતો ચ્યાહાટી આથ ઉખાય
ગીઅલા માઅહાલ ઈસુવે આખ્યાં, "ઉઠ એને વોચમાય ઉબો રો" તો
ઉઠીન ઉબો રિયો.
9 ઈસુવે ચ્યાહાન આખ્યાં કા, "કાય આરામા દિહી હારાં કામ કોઅના
હારાં હેય કા ખારાબ કામ કોઅના, કાદા જીવ બોચાવના હારાં હેય કા
માઆઇ ટાકના?"
10 તોવે ઈસુવે ચારીચોમખી ચ્યા બોદહાન ફિરી એઇન આથ ઉખાય
ગીઅલા માઅહાલ આખ્યાં "તો આથ લાંબો કોઓ" ચ્યે તેહેકોય
કોઅયા તોવે ચ્યા આથ હારો ઓઈ ગીયો.
11 બાકી ચ્યા વાયજ દુઉ જાયને યોકબીજાઆરે વાત કોઅતા લાગ્યા
કા આમી આપા ઈસુઆરે કાય કોઅતા?

## બાર શિષ્યહાન નિવાડના
### *(માથ્થી 10:1-4; માર્ક 3:13-19)*

12 ચ્યા દિહાહામાય ઈસુ પ્રાર્થના કોઅરાહાટી યોકા ડોંગાવોય ચોડી
ગીયો, એને આખી રાત પોરમેહેરાલ પ્રાર્થના કોઅનામાય કાડી.
13 જોવે દિહી નિંગ્યો, તોવે યેનો એને શિષ્યહાન પાહી હાદ્યા એને
ચ્યાહામાઅને બાર જાંઆહાન નિવડયા એને ચ્યાહાન ચ્યે "પ્રેષિત"
આખ્યાં.
14 એને ચ્યા યા હેતા: સિમોન જ્યા નાંવ પિત્તર થોવ્યા ચ્યા બાહા
આંદ્રિયાસ, એને યાકૂબ, યોહાન એને ફિલિપ એને બારતોલોમી,
15 એને માથ્થી એને થોમા એને અલફિયા પોહો યાકૂબ એને સિમોન
જ્યાલ જેલોતોસ આખે.
16 એને યાકૂબા પોહો યહૂદા એને યહૂદા ઇસ્કારીયોત જો ઈસુવાલ
દોઈ દેનારો બોન્યો.

## ઈસુવા હિકાડના એને દુઃખામાઅને હારાં કોઅના
## *(માથ્થી 4:23-25; 5:1-12)*

17 તોવે તો ચ્યાઆરે ડોંગાવોયને નિચે ઉત્યો, એને ચોક હારકા
દાદરામાય ઉબો રિયો એને ચ્યાઆરે શિષ્યહા મોઠો ટોળો આતો, એને
બોદા યહૂદીયા વિસ્તારા, યેરૂસાલેમ શેહેરા સુર એને સિદોન શેહેરા એને
દોરિયા મેરાવોય રોનારા લોકહા મોઠો ટોળો,
18 જ્યા ચ્યાપાય વોનાયા એને દુઃખામાઅને હારેં ઓઅરાહાટી
યેનલા, એને બુત લાગલે માઅહેબી હારેં ઓઅઇ જાતે આતેં.
19 બોદાજ લોક ચ્યાલ આથ લાવાં હોદે, કાહાકા ચ્યામાઅને ઓહડા
સામર્થ્ય નિંગતા આતા કા બોદહાન હારેં કોઅતા આતા.

### ધન્ય વચન

20 તોવે ચ્યે શિષ્યહા એછે એઇન આખ્યાં, "ધન્ય હેય તુમા, જ્યેં
ગોરીબ હેય, કાહાકા પોરમેહેરા રાજ્ય તુમહે હેય.
21 ધન્ય હેય તુમા, જ્યેં બુખે હેય, કાહાકા તુમા દારાયન મોરસાય
જાહા. ધન્ય હેય તુમા, જ્યા આમી રોડતાહા, કાહાકા તુમા ઓહાહા.
22 ધન્ય હેય તુમા, માઅહા પોહા લેદે તુમહેઆરે દુશ્માની કોઅરી,
એને સોબાચે ઠિકાણા માઅને બાઆ કાડી દેઅરી, એને નિંદા કોઅરી,
એને તુમહાન ખારાબ જુઠા હોમજીન નાંવ ખોડી ટાકી."
23 "ચ્ચે દિહી તુમા આનંદામાય કુદજા, કાહાકા એઆ, તુમહે
કોરે હોરગામાય મોઠો ઇનામ હેય; કાહાકા ચ્યાહા આગલ્યાડાયા બી
ભવિષ્યવક્તા આરે એહેંજ કોઅયા કોએત."

### દુઃખા વચન

24 "બાકી જ્યા માલદાર હેતા તુમહેવોય હાય, કાહાકા તુમાહાલ
પેલ્લાજ પુરો આરામ મિળી ગીયો."
25 "હાય તુમહાવોય, જ્યા આમી ભરપુરીકોય ખાતહા, કાહાકા તુમા
બુખા રાહા. હાય તુમહાવોય, જ્યા આમી ઓહતાહા, કાહાકા તુમા
રોડહા એને કોકળાહા."
26 "હાય તુમહાવોય, જોવે બોદે માઅહે તુમહાન હારેં બોલી, કાહાકા
તુમહે આગલ્યા ડાયહાય બી જુઠા ભવિષ્યવક્તાહા વાહવા કોઅયી."

### દુશ્મામાનાહાવોય પ્રેમ કોઅના
*(માથ્થી 5:38-48; 7:12)*

27 “બાકી આંય વોનાનારાહાલ આખહુ, કા તુમા દુશ્માનાહાવોય પ્રેમ
કોઆ; જો તુમહેઆરે દુશ્માની કોઅરી, ચ્યાહા હારાં કોઆ.
28 જો તુમહાન હારાપ દેય, ચ્યાલ બોરકાત દા, જો તુમહે નિંદા
કોઅરી, ચ્યાહાહાટી પ્રાર્થના કોઆ.
29 જો તો ચોકા ગાલાવોય થાપડે કોઇન ઠોકે, તે બિજો ગાલ બી
ફીરવી દે; જી માઅહું તો ડોગલેં લેય તોવે તો ફાડકે બાકી મા રાખતો.
30 જો કાદો તોપાય માગે, ચ્યાલ દે, એને જી વસ્તુ તો પાયને પેચકી
લેય જાય, તી પાછા નાંય માગતો.
31 એને બિજા લોક તુમહેઆરે જેહેકોય રા જોજે ઓહડી તુમહે
ઇચ્છા ઓરીતે, તુમાબી ચ્યાહાઆરે તેહેંજ કોઆ.
32 કાહાકા જો તું તો પ્રેમ રાખનારાવોય પ્રેમ રાખહે તોવે તુમહાય કાય
હારાં કોઅયા? પાપી માઅહું બી પ્રેમ રાખનારાવોય પ્રેમ રાખહે.
33 એને તુમા જોવે તુમહાન હારાં કોઅનારાહાન તુમા હારાં
કોઅતાહા, તોવે કાય હારાં કોઅયા? પાપી માઅહેબી એહકોયજ
કોઅતેહે.
34 એને જ્યાહા પાયને પાછા મિળના આશા રાખતાહા ચ્યાહાનુજ
તુમા ઉછના દેતાહા, તોવે કાય તુમહે હારાં ઓએ? કાહાકા પાપી
માઅહેબી પાપ્યાહાન ઉછના દેતહેં ચ્યાહાટી તોલાંજ પાછા લાંહાટી.
35 બાકી તુમહે દુશ્મનાહા વોય પ્રેમ કોઆ, એને ભલા કોઆ, એને
બોદલે એને પાછા મિળના આશા રાખ્યા વોગાર ઉછના દિયા, એને
તુમહેહાટી મોઠા ફળ ઓઅરી, એને તુમા પરમપ્રધાન પોરમેહેરા પાહા
બોનહા, કાહાકા તો જ્યા લોક ધન્યવાદ નાંય કોએ એને ખારાબ
લોકહાવોય બી દયાળુ હેય.
36 જેહેકોય તુમહે આબો દયા કોઅહે, તેહેકોય તુમાબી દયા કોઆ.

### દોષ નાંય લાવના
*(માથ્થી 7:1-5)*

37 તુમા બીજહાવોય દોષ મા થોવહા, યાહાટી કા તુમાહાવોય બી
કાદો દોષ નાંય થોવે. કાદાલ દોષી મા ઠોરવાહા તે પોરમેહેર તુમહાનબી
દોષી નાંય ઠોરવી. માફ કોઆ, તે પોરમેહેર તુમહાનબી માફ કોઅરી.
38 તુમા દા, તે પોરમેહેર તુમહાનબી બોઓઈન એને ઠેસીન એને
દાબીન એને ઉબરાઈન દી; કાહાકા જ્યા પરમાણે, તુમા બીજહા ન્યાય
કોઅતાહા, તેહેકોયજ પોરમેહેર બી તુમહે ન્યાય કોઅરી."
39 પાછી ઈસુય ચ્યાહાલ યોક દાખલો હોમજાડયો; એલા આંદળા
વાટ દેખાડનારા હેતા, જોવે આંદળા આંદળાલ લેય જાય તોવે બેની
ખાડામાય પોડી.
40 શિષ્ય પોતાના ગુરુઆ કોઅતા મોઠા નાંય બોને; બાકી જ્યા
બોણના પુરાં ઓઅચ, તો ગુરુવા હારકો રોય.
41 તું તો બાહા પાપ કાહા એઅતોહો, જોવે તો જીવનમાય યોક મોઠા
પાપ હેય જો તો ડોળામાય હુકળા હારકો હેય.
42 એને તોજ માય મોઠા પાપ હેય તે તુલ બિજા પાપ કોઅનારા
માઅહાલ દોષ લાવાં નાંય જોજે. ઓ ડોંગ્યા, પેલ્લા તો મોઠા પાપ
હુદરાવી લે, તોવે તું તો બાહા પાપ હુદરાવા મોદાત કોઇ હોકતોહો.

### જોહડા જાડ તોહડા ફળ
*(માથ્થી 7:17-20; 12:34-35)*

43 હારાં જાડાલ નોકામ્યે ફળે નાંય લાગેત, નાંય નોકામ્યા જાડાલ હારેં
ફળે લાગેત.
44 કાહાકા જાડ ચ્યા ફળ કોય વોળખાયેહે, કાટાહા જાડાહા પાયને
અંજીર નાંય તોડેત, એને જેખરાહામાયને દારાખેં નાંય મીળેત.
45 હારાં માઅહું મોના હારાં ભંડારા માઅને હાર્યો વાતો કાડહે, એને
જુઠા માઅહું જુઠા ભંડારામાયને જુઠયો વાતો કાડહે. કાહાકા જીં
મોનામાય બોઅલાં હેય, તીંજ વાત માઅહું બોલહે.

### ગુઉ બોનાડનારે બેન માઅહે
*(માથ્થી 7:24-27)*

46 "જોવે તુમા મા આખલ્યા નાંય માનેત, તો માન 'ઓ પ્રભુ, ઓ પ્રભુ'
કાહા આખ્યાં કોઅતાહા?

47 જો કાદો માપાય યેહે, એને મા વાત વોનાયને માની લેહે, આંય
તુમહાન આખતાહાવ કા તો કા હારકો હેય.
48 તો યા માઅહા હારકો હેય, જ્યાંય ગુઉ બાંદતી સમયે ઉંડે પાયો
ખોદીન ખોલકાડાવોય પાયો બાંદ્યો, એને જોવે નોયાડો યેનો તોવે ચ્યા
ગોઆ આરે લાગ્યો, બાકી ચ્યાલ આલવી નાંય હોક્યા, કાહાકા ચ્યા
પાયો પાક્કો આતો.
49 બાકી જો કાદો મા વોનાયને નાંય પાળે, તો ચ્યા માઅહા હારકો
હેય, જ્યાંય દોરતીવોય વોગાર પાયા ગુઉ બાંદ્યા. પાછે પાંઈ પોડયો,
નોયાડો યેનો, એને ચ્યા ગોઆલ જાઈ ઠોકાઈયે, તોવે તી તારાત ટુટી
પોડીન બોદા નાશ ઓઅઇ ગીયા."

# 7

## જોમાદારા બોરાહાવોય ઈસુ નોવાય પામના
## *(માથ્થી 8:5-13; યોહા. 4:43-54)*

1 જોવે ઈસુ લોકહાન ચ્યો બોદ્યો વાતો આખી ચુક્યો, પાછે
કાપરનાહુમ ગાવામાય ગીયો.
2 તોવે યોક જોમાદાર આતો, ચ્યા યોક વાહલો ચાકાર બોજ બિમાર
પોડી ગીયેલ તો મોઅના અણ્યેવોય આતો.
3 ચ્યે ઈસુવા બારામાય વોનાયને યહૂદીયા કોલહાક આગેવાન
ઈસુવાલ ઈ વિનાંતી કોઅરાહાટી ઈસુવાપાય દોવાડયા, કા તો યેયન મા
ચાકરાલ બોચાવ કોએ.
4 ચ્યા ઈસુવાપાય યેના, એને ચ્યાલ બોજ રાવ્યાં કોઇન આખા
લાગ્યા, ચ્યાહાટી તો ઓલહાં કામ કોએ, કા તું ચ્યાહાટી ઈ કામ કોઓ.
5 કાહાકા તો આપહે જાત્યેવોય પ્રેમ રાખહે, એને ચ્યાયજ
આપહેહાટી સોબાયે ઠિકાણાલ બી બોનાડલા હેય.
6 ઈસુ ચ્યાહાઆરે-આરે ગીયો, જોવે ચ્યા ગોઆપાય યેના, તોવે
જોમાદારાય ચ્યાલ કોલહાક હાંગાત્યાકોય આખી દોવાડયા, ઓ પ્રભુ,
તું આબદા મા કોઅહે, આંય યા લાયકે નાંય હેય, કા તુમા ગોઅમે યેય.
7 યા લીદે પોતાલ આંય લાયકે બી નાંય હોમજયો કા, તો પાહે યા,
બાકી શબ્દ આખી દે, તે મા ચાકાર હારો ઓઅઇ જાઅરી.

8 કાહાકા આંયબી બિજા ઓદિકારા તાબામાઅને માઅહું હેતાંવ,
એને મા તાબામાંય સિપાડાહા યોક ટુકડી હેય, એને જોવે આંય યોકાલ
આખતાહાવ, જો, તોવે તો જાહાય, એને બિજાલ આખતાહાવ, યે,
તોવે તો યેહે, એને જોવે મા ચાકારાલ આખતાહાવ, ઈ કોઅો, તોવે તો
ચ્યાલ કોઅહે.
9 ઈ વોનાઈન ઈસુવાલ નોવાય લાગી, એને જીં ઈસુ પાહલા ગીરદી
યેય રિઅલી આતી ચ્યાહાન આખ્યાં કા, "આંય તુમહાન હાચ્ચાંજ
આખતાહાવ, કા માયે ઈસરાયેલ દેશામાય બી યોક ઓહડો માઅહું નાંય
મિળ્યો, જો યહૂદ્યા હારકો માયેવોય બોરહો કોઅતો હેય."
10 જયાહાલ દોવાડલા ચ્યા લોકહાય ગોઓ યેયન દેખ્યાકા તો ચાકાર
હારો ઓઈ ગીયહો.

## વિધવા પોહો મોઅલાહામાઅને જીવતો જાયો

11 વોછા દિહાહા પાછે ઈસુ નાઈન નાંવા યોક ગાવામાય ગીયો ચ્યા
શિષ્ય એને બોજ મોઠો ટોળો ચ્યા પાછલા જાતો આતો.
12 જોવે તો ચ્યા ગાવા ફાટકેપાય યેય પોઅચ્યો, તોવે માઅહે યોક
મોઅલા મુરદાલ બાઆ લેય જાતે આતેં, જો પોતાના આયહે યોકનેયોક
પોહો આતો એને તી વિધવા બાય આતી, એને ગાવા બોજ લોક
ચ્યાહાઆરે આતા.
13 ચ્યેલ દેખીન પ્રભુલ દયા યેની, એને ચ્યાય આખ્યાં, "રોડહે મા."
14 તોવે ઈસુય પાહાય જાયને મુરદાં ખાટલાલ આથ લાવ્યો, એને
ખાંદિયા ઉબા રોય ગીયા તોવે ચ્યે આખ્યાં, "ઓ જુવાન, આંય તુલ
આખહુ, ઉઠ!"
15 તારાત તો મોઅલો જુવાન ઉઠીન બોઠો, ને બોલતો લાગ્યો એને
ચ્યે ચ્યા આયહેલ દેય દેનો.
16 તોવે બોદા લોક નોવાય પામી ગીયા, એને પોરમેહેરા સ્તુતિ કોઇન
આખતા લાગ્યા, "આપહે વોચમાય યોક મોઠો ભવિષ્યવક્તા ઉબો
જાયહો, એને પોરમેહેર ચ્યા લોકહાન દેખભાલ કોઅરા યેનહો."
17 એને ઈસુવા બારામાય ઈ વાત યહૂદીયા વિસ્તારામાય એને ચ્યા
આહીપાહીને બોદા દેશામાય ખોબાર પોડી ગીયી.

## બાપતિસ્મા દેનારા યોહાના સાવાલ
*(માથ્થી 11:2-19)*

18 બાપતિસ્મા દેનારા યોહાનાલ શિષ્યહાય યે બોદી વાતહે ખોબાર
દેની.
19 તોવે યોહાન્ બાપતિસ્મા દેનારાય ઈયા બેન્ શિષ્યહાન્ હાદિન
ઈસુવાપાય પુછા દોવાડયા કા, "કાય તુંજ ખ્રિસ્ત હેય, જયાલ દોવાડના
વાયદો પોરમેહેરાય કોઅલો આતો, કા આમા યોકતા બિજા વાટ
જોવજે?"
20 ઈયા શિષ્ય ઈસુવાપાય યેના તોવે ઈયાહાય આખ્યાં, "આમહાન
યોહાન બાપતિસ્મા દેનારાય તુલ પુછા દોવાડયાહા, કા કાય તુંજ ખ્રિસ્ત
હેય, જયાલ દોવાડના વાયદો પોરમેહેરાય કોઅલો આતો, કા આમા
યોકતા બિજા વાટ જોવજે?"
21 ઈયેજ ગેડીયે ઈસુવે બોજ લોકહાન બિમારીમાઅને એને
દુઃખહામાઅને એને બુતા તાબામાઅને છોડાવ્યા એને બોજ
આંદળાહાન દેખતા કોઅયા.
22 ઈસુય ઈયાહાન આખ્યાં, "જો કાય તુમહાય દેખ્યાં એને વોનાયાહા,
જાયને યોહાનાલ આખજા; કા આંદળે દેખતેહે એને લેંગડે ચાલતેહે
ફીરતેહે, કોડળેં ચોખ્ખેં કોઅવામાય યેતહે એને બોઅરે વોનાતેહે, મોઅલે
જીવતે કોઅલે જાતહેં, એને ગોરીબાહાલ હારી ખોબાર આખવામાય
યેહે.
23 એને ધન્ય હેય જો, માયેવોય શંકા નાંય કોએ."
24 જોવે યોહાના પાયને દોવાડલા લોક તાઅને જાતા રિયા, તોવે ઈસુ
યોહાના બારામાય લોકહાન આખતો લાગ્યો કા, તુમા ઉજાડ જાગામાય
કાય એરાહાટી ગીઅલે? કાય વારાકોય આલનારા બુરળ્યા?
25 તે તુમા કાય એરા ગીઅલે? કાય મોઅગેં ફાડકે પોવલા લોકહાન
કા? એઆ, એને સુખમાય જીવનારા, ઈયા રાજમેહેલામાય રોતહા.
26 તે તુમા કાય એરા ગીઅલે? કાય ભવિષ્યવક્તાલ કા? હાં, આંય
તુમહાન આખહુ, જો ભવિષ્યવક્તા કોઅતો મોઠો હેય.
27 એને તો હેય, જયા બારામાય લોખલાં હેય, "એએ તો પેલ્લા આંય
આપહે સંદેશ લેય યેનારા દૂતાન દોવાડતાહાવ, તો, તો પેલ્લા તોહાટી
વાટ તિયાર કોઅરી."

28 તુમહાન આંય આખતાહાવ, કા જ્યા થેએયેથી જોન્માલ યેનલા
હેય, ચ્યાહામાઅને યોહાન બાપતિસ્મા દેનારા કોઅતા કાદો મોઠો નાંય,
તેરુંબી પોરમેહેરા રાજ્યામાય જો વાહનામાય વાહનો રોય, તો ચ્યા
કોઅતો મોઠો હેય.
29 જોવે ચ્યાહાય ઈસુ આખલ્યા વોનાયા, તોવે બોદા લોકહાય એને
કર લેનારાહાય બી યોહાના પાયને બાપતિસ્મા લેયને પોરમેહેરાલ હાચ્ચો
માની લેદો.
30 બાકી પોરૂષી લોક એને મૂસા નિયમ હિકાડનારા ગુરુહુય યોહાના
પાયને બાપતિસ્મા નાંય લેદા, એને પોરમેહેરા ઇચ્છાલ, ગોણત્રી નાંય
કોઅઇ.
31 બાકી ઈ પીડી કોહડી હેય?
32 ઈ પીડી ચ્યા પાહહા હારકી હેય જ્યા આટામાય બોહીન
હાંગાતિયાન હાત કોઇન આખતાહા. આમહાય તુમહેહાટી વોરાડા ગીતે
આખ્યે એને તુમા નાચ્યા નાંય, આમહાય રોડના ગીતે આખ્યે, બાકી તુમા
નાંય રોડયા.
33 કાહાકા જોવે યોહાન બાપતિસ્મા દેનારો યેનો તોવે તો બોજ ઉપહા
કોઅતો આતો, એને દારવા નાંય પિતો આતો, એને તુમહાય આખ્યાં,
ચ્યામાય બુતા આત્મા હેય.
34 બાકી જોવે આંય, માઅહા પોહો ખાતો પિતો યેનો, તો તુમા
આખતા લાગ્યા “એઆ, તો ખાદાડ એને પિદાડ માઅહું, કર લેનારાહા
એને પાપી લોકહા હાંગાત્યો હેય.
35 તેરુંબી માઅહા કામહાકોય સાબિત ઓઅહે કા જ્ઞાની કું હેય?”

## ઈસુ ચ્યા પોરૂષીયા ગોઓ

36 પાછે કાદા પોરૂષીય ચ્યાલ વિનાંતી કોઅઇ કા મા આરે ખાજે; ઈસુ
ચ્યા પોરૂષીયા ગોઓ જાયને ખાં બોઠો.
37 ચ્યા ગાવામાઅને યોક પાપી બાઈ ઈ જાઇન કા ઈસુ યોક
પોરૂષીયાહી ખાં બોઠો, ઓલહામાય તી બાય સંગેમરમર દોગડા
બોનાવલી યોક બાટલીમાય મોઅગાં અત્તાર લેય યેની.
38 એને ચ્યા પાગહાપાય, પાછાડી ઉબી રોયન રોડતી ઈસુ પાગહાલ
આહાંવાહાં કોય બીજવી કાડયા, એને ચ્યે ટોલપ્યે કિહહા કોઇન નુંહરા

લાગી એને ચ્યા પાગહાલ પાછા-પાછા ચૂમીને ઈસુ પાગહાવોય અત્તાર
લાવ્યાં.
39 ઈ દેખીન, જ્યેં પોરૂષીય ઈસુલ ખાં હાદ્યેલ, તો મોનામાય વિચાર
કોઅરા લાગ્યો, “જો ઓ ભવિષ્યવક્તો રોતો તે જાંઆઈ જાતો કા ઈ
જી ચ્યાલ આથ લાવી, રીયહી તી કું એને કોહડી બાય હેય, કાહાકા તી
તે પાપી બાય આતી.”
40 ઈસુવે ચ્યા વિચાર હોમજીન જાવાબ દેના, “ઓ સિમોન, માન તુલ
કાય આખના હેતા” તો બોલ્યો, “ઓ ગુરુજી, આખ.”
41 ઈસુય ઓ દાખલો દેનો, “ચોકા દોણ્યા બેન કર્જદાર આતા ચોકા
પાય પાચહોવ (પ હોવ દીનાર એટલે ૫૦૦ દિહાહા કામાણી ઓઅહે)
એને બિજા પાય પોચહા દીનાર આતા.
42 જોવે ચ્યાહાવોય કર્જા ચૂકવા હાટી નાંય રોયા, યાહાટી દોણ્યાય
ચ્યાહા બેનહયા કર્જા માફ કોઇ દેના, તોવે ચ્યા બેન જાઅહામાઅને કું
ચ્યાવોય વોદારે પ્રેમ રાખરી?”
43 સિમોનાય જાવાબ દેનો, “મા રીતે, જ્યા વોદારે કર્જા માફ
કોઅયા.” તોજ, ઈસુવે ચ્યાહાન આખ્યાં, “તુયે હાચ્ચો જાવાબ દેનો.”
44 પાછે ચ્યે બાયે એછે ફિરીન ઈસુય સિમોનાલ આખ્યાં, “યે બાઈલ
તુયે દેખી કા? આંય તો ગોઓ યેનો, તેરુ તુયે પોતાના રીતે નુસાર માન
પાગ દોવાં પાઆઈ નાંય દેના, બાકી યે બાયે આહાંવાહાં કોઇન મા પાગ
બીજવી દેના, એને ચ્યે કિહીહયાકોય નુંહયા.
45 તુયે માન નાંય ચૂમ્યા બાકી આંય જોવાળ્યો યેનો તોવાળ્યો ચ્યે મા
પાગહાલ ચુમના નાંય છોડયા.
46 તુયે મા ટોલપાલ તેલ બી નાંય લાવ્યાં, બાકી યે બાયે મા પાગહાલ
અત્તાર લાવ્યહા.
47 યાહાટી આંય તુલ આખતાહાવ કા, યે બોજ પાપ કોઅલા આતા,
તી માફ જાયા, કાહાકા ચ્યે બોજ પ્રેમ કોઅયા; બાકી જ્યા ઓછા માફ
ઓઅયાહા, તીં ઓછીજ દયા રાખી.”
48 “એને ચ્યેય બાયેલ આખ્યાં, તો પાપ માફ જાયા.”
49 તોવે જ્યા લોક ચ્યાઆરે ખાં બોઠલા, ચ્યા ચ્યાહા ચ્યાહાજ
મોનામાય વિચાર કોઅરા લાગ્યા, “ઓ કું હેય, કા જો પાપહા બી માફી
દેહે?”

50 બાકી ઈસુય ઈ બાયેલ આખ્યાં કા, "પોરમેહેરાય તુલ બોચાવી
લેદલી હેય કાહાકા તુયે માયેવોય બોરહો કોઅયો. તું આમી શાંતીકોય
જાતી રો."

# 8

## ઈસુવા હિકાડના

1 ઈયા પાછે તો શેહેરામાય એને ગાવહામાય હિકાડતો એને પોરમેહેરા
રાજ્યા બારામાય હારી ખોબાર આખતો ફિરે, એને ઈયા બારા શિષ્યબી
ઈયાઆરે આતા.
2 એને કોલ્યોહોક બાયોબી આત્યો જયો બુતા આત્મા એને જાત
જાત્યા દુઃખામાઅને હાર્યો જાયલ્યો, ઈયેહેમાઅને યોક જયેમાઅને હાંત
બુત કાડલા તી મરિયમ જીં મગદલા ગાવા આતી.
3 એને હેરોદ રાજા કારબારી ખુજા થેએયો યોઅન્ના એને સુસન્ના એને
આજુ બોજ બાયો, યો બાયો ઈયેહે મિલકાત માઅને ઈસુ એને ઈયા
શિષ્યહા સેવા કોઅત્યો આત્યો.

## યોક ખેડુતા દાખલો
*(માથ્થી 13:1-17; માર્ક 4:1-12)*

4 જોવે મોઠી ગીરદી બેગી ઓઈ ગીયી, એને શેહેરામાઅને લોક
ઈયાપાય યેતા આતા, તોવે ઈસુય ઈયાહાન દાખલો દેયને આખ્યાં.
5 "યોક ખેડુત, બિયારો પોઆ રાનામાય ગીયો. એને પોએ તોવે
કોલહોખાન બિયારો વાટે મેરે પોડયો, એને આકાશામાઅને ચિડેં પોડીન
તી ટોચી ખાય ગીયે.
6 કોલહોખાન ખડકાવાળી જમીનમાય પોડ્યા, એને ઉગ્યો, બાકી
પુરતો કાદુ નાંય મિળ્યો ઈયાહાટી ઉખાય ગીયા.
7 થોડહો બિયારો તે કાટાહા જેખરાહામાય પોડયો, બાકી ઉગ્યો પાછે
જેખરાહાકોય દાબાય ગીયા."
8 "કોલહોખાન બિયારો હારી જમીનીમાય પોડયો, એને ઉગ્યો પાછે
ઈયા હોવ ગોણા ફળ યેના," ઈ આખીન ઈસુય મોઠેરે બોંબલીન આખ્યાં,
"જો વોનાયાંહાટી તિયાર હેય તો વોનાય લેય."

## દાખલાહા મોતલાબ
*(માથ્થી 13:18-23; માર્ક 4:13-20)*

9 ઈસુવા શિષ્યહાય ચ્યાલ પુછ્યાં, "યા દાખલા મોતલાબ કાય હેય?"
10 ઈસુવે આખ્યાં, "તુમા તે પોરમેહેરા રાજ્યા દોબલી વાતો
જાંઅતાહા, બાકી જ્યા માયેવોય બોરહો નાંય કોએત ચ્યાહાન તે
દાખલાજ દેયને હિકાડાં પોડહે, કાહાકા ચ્યા એએયા કોઅતાહા બાકી
જાઅએ નાંય, એને વોનાતાહા બાકી હોમજેત નાંય."

## બિયારો પોઅનારા મોતલાબ

11 "દાખલા મોતલાબ ઓ હેય, બિયારો પોરમેહેરા વચન હેય.
12 વાટે મેરાવોયને ચ્યેહેય, જોવે ચ્યા વચન વોનાયા, તોવે ચ્યાહા
મોનામાઅને સૈતાન વચન વિહરાવી દેહે, યાહાટી કા એહેકેન નાંય ઓએ
પોરમેહેરાવોય બોરહો કોઇન તારણ મિળવે.
13 ખોલકાડાવાળા જમીનીવોઅને ચ્યા લોક હેય, જોવે વચન
વોનાતેહે, તોવે આનંદાકોય માની લેતહેં, બાકી પોરમેહેરા વચન ચ્યાહા
મોનામાય ઉંડે મુળે નાંય ઉત્યા, ચ્યાહાટી ચ્યે વોછા દિહાપુરતે બોરહો
કોઅતેહે, એને પરીક્ષા સમયે ઈસુલ છોડી દેતહેં.
14 જો કાટાહા જેખરાહામાય પોડયો, ચ્યે યે હેય, જયેં વચન
વોનાતેહે, બાકી આગાડ્યા જીવનામાય ચિંતા, પોયહા લોબ, એને
મોજ્યા કોઅનામાય ફસાય જાતહેં, એને નોકામ્યા જીવન જીવતેહે.
15 બાકી હારી જમીનીમાય તે યે હેતેં, કા પોરમેહેરા વચન વોનાયને
હારાં એને ચોખ્ખાં મોનાકોઈન માની લેતહેં, એને ચ્યે ધીરજથી ફળ
દેતહેં."

## દિવા દાખલો
*(માર્ક 4:21-25)*

16 "કાદોબી દિવો લાવીન ટોપલી તોળે નાંય થોવેત, નાંય ચ્યાલ
ખાટલા તોળે થોવે, બાકી ચ્યાલ ઉચે દિવત્યા વોય થોવતેહે કાહાકા તોવે
ચ્યા ઉજવાડો ગાઆમાય યેનારાહાલ મીળે.
17 કાહાકા કોઅહીજ વસ્તુ ઓહડી નાંય હેય કા તી ડાકલી રોય એને
યોકતી વસ્તુ ઓહડી નાંય હેય કા તી દુબાડી હોકાય બાકી બોદાંજ ખુલ્લાં
પોડી જાય.

18 આ્યાહાટી તુમા હાચવીન રા, કા તુમા કાય વોનાતેહે? કાહાકા
જ્યા પાય હોમાજ હેય, તો વોદારી હોમાજ મેળવી, બાકી જ્યા પાય
કાય હોમાજ નાંય મીળે, આ્યાપાય જીં વોછીબી હોમાજ ઓરી તીં બી
આ્યાપાઅને ખોવાય જાય."

### ઈસુવા આયહો એને બાહા
### *(માથ્થી 12:46-50; માર્ક 3:31-35)*

19 ઈસુવા આયહો એને આ્યા બાહા આ્યાપાય યેના, બાકી ગીરદી લેદે
આ્યે ઈસુલ નાંય મિળી હોક્યે.
20 તોવે ઈસુવાલ આખ્યાં, "તો આયહો એને બાહા બાઆ ઉબે
રીઅલે હેતેં, આ્યે તુલ મિળાં માગતેહે."
21 તોવે ઈસુય આ્યાહાન એહેકોય જાવાબ દેનો કા, "જયેં પોરમેહેરા
વચન વોનાતેહે એને પાળતેહે આ્યેજ મા આયહો એને બાહા હેય."

### ઈસુ વાવાઝડાલ ઠાવકા રાખહે
### *(માથ્થી 8:23-27; માર્ક 4:35-41)*

22 પાછે યોક દિહી ઈસુ, એને આ્યા શિષ્ય ઉડીમાય ચોડયા, તોવે ઈસુવે
શિષ્યહાન આખ્યાં, "ચાલા, આપા દોરિયા આ્યેમેરે જાતા" પાછે આ્યાહાય
ઉડી છોડી.
23 જોવે ઉડી જાય રિઅલી આતી, તોવે તો હૂવી ગીયો; તોવે
દોરિયામાય તોફાન યેના એને પાઅયા કોઇન ઉડી બોઆયા લાગી આ્યા
આબદામાય પોડ્યા.
24 તોવે શિષ્યહાય આ્યાપાય જાયને જાગાડયો, એને આખ્યાં, "પ્રભુ!
પ્રભુ! આપા બુડી જાનારા હેય" તોવે ઉઠીન આ્યા તોફાની વારાલ એને
પાઅયા લાફહાલ દોમકાડયા તોવે તી બોદા થોબી ગીયા, એને શાંત
ઓઈ ગીયા.
25 તોવે ઈસુવે શિષ્યહાન આખ્યાં, "તુમહે બોરહો કેછ આતો?"
બાકી આ્યા ગાબરાય ગીયા એને નોવાય પામીન યોકબિજાલ આખા
લાગ્યા, "ઓ કું હેય, જો તોફાન એને દોરિયા પાઅયાલ બી તો આગના
કોઅહે, એને તી આ્યા માનતેહેં?"

## બુત લાગલા માઅહાન હારાં કોઅના
*(માથ્થી 8:28-34; માર્ક 5:1-20)*

26 પાછે ઈસુ એને ચ્યા શિષ્ય ગીરાસેનિયા ભાગામાય ગીયા, જીં
દોરિયા ચ્યેમેરે ગાલીલ ભાગા હામ્મે હેય.
27 જોવે ચ્યા દોરિયા ચ્યેમેરે પોઅચ્યા, તોવે ચ્યા શેહેરા ચ્યાલ યોક
માઅહું મિળ્યાં, જ્યાલ બુત વોળાગલો આતો, એને બોજ દિહહાથી
તો ફાડકે નાંય પોવે એને ગોઓ નાંય રોય, બાકી તો માહણામાય રોયા
કોઅતો આતો.
28 ચ્યાય ઈસુલ દેખ્યો તોવે બોંબલ્યો, એને ચ્યા આગલા ઉંબડો
પોડીન આખ્યાં, "ઓ પરમપ્રધાન પોરમેહેરા પોહા ઈસુ! માન તું કાહા
હેરાન કોઅતોહો? આંય તુલ વિનાંતી કોઅતાહાંવ, કા માન પીડા મા
દેહે."
29 કાહાકા ઈસુ ચ્યામાઅને ચ્યા બુતાલ નિંગી જાઅના આગના દી
રિઅલો આતો, યાહાટી કા બુત ચ્યા માઅહાલ વારે ગેડી તકલીફ દેતો
આતો, જોવે લોક ચ્યાલ હાકળે કોઇન એને બેડયો ટાકીન બાંદેત, તેરુંબી
તો તોડી ટાકતો આતો, એને બુત ચ્યાલ ઉજાડ જાગામાય તાંગાડતા
ફિરતા આતા.
30 તોવે ઈસુવે ચ્યાલ પુછ્યાં, "તો નાંવ કાય હેય?" ચ્યેય આખ્યાં
"સેના" કાહાકા બોજ બુત ચ્યામાય વોળાગલા આતા.
31 ચ્યાહાય ચ્યાલ વિનાંતી કોઅયી કા, "આમહાન બોજ ઉંડા
ખાડામાય જાઅના આગના મા કોઅહે."
32 તોવે તાં ડોંગાવોય ડુકરાહા યોક મોઠો ટોળો ચોઅયા કોએ, તોવે
બુતે ઈસુલ વિનાંતી કોઅયી, "આમહાન ડુકરાહામાય દોવાડ ચ્યાહામાય
નિંગી જાહું."
33 ઈસુવે ચ્યાહાન પરવાનગી દેની, તોવે બુત નિંગીન ડુકરાહામાય
ઉરાય ગીયે, એને બોદો ટોળો કોરાડા ઉપને દોરિયામાય જાયન ટુટી
પોડયો, એને બુડી મોઅયો, તો લગભગ બેન ઓજાર ડુકરાહા ટોળો
આતો.
34 ચ્યા ટોળા ગોવાળ ઈ દેખીન નાહી પોડયા એને શેહેરામાય એને
ગાવામાય જાયને ચ્યાહાય ઈ વાત આખી.

35 એને લોક જીં જાયેલ તી એરાહાટી ગીયા, તોવે ચ્યાહાય
જયામાઅને બુત નિંગલા ચ્યા માઅહાલ ઈસુવાપાય ફાડકે પોવલે એને
હારો ઓઇન ભાનમાય દેખ્યો તોવે ચ્યા બિઇ ગીયા.
36 એને એએનારા માઅહાય આખ્યાં કા જયાલ બુત વોળાગલો
માઅહું આતા ચ્યા કેહેકેન બોચાવ જાયો.
37 તોવે ગીરાસેનિયા ભાગા આહીપાહીલ્યા લોકહાય ઈસુવાલ
વિનાંતી કોઅયી કા, આમહે પાયરે જાતો રો; કાહાકા ચ્યા બોજ બિઇ
ગીઅલા આતા, તોવે ચ્યા ઉડીમાય બોહીન જાતા રિયા.
38 જયા માઅહામાયને બુત કાડયો તો, ઈસુલ રાવ્યાં કોઇન આખા
લાગ્યા, કા માન તોઆરે રા દે, બાકી ઈસુવે ચ્યાલ દોવાડીન આખ્યાં.
39 “તો ગોઓ જો એને તો જાતલાહાન આખી દે, કા તોહાટી
પોરમેહેરે કોહડે હારેં કામ કોઅલે હેય” તોવે તી માઅહું, ઈસુવે ચ્યાહાટી
કોલાં હારાં કામહા બારામાય ગાલીલ વિસ્તારા દોહો શેહેરામાય જયાલ
દોકાપલીસ આખતેહે ચ્યાહામાય જાયન પ્રચાર કોઅયા.

## રોગી થેએ એને યાઈરા પોહી
## (માથ્થી *9:18-26;* માર્ક *5:21-43)*

40 જોવે ઈસુ પાછો ફિરી યેનો, તોવે લોક ચ્યાલ આનંદથી મિળ્યાં,
કાહાકા લોક ઈસુવા વાટ જોવેત.
41 તોવે યાઈર નાંવા યોક માઅહું જો સોબાયે ઠિકાણા આગેવાન
આતો, તો યેનો, એને ઈસુવા પાગે પોડીન વિનાંતી કોઅરા લાગ્યો, “મા
ગોઓ ચાલ.”
42 કાહાકા ચ્યા બાર વોરહા યોખલી પોહી આતી, એને તી મોઅઇ
જાયના અણ્યેવોય આતી, જોવે ઈસુ જાય રિઅલો આતો, તોવે લોક
ચ્યા આગલા ગીરદી કોએત આતેં.
43 તાં યોક બાઈય જયેં બાર વોરહાથી લોય પોડના બિમારી આતી,
એને ચ્યેય ચ્યે બોદી મિલકાત વૈદયાહા પાય ખોરચી કાડયેલ, તેરુંબી ચ્યે
બિમારી હારી નાંય જાયેલ.
44 ચ્યેય પાસાડીને યેયન ઈસુવા ફાડકાલ આથ લાવ્યો, એને તારાતુજ
ચ્યે લોય પોડના થોબી ગીયા.

45 યાહાટી ઈસુય આખ્યાં, “માન કુંયે આથ લાવ્યો?” તોવે બોદે
નાકારા લાગ્યેં, તોવે પિત્તર એને ચ્યા શિષ્યહાય આખ્યાં, “ઓ પ્રભુ, તુલ
તે લોકહા ગીરદી બિચડેહે એને પોડાપોડી કોઅતેહે.”
46 બાકી ઈસુવે આખ્યાં કા, “માન કુંયે આથ લાવ્યો, કાહાકા માયે
જાંઅયા કા માયેમાઅને કામ કોઅના સામર્થ્ય નિંગ્યહા.”
47 જોવે ચ્યે બાઈ જાંઅયા, કા આંય દોબી નાંય હોકુ, તોવે તી કાપતી-
કાપતી યેની એને ઈસુ પાગે પોડીન બોદા લોકહા હામ્મે આખ્યાં, કા માયે
કોઅહા કારણા લીદે ફાડકાલ આથ લાવ્યેલ, એને કેહેકેન તારાતુજ હારી
ઓઈ ગીયી.
48 ઈસુવે ચ્યેલ આખ્યાં “બોઅહી ઈમાત રાખ; માયે તો બોચાવ
કોઅલા હેય, કાહાકા તુયે માયેવોય બોરોહો કોઅલો હેય, આમી તુલ
એલી બિમારી નાંય લાગે, તું શાંતીકોય જો.”

49 ઈસુ ચ્યેલ આખીજ રિઅલો આતો, તોવે સોબાયે ઠિકાણા
આગેવાના ગોઆ એહેરે બિજા લોકહાય યેયન યાઈરાલ આખ્યાં, “તો
પોહી મોઅઇ ગિઇ, ગુરૂવાલ આબદા મા દેહે.”
50 ઈસુય ઈ વોનાઈન ચ્યાલ આખ્યાં, “બીયહે મા; માયેવોય બોરહો
રાખ, તોવે તો પોહી બોચી જાઅરી.”
51 એને ઈસુય ગોઅમે પિત્તર, યાકૂબ એને યાકૂબા બાહા યોહાન,
એને યાઈર એને ચ્યા થેએ ચ્યાહા સિવાય ચ્યાઆરે બિજા કાદાલ નાંય
યા દેના.
52 તોવે ચ્યે ચ્યાહાન રોડતા એને કાકાહા કોઅતા દેખ્યા. તોવે ઈસુવે
ગોઅમે જાયન, ચ્યાહાન આખ્યાં કા, “તુમહાન કાકાહા કોઅના એને
રોડના ગોરાજ નાંય હેય, પોહી મોઓઈ નાંઈ ગીયહી બાકી, હૂવી રીયલી
હેય.”
53 બાકી લોક ચ્યા મશ્કરી કોઅરા લાગ્યા, ચ્યાહાટી ચ્યે બોદહાન
બાઆ દોવાડી દેના, એને આયહે આબહાલ એને પિત્તર, યાકૂબ એને
યાકૂબા બાહા યોહાન યાહાન આરે લેઈને, પોહી હુતલી આતી તાં ગીયો.
54 પોહચી આથ દોઓઈન ઈસુવે પોહોયીલ આખ્યાં, “તાલીતા કુમ”
યા મોતલાબ હેય, “ઓ પોહી, આંય તુલ આખહુ, ઉઠ.”
55 તોવે તી પોહી તારાતુજ ઉઠીન ચાલા-ફિરા લાગી, પાછે ઈસુય

ચ્યાહાન આખ્યાં, કા ચ્યેલ કાય ખાંહાટી દા.
56 ચ્યે આયહો આબહો બોજ નોવાય પામ્યે, બાકી ઈસુવે ચ્યાહાન
ચેતાવણી દેયન આખ્યાં, કા ઈ વાત કાદાલ નાંય આખના.

# 9

## ઈસુવે બાર શિષ્યહાન દોવાડયા

*(માથ્થી 10:5-15; માર્ક 6:7-13)*

1 પાછે ઈસુવે બાર શિષ્યહાન હાદ્યા એને ચ્યાહાન બોદા બુતાહાલ
લોકહામાઅને કાડના પુરો સામર્થ્ય દેનો, એને દુ:ખહ્યાન હારેં કોઅરાહાટી
ઓદિકાર દેનો.
2 એને ચ્યાહાન પોરમેહેરા રાજ્યા હારી ખોબાર દાં એને દુખ્યાહાન
હારેં કોઅરા ચ્યાહાન દોવાડયા.
3 ચ્યે ચ્યાહાન આખ્યાં, "વાટેહાટી કાય નાંય લેઅના, લાકડી નાંય,
કા ઠેલી નાંય, કા બાખે નાંય, પોયહા નાંય, એને બેન-બેન ઝોબા નાંય
રાખના.
4 એને જયા ગોઆમાય જાહા, તાંજ રા; એને તાઅનેજ રાજા લેઈને
જાયા."
5 એને જાં તુમહાન લોક નાંય હાદેત, તાંઅરે નિંગી જાયા, એને
ચ્યાહાન નિશાણી દાંહાટી, તુમહે પાગહા આરેને ઉદળાં તાંજ ખેખરી
ટાકજા, ચ્યાહાન ઈ ચેતાવણી દાંહાટી કા પોરમેહેરા એહેરે મિળનારી
સાજા ચ્યા પોતેજ જાબાવદાર હેય.
6 ચ્યા નિંગીન ગાંવે-ગાંવે હારી ખોબાર આખતા, એને બોદી જાગે
દુ:ખ્યાહાન હારેં કોઅતા ફિરતા રિયા.

## હેરોદ રાજા ગુચવાણ

*(માથ્થી 14:1-12; માર્ક 6:14-29)*

7 એને ઈ બોદા જો બોન્યાં તી હેરોદ રાજા વોનાયો, એને વિચારમાય
પોડયો, કાહાકા કોલહાખાન જાંએ આખે કા, "યોહાન મોઅલા માઅને
પાછો જીવતો ઉઠયહો."
8 બોજ લોક આખે કા, "એલીયો ભવિષ્યવોકતો હેય" એને બિજા
લોક આખે કા, "પેલ્લા ભવિષ્યવક્તાહા માઅને કાદો પાછો જીવતો
ઉઠયહો."

9 બાકી હેરોદ રાજાય આખ્યાં, "યોહાન બાપતિસ્મા દેનારા તે
માયે ટોલપી વાડી ટાકાડયેલ, જયા બારામાય આંય ઓહડી વાત
વોનાતાહાવ, તો ઓ કું ઓરી?" એને ચ્યાય ચ્યાલ એઅરા ઇચ્છા
કોઅયી.

### પાચ ઓજાર લોકહાન ખાઅના ખાવાડના
### (માથ્થી *14:13-21;* માર્ક *6:30-44;* યોહા. *6:1-14)*

10 જોવે ચ્યા બાર પ્રેષિત, જયાહાન ઈસુવે દોવાડલા આતા ચ્યા ફિરી
યેના, એને યેયન ચોમખી યોકઠા જાયા, એને ચ્યાહાય જીં કાય કોઅયા
એને હિકાડયાં તીં બોદા ઈસુલ આખી દેખાડયાં. પાછે ચ્યાહાન આલાગ
કોઇન બેતસાદા નાંવા શેહેરામાય લેય ગીયો.
11 બાકી લોકહાન ખોબાર પોડી ગિઇ, એને લોક ઈસુઇહી યેના,
તોવે ઈસુય ચ્યાહાઆરે ખુશીને હાતે મિળ્યો, એને ચ્યાહાઆરે પોરમેહેરા
રાજ્યા વાત કોઅરા લાગ્યો, એને જયેં હારેં ઓઅરા માગતે આતેં,
ચ્યાહાન હારાં કોઅયા.
12 એને જોવે દિહી બુડા લાગ્યો, તોવે ચ્યા બાર શિષ્યહાય
ઈસુવાપાય યેઇન આખ્યાં, "લોકહાન જાં દે કા ચોમખી ગાવહામાય એને
ફોળી-ફોળહી માય જાયન ચ્યાહાહાટી રોઅના એને ખાઅના વ્યવસ્થા
કોએ, કાહાકા આપા ઈહીં એકાંત જાગામાય હેજે."
13 બાકી ઈસુવે ચ્યાહાન આખ્યાં, "તુમા ચ્યાહાન ખાઅના દા"
ચ્યાહાય આખ્યાં, આમહાપાય પાચ બાખે એને બેન માછલાહા સિવાય
બિજા કાયજ નાંય હેય; બાકી હાં, જો આમા જાયન બોદા લોકહાહાટી
ખાઅના વેચાતાં લેય યેજે, તોવે ઓઈ હોકહે.
14 તાં લગભગ પાચ ઓજાર માટડા આતા, તોવે ઈસુવાય ચ્યા
શિષ્યાહાન આખ્યાં, "પોચહા-પોચહા લોકહા પાંગાત કોઇન ચ્યાહાન
બોહાડા."
15 ચ્યાહાય એહકોયજ કોઅયા, એને બોદા લોકહાન બોહતેં કોઅયે.
16 ઈસુય પાચ બાખે એને બેન માછલે લેદા, એને હોરગા એછે એઇન
બોરકાત માગી, એને બાખે મૂડી-મુડીન લોકહાન વાટી દાંહાટી શિષ્યહાન
દેન્યો.
17 બોદહાય દારાયે તાંઉલોગુ ખાદાં એને ચ્યાહાપાઅને વોદ્યાં તી બેગા
કોઅયા, તોવે ચ્યા બાર ટોપલેં બોઆયે.

### પિત્તર ઈસુવાલ ખ્રિસ્ત આખીન માની લેહે
### *(માથ્થી 16:13-19; માર્ક 8:27-29)*

18 જોવે તો એકાંતમાય જાયન પ્રાર્થના કોઅહે, તોવે ચ્યાઆરે
શિષ્યબી આતા તોવે ઈસુવે ચ્યાહાન પુછ્યાં કા માઅહે માન કાય
આખતેહે.?
19 શિષ્યહાય જાવાબ દેનો, "કોલહાક યોહાન બાપતિસ્મા દેનારો,
કોલહાક એલીયા, એને આજુ બિજા એહેકોય માનતાહા કા પેલ્લા
ભવિષ્યવક્તાહા માઅને કાદો ભવિષ્યવક્તા પાછો જીવી ઉઠયહો."
20 તોવે ઈસુવે શિષ્યહાન પુછ્યાં કા, "બાકી તુમા મા બારામાય
કાય વિચાર કોઅતાહા કા આંય કું હેય?" તોવે પિત્તરે જાવાબ દેનો,
"પોરમેહેરા ઇહિને દોવાડલો ખ્રિસ્ત હેય."
21 તોવે ઈસુવે શિષ્યહાન ચેતાવણી દેયન આખ્યાં કા, "મા બારામાય
કાદાલ આખના નાંય કા આંય ખ્રિસ્ત હેય."

### ઈસુ પોતાના મોરણા બારામાય ભવિષ્યવાણી

22 એને ઈસુવે આખ્યાં, "માન માઅહા પોહાહાટી ઈ જરુરી હેય, કા
બોજ દુ:ખ વેઠાં પોડી, એને યહૂદી આગેવાન, મુખ્ય યાજક એને મૂસા
નિયમ હિકાડનારા ગુરુ માન નાકારી દી એને માઆઇ ટાકી, એને તીન
દિહી પાછે તો પાછો જીવતો ઉઠી."

### ઈસુવા પાછલા ચાલના મોતલાબ કાય
### *(માથ્થી 16:21-28; માર્ક 8:30-9:1)*

23 એને શિષ્યહાઆરે લોકહાન હાદિન ચ્યે આખ્યાં, "જો કાદાં મા
શિષ્ય બોના માગહે, ચ્યાલ પોતાલ નાકાર કોઅરા જોજે એને પોતાનો
હુળીખાંબ ઉચકીન મા શિષ્ય બોને.
24 કાહાકા જીં માઅહું દોરતીવોય પોતે જીવ બોચાવાં માગહે, તો
હાચ્ચાં જીવન ગુમાવી દી, બાકી જો મા લીદે ચ્યા જીવ દેહે, તો
અનંતજીવન મેળવી.
25 યોક માઅહાલ કાય ફાયદો ઓઅરી, જોવે ચ્યાલ બોજ મિલકાત
મીળે બાકી પોરમેહેરાઆરે અનંતજીવન ગુમાવી દેય?

26 જો તુમહેમાઅને કાદો માન પોરમેહેરા હારકો માના એને મા વાતો
પાળાહાટી મોનાઈ કોઅહે, કાહાકા પોતે ગાબરાતાહા કા યા સોમાયા
પાપી લોક તુમહે નુકસાન કોઅરી, પાછે આંય, માઅહા પોહો મોનાઈ
કોઅય દિહીં કા તુમા મા શિષ્ય હેય, જોવે આંય પવિત્ર હોરગા દૂતહા
આરે દોરતીવોય પાછો યીહીં, તોવે બોદા મા મહિમા પ્રતાપ દેખી, જો મા
આબહા હારકો હેય.
27 આંય તુમહાન હાચ્ચાંજ આખતાહાવ કા, ઈહીં ઉબલા કોલહાક
લોક તોવેબી જીવતા રોય, જોવે ચ્યા પોરમેહેરા રાજ્ય સામર્થ્યાકોય
ચ્યાહા વોચ્ચે યેતા દેખી."

## મૂસા એને એલીયા હાતે ઈસુ
## *(માથ્થી 17:1-8; માર્ક 9:2-8)*

28 યો બોદ્યો વાતો પુર્યો જાયો, ચ્યા પાછે આઠખાન દિહી જાયા, તોવે
ઈસુ પિત્તર, યાકૂબ એને યોહાનાલ લેઈને પ્રાર્થના કોઅરાહાટી ડોગાવોય
ગીયો.
29 એને પ્રાર્થના કોઅહે તોવે ચ્યા રુપ બોદલાઈ ગીયા એને ચ્યા ફાડકે
ઉજળેં ઓઇન ચોમાકતે લાગ્યેં.
30 એને એએ, બેન ભવિષ્યવક્તા મૂસા એને એલીયા, ઈસુવાઆરે
વાતો કોઅતા દેખ્યા.
31 ઈ મહિમાહાતે દેખાયો, એને ઈસુ મોઅના બારામાય બોલેત જીં
યેરૂસાલેમ શેહેરામાય ઓઅનારા આતા.
32 બાકી પિત્તર એને ચ્યા હાંગાત્યા ચ્યાઆરે નિંદેમાય આતા, બાકી
જોવે ચ્યા પુરાં રીતે કોઅય જાગી ઉઠયા, તોવે ચ્યાહાય ઈસુ મહિમા
એને ઈસુઆરે ઉબા રીઅલા બેન માટડાહાલ દેખ્યા.
33 એને જોવે ચ્યા જાતા લાગ્યા તોવે પિત્તરાય ઈસુવાલ આખ્યાં, "ઓ
ગુરુજી, આપા ઈહીં રોજે તીં હારાં હેય, આમા તીન માંડવા બોનાડુહુ,
યોક તોહાટી, યોક મૂસા હાટી એને યોક એલીયા હાટી" તો જાંઅતો નાંય
આતો, કા કાય આખી રિઅલો હેય.
34 તો ઈ આખતોજ આતો તાંઉ યોક વાદળાં યેઇન ચ્યાહાલ ડાકી
લેદા, તોવે ચ્યાહાન બિયાં યેના.

35 એને વાદળાં માઅને આવાજ જાયો કા, “ઓ મા પોહો મા પોસાન
કોઅલો હેય, ઈયા આખલા વોનાયા.”
36 આવાજ જાયો તોવે એહેકોય જાયા કા ઈસુ યોખલોજ આતો
એને ઈયા ઠાવકાજ રિયા, એને ઈયાહાય જીં દેખ્યા તીં ઈયા દિહીહામાય
ઈયાહાય કાદાલ આખ્યાં નાંય.

## બુત લાગલા પોહાલ હારાં કોઅના
## (માથ્થી *17:14-18;* માર્ક *9:14-27)*

37 બીજે દિહી જોવે ઈયા ડોગા ઉપને ઉત્યા, તોવે યોક મોઠી ગીરદી
ઈયાલ મિળી.
38 તોવે, ટોળામાઅને યોક માઅહે મોઠેરે બોંબલીન આખ્યાં, “ગુરુજી
તુલ આથ જોડું, મા પાહાવોય દયા કોઓ, કાહાકા ઓ યોકુજ પોહો હેય.
39 એને એઅે યોક બુત ઈયાલ દોઅહે, એને તો અચાનક ચીચાઈ
ઉઠહે પાછે ઈયાલ આફળી પાડહે, એને ઈયા મુયામાઅને ગોંડો નિંગહે
એને ઈયાલ બોજ આબદા પાડીન છોડહે.
40 તો શિષ્યહાન માયે બુતાલ કાડના વિનાંતી કોઅયી, બાકી ઈયા
કાડી નાંય હોક્યા.”
41 ઈસુવે ઈયાહાન જાવાબ દેનો કા “ઓ બોરહો નાંય થોવનારા
લોકહાય એને લુચ્ચી પીડી, તુમહેઆરે કોલાહા લોગુ રોઉં? કોલાહા
લોગુ તુમહાન વેઠું? ઈયાલ તુમા માયેપાંય લેય યા.”
42 તો આજુ યેય તોલાહામાય બુતે ઈયાલ આફળી પાડ્યો બાકી
ઈસુવે બુતાલ દોમકાડયો, એને પાહાલ હારો કોઇન ઈયા આબહાલ
પાછો હોંપી દેનો.
43 એને બોદા લોકહાન પોરમેહેરા મહાસામર્થ્યા ઉપે બોજ નોવાય
લાગી, બાકી જોવે બોજ લોક ઈયા બોદા કામહા જીં ઈસુ કોઅતો આતો
ઈયા બારામાય નોવાય પામી રીઅલા આતા, તોવે પોતાના શિષ્યહાન
ઈસુવે આખ્યાં.

44 “ઈ વાત તુમા દિયાન દેયન વોનાયા, આંય, માઅહા પોહો, મા
દુશ્માનાહા આથામાય દોરાય જાનારો હેય.”

45 બાકી ઈ વાત ચ્યાહાન હોમાજ નાંય પોડી, એને ચ્યાહાહાટી ઈ
વાત ગુપ્ત રોયી, એને તી ચ્યાહાન નાંય હોમજ્યા, તેરુંબી ચ્યાલ ઈ વાત
પૂછાહાટી બિઅતા આતા.

### બોદહામાય કું મોઠો
### *(માથ્થી 18:1-5; માર્ક 9:33-37)*

46 પાછે શિષ્યહામાય ઓહડી બોલા-બોલી ચાલી, કા આપહામાય
કું મોઠો હેય.
47 બાકી ઈસુ શિષ્યહા મોના વિચાર જાંઆય ગીયો, એને ચોકા
પાહાલ લેયને ચ્યા પાહે ઉબો કોઅયો.
48 ચ્યાય ચ્યાહાન આખ્યાં, "જો કાદોબી મા લીદે યા પોહાલ માની
લેહે, તો હાચ્ચાંજ મા માની લેહે, જો કાદો મા માની લેહે, તો હાચ્ચાંજ
પોરમેહેરાબી માની લેહે, જ્યાંય માન દોવાડયોહો. કાહાકા તુમહેમાઅનો
જો બોદહા કોઅતો વાહાનો હેય, તોજ મોઠો હેય."

### જો વિરુદમાય નાંય, તો આપહે આર્યો હેય
### *(માર્ક 9:38-40)*

49 તોવે યોહાને ઈસુવાલ આખ્યાં, "ઓ ગુરુ, આમહાય ચોકા
માઅહાલ તો નાંવા ઓદિકાર ઉપયોગ કોઇન બુતાલ કાડતા દેખ્યાં, એને
આમા ચ્યાલ ઓટકાડા લાગ્યા, કાહાકા તો આપહે શિષ્યહા માઅને નાંય
આતો."
50 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "ચ્યાલ ઓટકાડાહા મા, જો માઅહું
તુમહે દુશ્માન નાંય હેય, તો તુમહે હાંગાત્યો હેય."

### યેરૂસાલેમ એછે જાઅના

51 જોવે ઈસુ ઉપે લેવાય જાઅના દિહી પુરાં ઓઅતા ગીયા, તોવે ચ્યે
યેરૂસાલેમ શેહેરા એછે જાંહાટી નોક્કી કોઅયા.
52 એને આગલાને ખોબાર દાંહાટી ચ્યે સંદેશ લેય યેનારા દોવાડીયા,
ચ્યા સમરૂની ચોકા ગાવામાય ગીયા, કા ઈસુહાટી જાગો તિયારી કોએ.
53 બાકી ચ્યા લોકહાય ઈસુલ તાં રા નાંય દેના કાહાકા તો યેરૂસાલેમ
શેહેરામાય જાય રિઅલો આતો.

54 ઈ એઇન ચ્યા શિષ્ય યાકૂબ એને યોહાને ચ્યાલ આખ્યાં, “ગુરુજી
તું આખે તોવે આકાશામાઅને આગ પોડીન ચ્યાહાન નાશ કોઅરાહાટી
આમા પ્રાર્થના કોઅજે.”
55 બાકી ઈસુવે ફિરીન ચ્યાહાન ખિજવાયો એને આખ્યાં, “તુમા
કોહડા મોનવાળા હેતા તીં તુમહાન ખોબાર નાંય હેય. કાહાકા માઅહા
પોહો માઅહા જીવ માઆઇ ટાકાંહાટી નાંય, બાકી બોચાવાં હાટી યેનો.”
56 એને ચ્યા બિજા દુઉ ગાવામાય નિંગી ગીયા.

## ઈસુઆરે ચાલના મતલબ
*(માથ્થી 8:19-22)*

57 વાટે ચાલતા યોક જાંએ ઈસુલ આખ્યાં, “તું જાં જાહાય, તાં આંય
તોઆરે યીહીં.”
58 ઈસુવે ચ્યાલ આખ્યાં “કોલાહા દોર હેતા, એને આકાશામાય ઉડતા
ચિડહા ગોરા હેતા; બાકી આંય, માઅહા પોહાપાય યોક ગુઉ બી નાંય
હેય કા જાં આંય હૂવી હોકુ.”
59 ઈસુય બિજા યોકાલ આખ્યાં, મા શિષ્ય બોની જો, ચ્યાય આખ્યાં,
“પ્રભુ, માન પેલ્લા મા ગોઓ જાં દે, મા આબહાલ આંય ડાટી દેયન યાંવ,
પાછે આંય તો.”
60 ચ્યાલ ચ્યે આખ્યાં, “જયા લોક આત્મિક રીતે મોઅલા હેય,
ચ્યાહાન ચ્યા લોકહા મોઅના વાટ જોવાં દે, બાકી તું જાયને પોરમેહેરા
રાજ્યા વાત આખ.”
61 એને આજુ યોકા બીજાય આખ્યાં, “ઓ પ્રભુ, તો પાહલા આંય
ચાલહીં; બાકી પેલ્લા માન ગોઅને બોદહા રજા લાં દે.”
62 બાકી ઈસુવે આખ્યાં, “જો કાદો ઓળાલ દોઇન પાછલા એએહે,
તો પોરમેહેરા રાજ્યાહાટી લાયકે નાંય હેય.”

# 10

## સીત્તેર જાંણહાન દોવાડના

1 યે વાતહે પાછે પ્રભુ ઈસુય સીત્તેર* શિષ્યહાન નિવડયા, એને જ્યા
શેહેરાહામાય એને ગાવહામાય પ્રભુ પોતે જાં આતો, તાં ચ્યાહાન બેબુન-
બેબુન કોઇન પોતાના આગાડી દોવાડયા.
2 તોવે ઈસુવે શિષ્યહાન આખ્યાં, "જેહેકોય રાનહા માય બોજ પાક
રોહે, તેહેકોય બોજ લોક હેય, જ્યા પોરમેહેરાવોય બોરહો કોઅરાહાટી
તિયાર હેય, બાકી પોરમેહેરા રાજ્ય બારામાય આખનારા લોક વોછા
હેતા. ચ્યાહાટી તુમા રાનાવાળા માલિકાલ વિનાંતી કોઆ કા તો
રાનામાય કામ કોઅરા લોક દોવાડે."
3 જાયા, આંય તુમહાન ગેટહા હારકા વરુહુ વોચમાય દોવાડતાહાવ.
4 યાહાટી નાંય પાકીટ માય પોયહા, નાંય ઠેલી, નાંય વાઅણે લેઅના,
એને વાટેમાય કાદાલ સલામ નાંય આખના.
5 જોવે તુમા કાદા ગોઆમાય ગીયા તોવે પેલ્લા એહેકોય આખા, યા
ગોઅમે બોરકાત રોય.
6 એને જોવે ચ્યા ગોઆમાય બોરકાતે લાયક્યે ઓરી, તોવે તુમહે
બોરકાત ચ્યા ઉપે રોય એને નાંય તોવે તુમહે બોરકાત તુમહેપાય વોળી
યેઅરી.
7 યોકુજ ગોઆમાય રોજા તુમહાન જીં દેત તીં ખાઅના ને પિઅના,
કાહાકા કામ કોઅનારાલ ચ્યાહા કાંબારાં મિળાં જોજે, એને ગોઅહે-
ગોઅહે મા જાતા.
8 જોવે તુમા યોક શેહેરામાય જાહા, એને લોક તુમહે સ્વાગત કોઅઇ,
તોવે જીં કાય દેય તીં ખાજા.
9 તાઅને દુખ્યાહાન હારેં કોઅયા, એને ચ્યાહાન આખા કા પોરમેહેરા
રાજ્ય તુમહે પાહે યેય પોઅચ્યાહા.
10 એને જોવે તુમા યોક શેહેરામાય જાહા એને લોક તુમહે સ્વાગત
નાંય કોઅઇ, તોવે શેહેરા આટામાય જાયને આખા.
11 "આમહે પાગહા આરે લાગલો તુમહે શેહેરા ઉદળાં બી તાં ખેકરી
ટાકજેહે, બાકી તુમા જાંઆઈ લીયા, કા પોરમેહેરા રાજ્ય તુમહે પાહે
યેય પોઅચ્યાહા."
12 તુમહાન આંય આખતાહાવ, ન્યાયા દિહી, જીં સજા સુર એને

* **10:1** સીત્તેર બોતેર

સદોમ શેહેરાલ દી, તી સજા બોજ વોછી હેય જીં સજા તુમહાન દી.

### પાપ કોઅના નાંય છોડે ચ્યાહાવોય હાય
### *(માથ્થી 11:20-24)*

13 “હાય ચ્યા લોક જ્યા ખુરાજીઈન શેહેરામાય રોતહા, હાય ચ્યા
લોક જ્યા બેતસાદા ગાવામાય રોતહા, કાહાકા તુમહેમાય જયેં ચમત્કારા
કામે કોઅલે, તોહડે કામે જોવે સુર એને સિદોના શેહેરામાય ઓઅતે,
તોવે ચ્યા લોક બોજ પેલ્લા ઉપહા કોઇન, ટોલપાવોય બુમંર્યા ખેખરી
લેતા, ચ્યા ઈ દેખાડાં હાટી કા પાપ કોઅના બંદ કોઅયા.
14 બાકી ન્યાયા દિહી, જીં સજા સુર એને સિદોનાલ દી, તી સજા
બોજ વોછી હેય જીં સજા તુમહાન દી.
15 એને કાપરનાહુમ ગાવા લોકહાય, કાય તુમા હોરગા લોગુ ઉચા
ઓઅના આશા કોઅઇ રીઅલા હેય? તુમા નિચે અધોલોકમાય પાડી
ટાકલા જાહા.”
16 “ઈસુય પોતાના શિષ્યહાન આખ્યાં, જો તુમહે વોનાયેહે, તો મા
વોનાયેહે, જો તુમહાન નાંય ગોણે, તો માન નાંય ગોણે, એને માન નાંય
ગોણે, તો માન દોવાડનારા પોરમેહેરાલ બી નાંય ગોણે.”

### હિત્તેર શિષ્ય પાછા વોળી યેયના

17 પાછે હિત્તેર શિષ્ય બોજ ખુશ ઓઇન પાછા વોળી યેયન આખ્યાં,
“ઓ પ્રભુ, બુત બી આમે આખલ્યા માન્યા જોવે આમહાય તો નાવાકોય
આગના કોઅયી.”
18 બાકી ચ્યે ચ્યાહાન આખ્યાં, “માયે સૈતાનાલ હોરગામાઅને વીજ
પોડહે તેહેકોય પોડતો દેખ્યો.
19 માયે તુમહાન, હાપડા એને મીછડા ઉપે ચાલા એને દુશ્માના
(સૈતાન) બોદા સામર્થ્યા ઉપે તુમહાન માયે ઓદિકાર દેનહો, એને
કોઅહીજ વસ્તુકોય તુમહાન નુકસાન નાંય ઓઅરી.
20 બાકી ચ્યાહાટી ખુશ મા ઓઅતા કા બુતડે તુમહે આગના માનતેહેં,
બાકી તુમહે નાંવે હોરગામાય લોખલે હેતેં, ચ્યાહાટી આનંદ કોઆ.”

### પોહા થી આબહા પ્રગટ ઓઅના
### *(માથ્થી 11:25-27; 13:16-17)*

21 એજ સમયે ઈસુ પવિત્ર આત્મામાય આનંદાકોય બાઆય ગીયો,
એને આખ્યાં, “ઓ આબા, હોરગા એને દોરતી માલિક, આંય તો
આભાર માનતાહાવ કાહાકા તુયે યો બોદ્યો વાતો ઓકલ્યેવાળા લોકહાન
એને હોમાજદાર લોકહાન નાંય, બાકી જ્યા લોક સાદા સુદા હેય
ચ્યાહાન દેખાડયોહો, હાં, ઓ આબા, કાહાકા તુલ ઈજ ગોમ્યા.
22 મા આબહે માન બોદો ઓદિકાર દેય દેનહો, એને આબા સિવાય
કાદો પાહાલ નાંય જાંએ, તેહેકેન પાહા સિવાય કાદો આબહાલ નાંય
જાંએ, એને જ્યા લોકહાન આંય, પોહો નિવડે, ચ્યા લોક આબહાલ
જાઅરી.”
23 એને પાછા ફિરી એઇન ચોખલા શિષ્યહાન ચ્યે આખ્યાં, “તુમહે
ડોળા ધન્ય હેય, કાહાકા યો વાતો ચ્યા એઅતાહા
24 કાહાકા આંય તુમહાન હાચ્ચાં આખતાહાવ, બોજ ભવિષ્યવક્તા
એને રાજહાય તુમા જીં એઅતાહા તી એરા ઇચ્છા રાખી, બાકી નાંય
એએઈ હોક્યા એને તુમા વોનાતાહા તી વોનાયા બોજ ઇચ્છા આતી,
બાકી નાંય વોનાય હોક્યા.”

## યોક સમરૂની માઅહા દાખલો

25 યોક દિહી ઈસુ ચ્યા શિષ્યહાન હિકાડી રિઅલો આતો તોવે યોક
મૂસા નિયમ હિકાડનારો ગુરુ, ઈસુવા પારાખ કોઅરાહાટી યેઇન પુછ્યાં,
“ઓ ગુરુ, કાય કામ કું કા પોરમેહેર માન અનંતજીવન દેય?”
26 ઈસુવે ચ્યાલ આખ્યાં, “મૂસા નિયમશાસ્ત્રામાય લોખલાં હેય, તું
કેહેકેન હોમાજતોહો?”
27 ચ્યાય જોવાબ દેનો, “તું પ્રભુ આપહે પોરમેહેરાલ આપહે બોદા
મોના કોઇન, આપહે બોદા બુદયે કોઇન, આપહે બોદા જીવા કોઇન,
એને આપહે આખી ગોતીયે કોઇન પ્રેમ રાખના; એને પોતાવોય જેહે પ્રેમ
કોઅતાહા તેહેકોય પોડુસીવોય પ્રેમ કોઅના.”
28 ઈસુવે ચ્યાલ આખ્યાં, “તો જોવાબ હાચ્ચો હેય, એહકોયજ કોઓ
તોવે તુલ ઈ અનંતજીવન મિળી.”
29 બાકી તો ચ્યા કામાલ હાચ્ચો ઠોરવાહાટી ઈસુવાલ પુછ્યાં, “તો
મા પોડુસી કું હેય?”

30 ઈસુવે યોક કહાની આખી, યોક માટડો યેરૂસાલેમ શેહેરામાઅને
યેરીખો શેહેરામાય જાંઆહાટી ચાલ પોડયો, ઓલહામાય તો બાંડાહા
આથામાય સાપડાઈ ગીયો, ચ્યા લોકહાય ચ્યા ફાડકે એને બોદી વસ્તુ
ચ્યાપાઅને લુટી લેદા, એને ચ્યાલ ઠોક્યો એને મોઅઇ જાય ઓહડો
કોઇન છોડી દેનો, તોવે ચ્યાલ રા દેયન જાતા રિયા.
31 ઓલહામાય એહેકોય જાયા યોક યહૂદી યાજક ચ્યે વાટેરે જાતો
આતો, બાકી તો એઅઇન ચ્યા મોદાત કોઅયા વોગાર જાતો રિયો.
32 એહેંજ કોઇન યોક લેવી કુળા માઅહું બી તાં યેનો, બાકી તો
એઅઇન ચ્યા મોદાત કોઅયા વોગાર જાતો રિયો.
33 બાકી યોક સમરૂન ભાગા માઅહું વાટે જાતા એલો આતો ચ્યા
માઅહા પાય યેય પોઅચ્યો, એને ચ્યાલ એઇન ચ્યાલ દયા યેની.
34 ચ્યે ચ્યા પાહાય યેયન ચ્યા જોખમા ઉપે તેલ એને દારાખા રોહો
રેડીન પાટા બાંધ્યા, એને પોતા ફૂરક્યાવોય બોહાડીન ચ્યાલ યોક મુસાફરી
રોનારા જાગે લેય ગીયો એને તાં ચ્યા સેવાચાકરી કોઅયી.
35 બીજે દિહે ચ્યે ચ્યા જાગા માલિકાલ બેન દીનાર (દીનાર એટલે બેન
દિહા કામાણી ઓઅહે) કાડીન દેના, એને આખ્યાં, "તું ચ્યા સેવાચાકરી
કોઅજે, એને તુલ જી કાય વોદારે ખોરચો લાગી, તીં આંય પાછો વોળી
યીહીં, તોવે તુલ દેય દિહી."
36 આમી તુલ કાય લાગહે, ચ્યા બાંડાહા આથામાય પોડલા માઅહા
પોડુસી યા તીન્યાહા માઅને કું બોન્યો?
37 ચ્યે જાવાબ દેનો "ચ્યાવોય જ્યેં દયા કોઅયી તો બાહા" ઈસુવે
ચ્યાલ આખ્યાં, "તોવે જો, તું હોગો યેજપરમાણે કોઅજે."

## માર્થા એને મરિયમ

38 પાછે ઈસુ એને ચ્યા શિષ્ય મુસાફરી કોઇન યોકા ગાવામાય યેય
પોઅચ્યા. એને તાં માર્થા નાંવી યોક થેઅયે ચ્યાલ ગાંવારો યાં આખ્યાં.
39 ચ્યેલ મરિયમ નાંવી બોઅહી આતી, તી પ્રભુવા પાગહાપાય
બોહીન ચ્યા વાતો વોનાયા કોઅહે.
40 બાકી માર્થા ખાઅના રાંદતા-રાંદતા ગાબરાય ગીયી, એને તી
ઈસુવાપાય યેયન આખા લાગી, "ઓ પ્રભુ, મા બોઅયેહે બોદા કામ
મા યોખલી ઉપેજ છોડયહા? યાહાટી ચ્યેલ આખ કા મા મોદાત કોએ."

41 બાકી પ્રભુ ઈસુય જાવાબ દેનો, કા “માર્થા, ઓ માર્થા; તું બોજ
વાતહે ફિકાર કોઅતીહી, એને ગાબરાતીહી.
42 બાકી યોકુજ વસ્તુ જરુર હેય મરિયમે હારો વાટો નિવડી લેદહો,
એને તો ચ્યે પાયને નાંય લેવાય.”

# 11

## પ્રાર્થના હિકાડના
*(માથ્થી 6:9-15)*

1 પાછે ઈસુ યોકે જાગે પ્રાર્થના કોઇ રિઅલો આતો, જોવે પ્રાર્થના કોઇ
પાડી, તોવે ચ્યા શિષ્યહા માઅને યોકે ચ્યાલ આખ્યાં, “પ્રભુ આમહાન
પ્રાર્થના કોઅરા હિકાડ, જેહે કોઇન યોહાન બાપતિસ્મા દેનારાય ચ્યા
શિષ્યહાન હિકાડયાં.”
2 તોવે ઈસુવે ચ્યાહાન આખ્યાં, “જોવે તુમા પ્રાર્થના કોઅહા તોવે
એહેકોય આખા: ‘ઓ આબા’ તો આગના માનલી જાય, તો રાજ્ય યેય.
3 આમહાન બોદા દિહા ખાઅના દે, જીં ચ્યા દિહા હાટી જોજહે.
4 ‘એને આમહાન આમહે પાપહા માફી દે’ કાહાકા આમા આમહે
દુશ્માનાહાન માફી દેજહે ‘આમહાન પરીક્ષામાય મા ટાકહે’ બાકી
સૈતાનાથી બોચાડ.”

## માગતા રોઅના
*(માથ્થી 7:7-11)*

5 એને ઈસુવે ચ્યાહાન આખ્યાં, તુમહામાય કોઅહો ઓહડો દોસ્તાર
ઓરી, તો ચ્યાપાય આરદી રાતે યેઇન આખે, ઓ દોસ્તાર માન તીન બાખે
દે.
6 કાહાકા યોક મુસાફીર દોસ્તાર મા ઈહીં યેનહો, એને ચ્યાલ ખાવાડુ
ઓહડા માયેપાંય કાય નાંય હેય.
7 એને તો ગોઅમેરે જાવાબ દેહે, માન આબદા મા દેહે, આમી
બાઅણા બંદ હેય, એને મા પોહેં માપાય હુતલે હેતેં, યાહાટી આંય તુલ
ઉઠીન નાંય દી હોકુ.
8 બાકી આંય તુમહાન હાચ્ચાં આખતાહાવ, જો તો ચ્યા દોસ્તાર
ઓઇન બી ચ્યાલ ઉઠીન નાંય દેય, બાકી ચ્યા લાજ છોડીન માગના લેદે
ચ્યાલ જોલા જરુરી હેય તોલા ઉઠીન દી.

9 એને આંય તુમહાન આખતાહાવ, તુમહાન જીં જોજે તી
પોરમેહેરાપાય માગા એને તો તુમહાન દી હોદાહા તે તુમહાન જોડી
ઠોકાહા, તે તુમહેહાટી ઉગાડવામાય યી.
10 કાહાકા જો કાદો માગહે, ચ્યાલ મિળહે; એને જો કાદો હોદહે,
ચ્યાલ જોડહે; એને જો કાદો ઠોકહે, ચ્યાહાટી ઉગાડી દેવામાય યેહે.
11 જો પોહો બાખે માગે તે તુમહામાયને કાદો આબહો પોતે પોહાલ
દોગડો નાંય દેય. યેજપરમાણે, જો તુમહે પોહેં માછલા માગે તે ચ્યાલ
જેરીવાળા હાપડા નાંય દેય.
12 કા હાકૂ માગે તોવે ચ્યાલ વીછડા નાંય દેય.
13 એને જોવે તુમા ખારાબ હેય, તેરુંબી તુમહે પોહાહાન તુમા હાર્યો
વસ્તુ દાં માગતેહે, તે તુમહે હોરગામાઅને આબહો ચ્યાપાય જયેં માગતેહે
ચ્યાહાન પવિત્ર આત્મા દેઅના જાંઅહે.

### ઈસુ એને સૈતાન
### *(માથ્થી 12:22-30; માર્ક 3:20-27)*

14 પાછે ઈસુવે યોક મુકા બુતાલ કાડયો, જોવે બુત નિંગી ગીયો, તોવે
મૂકો બોલતો લાગ્યો, એને લોકહાન બોજ નોવાય લાગી.
15 બાકી કોલહાયોક લોકહાય આખ્યાં કા, "તો સૈતાન જો બુતાહા
મુખ્ય હેય ચ્યા મોદાત લેઈને બુતાહાન તાંગાડેહે."
16 એને ચ્યા ઈસુલ ફોસવા હાટી ઈ માગણી કોઇ રીયલા આતા, કા
આમહાન હોરગા એહેરે મોઠે ચિન્હ દેખાડ.
17 બાકી ચ્યાય ચ્યાહા વિચાર જાંઆઈ ગીયો, એને ઈસુવે ચ્યાહાન
આખ્યાં, "જયા-જયા દેશામાય ફુટ પોડહે, તી રાજ્ય નાંય ટોકે; એને જયા
ગાઆમાય ફુટ પોડહે, તી ગુઉ નાંય ટોકી હોકે.
18 એને જોવે સૈતાન જો બુતાહા મુખ્ય પોતાનાજ બુતાહા આરે
વિરુદી ઓઅઇ જાય, તે ચ્યા રાજ્ય કેહેકેન ટોકી હોકી? કાહાકા તુમા
આખતાહા કા સૈતાના મોદાતે કોય આંય બુત કાડતાહાવ.
19 જો, આંય સૈતાન જો બુતાહા મુખ્ય હેય ચ્યા મોદાતે કોઇ બુતહાલ
કાડહુ, તોવે તુમહે પીડી કા મોદાતકોય કાડતેહે? ચ્યાહાટી તો તુમહે
ન્યાય કોઅરી.

20 બાકી જોવે આંય પોરમેહેરા સામર્થ્યા કોઇન બુત કાડહુ, તોવે
પોરમેહેરા રાજ્ય તુમહે પાહી યી ચુકલા હેય.
21 તાકાતવાળા માઅહું આથીયાર લેઈને ગોઆ રાખવાળી કોએ,
તોવે ચ્યા મિલકાત બોચી રોય.
22 બાકી જોવે ચ્યા કોઅતો મોઠી તાકાતવાળા માઅહું લોડીન જીતે,
તોવે ચ્યા આથીયાર જ્યાવોય તો બોરહો થોવા આતો, તી બોદા તો લેય
લેહે, એને ચ્યા મિલકાત લુટીન વાટી દેહે.
23 જો માઅહું મા આરે નાંય હેય, તો મા વિરુદમાય હેય, એને જો
માઅહું મા આરે ગોળો નાંય કોએ તો વેરેહે."

## બુતા આત્માહા પાછા વોળી યેયના
*(માથ્થી 12:43-45)*

24 "જોવે બુત માઅહા માઅને નિંગી જાહે, તોવે ઉખાલા જાગામાય
આરામ હોદતો ફિરહે, બાકી મીળે નાંય તોવે પોતાલ આખહે, આંય જ્યા
માઅહા માઅને યેનેલ તાંજ ફિરી જાહીં.
25 એને ફિરી યેઇન ચ્યાલ ચ્યા માઅહા જીવન ગોઆ હારકા દેખાયેહે
જો ચોખ્ખાં સોબાડલા બાકી રીકામા હેય.
26 તોવે તીં જાયને ચ્યે કોઅતા વોદારે હાંત બુતાહાલ લી યેહે, એને
ચ્યે ચ્યા માઅહામાય ઉરાય જાતહેં એને તાંજ રોતેહેં, એને ચ્યા માઅહા
પાછલી દશા પેલ્લા કોઅતાબી ખારાબ બોની જાહે."
27 જોવે ઈસુ યો વાતો આખી રિઅલો આતો, તોવે ગીરદીમાઅને યોક
થેઅયે મોઠેરે બોંબલીન આખ્યાં, ધન્ય હેય તી થેએ, જ્યેય તુલ જન્મો
દેનહો એને તુલ દુદ પાજહયા.
28 ઈસુવે આખ્યાં, "હાં, બાકી ધન્ય હેય જ્યેં પોરમેહેરા વચન
વોનાયને પાળતેહે."

## હોરગા નિશાણી માગતાહા
*(માથ્થી 12:38-42; માર્ક 8:12)*

29 જોવે લોકહા મોઠી ગીરદી બેગી ઓઅતી જાતી આતી તોવે તો
ચ્યાહાન આખતો લાગ્યો, "યે પીડી લોક ખારાબ હેય, ચ્યે ચિન્હ હોદતેહેં,
બાકી યોના ભવિષ્યવક્તા ચિન્હ છોડીન બીજી કાય ચિન્હ નાંય દેવાય.

30 જેહેકેન યોના નીનવે શેહેરા લોકહાહાટી ચિન્હ ઠોર્યો, તેહેકેન યે
પેડયે હાટી માઅહા પોહોબી ચિન્હ ઠોરી.
31 દક્ષીણ રાણી ન્યાયા દિહી યી પીડી લોકહાઆરે ઉઠીન, ચ્યાલ
દોષી ઠોરવી, કાહાકા તી સુલેમાના જ્ઞાન વોનાયા હાટી બોજ દુઉને યેનેલ;
એને એઆ, ઈહીં તો હેય, જો સુલેમાના કોઅતો મોઠો હેય, બાકી તુમા
પાપ છોડાહાટી મોનાઈ કોઅતેહે.
32 નીનવે શેહેરા લોક ન્યાયા દિહી યા પીડી લોકહાઆરે ચ્યા દોષી
ઠોરવી, કાહાકા ચ્યાહાય યોના આખલ્યા વોનાયને પાપ છોડયા; એને
એઆ, ઈહીં તો હેય, જો યોના કોઅતો મોઠો હેય, બાકી તુમા પાપ
છોડાહાટી મોનાઈ કોઅતેહે."

### શરીરાહાટી દિવો
### *(માથ્થી 5:15; 6:22-23)*

33 કાદ્દો દિવો લાવીન ચ્યાલ ટોપલ્યે તોળે કા ચોપા કોઇન નાંય ડાકેત
બાકી ઉચે દીવત્યાવો થોવતેહે કાહાકા તોવે ચ્યા ઉજવાડો ગોઆમાય
યેનારાહાલ મીળે.
34 ડોળો શરીરાહાટી દિવા હારકો હેય: યાહાટી તો ડોળા નોજાર
ચોખ્ખી રોય, તોવે તો બોદા શરીર ઉજવાડા ઓરી, બાકી જોવે તો
ખારાબ હેય, તે તો બોદા શરીર આંદારાવાળા રોય.
35 યાહાટી હાચવીન રા, તુમહેમાય જીં ઉજાળાં હેય તી આંદારાં નાંય
બોને.
36 યાહાટી તો બોદા શરીર ઉજાળાં ઓરી, એને ચ્યામાય કોઅહોજ
ભાગ આંદારાં નાંય રોય, તોવે બોદેજ એહેકોય ઉજાળાં રોય, જોવે દિવો
પોતાના ઉજવાડા કોય તુલ ઉજવાડા દેહે.

### મૂસા નિયમ હિકાડનારા ગુરુ એને પોરૂષી
### *(માથ્થી 23:1-36; માર્ક 12:38-40; લુક. 20:45-47)*

37 જોવે ઈસુ વાતો આખી રિઅલો આતો તોવે યોક પોરૂષીય ચ્યાલ
વિનાંતી કોઅયી કા, મા ગોઓ ખાં યે, એને ઈસુ ચ્યા ગોઓ જાયન ખાં
બોઠો.
38 પોરૂષી લોક ઈસુલ એઇન નોવાય લાગી કા ખાં પેલ્લા ચ્યાય આથ-
પાગ નાંય દોવ્યા.

39 બાકી પ્રભુવે ચ્યાહાન આખ્યાં, ઓ પોરૂષીહાય તુમા થાળી એને
વાટકે ઉપે ચોળતાહા, બાકી માજે લોબ એને લુચ્ચાઈ બોઅલાજ હેય.
40 ઓ મુર્ખાહાય, જ્યેય ઉપેરે ભાગ બોનાવ્યો, કાય ચ્યેજ માજેરે
ભાગ બી નાંય બોનાવ્યો?
41 બાકી હાં, જી માજે હેય તી ગોરીબાહાન દે, એને બોદા તુમહેહાટી
ચોખ્ખાં રોય.
42 ઓ પોરૂષીહાય તુમહાવોય હાય, તુમા ફુદીના, એને સોફ, એને
જીરા દોસમો ભાગ દેતહા, બાકી ન્યાયાલ એને પોરમેહેરા પ્રેમ ટાળી
દેતહા, ઓરા જોજે કા તુમા યાલ બી કોઅતા રોતા એને યાલ બી નાંય
છોડતા.
43 ઓ પોરૂષીહાય તુમહાવોય હાય, તુમહાન સોબાયે ઠિકાણે પેલ્લો
જાગો ગોમહે એને આટામાય સલામ કોઆડના.
44 હાય તુમહેવોય, કાહાકા તુમા ચ્યા ડાકાલ્યે કબારે હારકા હેતા,
જ્યાહા ઉપને માઅહે ચાલીન જાતહેં, બાકી ચ્યાહાન ખોબારૂજ નાંય
પોડે.
45 તોવે યોકા મૂસા નિયમ હિકાડનારા ગુરુય જોવાબ દેનો, ઓ ગુરુ,
યો વાતો કોઇન તું આમે નિંદા કોઇ રિઅલો હેય.
46 બાકી ઈસુય ચ્યાલ આખ્યાં, ઓ મૂસા નિયમ હિકાડનારા ગુરુ
તુમહાવોય હાય, તુમા ઓહડો બાઆય વોજો જ્યાલ ઉસાલના કોઠાણ
હેય, માઅહા ઉપે થોવતાહા બાકી તુમા ચ્યા વોજાલ યોક આંગળી બી
નાંય લાવેત.
47 હાય તુમહાવોય, તુમા ભવિષ્યવક્તાહા કોબાર્યો હુદરાવતાહા,
જ્યાહાલ તુમહે આગલ્યા ડાયહાય માઆઇ ટાક્યેલ.
48 તુમા યે વાતહે સાબિતી હેતા, એને તુમહે આગલ્યા ડાયહા
કામહાથી રાજી હેતા, કાહાકા ચ્યાહાય તે ચ્યાહાન માઆઇ ટાક્યા એને
તુમા ચ્યાહા કોબાર બોનાડતાહા.
49 યાહાટી પોરમેહેરે આખ્યાં, આંય ચ્યાહાપાય ભવિષ્યવક્તા એને
પ્રેષિત દોવાડીહી, એને ચ્યાહામાઅને કોલહાખાનહાન માઆઇ ટાકી
એને કોલહાખાનહાન સતાવણી કોઅરી.
50 યાહાટી આકાશ દોરતી બોનાવીહી ચ્યાપાઅને જોલા
ભવિષ્યવક્તાહાન માઆઇ ટાકહયા, ચ્યાહા બોદો ઇસાબ, યે પીડી

લોકહાપાઅને લેદલો જાય.
51 હાબેલાલ માઆઇ ટાકના પાઅને લેયને જખરિયા માઆઇ ટાકના
લોગુ જો વેદ્યે એને દેવાળા વોચમાય માઆઇ ટાક્યેલ, આંય તુમહાન
હાચ્ચાં આખતાહાવ, ચ્યાહા ઇસાબ યે પીડી લોકહાપાઅને લેદલો જાય.
52 ઓ મૂસા નિયમ હિકાડનારા ગુરુ તુમહાવોય હાય! તુમહાય જ્ઞાન
તે મેળવી લેદહા, બાકી તુમા પોતે ચ્યામાય નાંય જાત, એને ચ્યામાય
જાનારાહાલ બી નાંય જાં દેત.
53 જોવે ઈસુ તાઅને ચાલ પોડયો તોવે પોરૂષી લોક એને મૂસા નિયમ
હિકાડનારા ગુરુ ચ્યા પાહલા પોડ્યા એને ખિજવાડા લાગ્યા, કા ચ્યા
ઈસુલ બોજ વાતહે સાવાલ કોઅરા ગીઅલા.
54 એને ચ્યાહાટી ટુંગી રિયા, કા ચ્યા ચોકદી વાતમાય દોઈ પાડે.

# 12

## પોરૂષી લોકહાથી હાચવીન રોજા

1 જોવે હજારો લોક ટોળો વોળીન ઈસુવાપાય યેને, ઓલે બોદે કા
ચોકબિજાલ બીચડી દેત, તોવે ઈસુ પેલ્લા ચ્યા શિષ્યહાન આખતો
લાગ્યો, "પોરૂષી લોકહા ડોંગ્યા હારકા ખમીરથી હાચવીન રોજા.
2 કાહાકા કોઅહીજ વસ્તુ ઓહડી નાંય હેય કા તી ડાકલી રોય એને
ચોકતી વસ્તુ ઓહડી નાંય હેય કા તી દુબાડી હોકાય બાકી બોદાંજ ખુલ્લાં
પોડી જાય.
3 તો આંદારામાય તુમહાય જીં આખ્યાં તી દિહા ઉજવાડામાય
વોનાયી, એને તુમહાય બાઆં ડાકીન કાનામાય દુંદરીન આખ્યાં, તી બોદે
જાગે બોંબલીન આખરી."

## કા દાકુ રાખના
*(માથ્થી 10:28-31)*

4 બાકી આંય તુમહાન જ્યા મા હાંગાત્યા હેતા આખતાહાવ, કા જ્યેં
શરીરાલ માઆઇ ટાકી હોકતેહેં બાકી ચ્યે આત્માલ નાશ નાંય કોઇ હોકે,
ચ્યાહાન મા બીયહા.
5 આંય તુમહાન ચેતાવણી દેયન આખતાહાવ કા કાદાલ બીયના
નાંય, બાકી જો માઆઇ ટાકી હોકે એને ચ્યા પાછે નરકા કોળીમાય

ટાકી હોકહે, ચ્યા પોરમેહેરાલ બીયજા, આંય હાચ્ચાં આખતાહાવ ચ્યા
પોરમેહેરાલ બીયજા.
6 કાય બેન્ પોયહામાય પાચ હાકરીયેં ચિડેં વેચાતેહે કા નાંય? તેરુંબી
ચ્યામાઅને યોકાલબી પોરમેહેર વિહરાય નાંય જાય.
7 તુમહે ટોલપીવોઅને કીહીં કોલહા હેય તી બી તો જાંઅહે. ચ્યાહાટી
તુમા બીયહા મા, તુમા બોજ ચિડહા કોઅતાબી કિમત્યા હેતા.

## ઈસુવાલ નાંય માનના મતલબ
## (માથ્થી *10:32-33; 12:32; 10:19-20)*

8 આંય તુમહાન આખતાહાવ, "જીં માઅહું લોકહા હોમ્મે માની લેહે
તો મા શિષ્ય હેય, ચ્યાલ આંય, માઅહા પોહોબી પોરમેહેરા હોરગા
દૂતહા હોમ્મે માની લિહીં.
9 બાકી જીં માઅહું માન માઅહા હોમ્મે નાંય માને, ચ્યાલ આંયબી
મા પોરમેહેરા હોરગા દૂતહા હોમ્મે આખી દિહીં કા ઓ મા શિષ્ય નાંય
હેય."
10 જીં કાદાં માઅહા પોહા વિરુદમાય વાત આખી, ચ્યા ઓ પાપ
માફ કોઅવામાય યી, બાકી જીં પવિત્ર આત્મા વિરુદમાય નિંદા કોએ,
ચ્યા પાપ નાંય માફ કોઅવામાય યી.
11 જોવે માઅહે તુમહાન ચ્યા સોબાયે ઠિકાણે એને આગેવાન એને
ઓદિકાર્યાપાય દોયન લેય જાય, તોવે કાય જાવાબ દેઅના, કા કાય
આખના, ચ્યા ચિંતા નાંય કોઅના.
12 "કાહાકા કાય આખના, તી ચ્યેજ સમયે પવિત્ર આત્મા તુમહાન
હિકાડી, કા કાય આખના હેય."

## યોક મિલકાતવાળા માઅહા દાખલો

13 પાછે ટોળામાઅને યોક જાંએ ઈસુલ આખ્યાં, "ગુરુજી, મા
બાહાલ તું આખી દે, કા આબહા મિલકાત માન વાટી દેય."
14 બાકી ઈસુય ચ્યાલ આખ્યાં, "ઓ બાહા, માન કુંયે તુમહે ન્યાય
કોઅરા કા મિલકાત વાટાં નિવડયોહો?"
15 પાછે ઈસુય ચ્યાહાન આખ્યાં, "હાચવીન રા, એને બોદા લોબથી
બોચી રોજા, કાહાકા જીવન કિમત્યા હેય તુમહે વોદારી મિલકાતે લેદે
નાંય હેય."

16 પાછે ઈસુવે ચ્યાહાન ચોક દાખલો આખ્યો કા, “ચોકતા માલદાર
માઅહા જમીનમાય બોજ હારાં પાક્યા.
17 તોવે તો મોનામાય વિચાર કોઅતો લાગ્યો, માન નાંય ખોબાર કા
આંય કાય કું? કાહાકા મા બોદો પાક થોવા હાટી મોઠો જાગો નાંય હેય.
18 તોવે ચ્યાય એહેકોય આખ્યાં, માન ખોબાર હેય કા માન કાય
કોઅરા જોજે: આંય પોતાના કોઠીલ તોડીન મોઠી બોનાડીહી, એને તાં
પોતાનો બોદો પાક એને માલમિલકાત થોવહી,
19 તોવે પોતાલ આખીહી કા ઓ મા જીવ, તુયેપાય બોજ વોરહા
લોગુ બોજ મિલકાત થોવલી હેય, યાહાટી તું આરામ કોઓ, ખાય-પીન
મોજ્યા કોઓ.
20 બાકી પોરમેહેરે ચ્યાલ આખ્યાં? ‘ઓ મૂર્ખા, આજે રાતી તું મોઅઇ
જાહે, તોવે જીં તુયે પોતાનાહાટી ચોખઠા કોઅલા હેય ચ્યાલ કું લી?’
21 એહકોયજ ચ્યા માઅહા આરે ઓઈ જીં બોદા કાય પોતાહાટી
ચોખઠા કોઅહે, બાકી પોરમેહેરા સેવા કોઅરાહાટી પોતે મિલકાતે એને
શક્તિ ઉપયોગ નાંય કોએ.”

### ચિંતા નાંય કોઅના
### (માથ્થી *6:25-34; 6:19-21)*

22 પાછે ઈસુય ચ્યા શિષ્યહાન આખ્યાં, ચ્યાહાટી આમા તુમહાન
આખતાહાવ, કા શારીરિક જીવના ચિંતા મા કોઅહા આમા કાય ખાઉં
એને કાય પિયહું; પાછા આમા શરીરામાય કાય પોવહું.
23 કાય જીવન ખાઅનાથી, એને શરીર ફાડકાહા કોઅતા વોદારે
કિમત્યા હેય.
24 નેંડાડાહાલ એઅયા, ચ્યે પોએત નાંય, એને વાડેત નાંય, એને
નાયતે કોઠયેમાય થોવેત, તેરુંબી પોરમેહેર ચ્યાહાન ખાવાડેહે, તુમહે
કિંમાત ચિડહા કોઅતી વોદારે હેય.
25 તુમહામાયને ઓહડો કું હેય, જો પોતે જીવના બારામાય ચિંતા
કોઅવાથી પોતે જીવન લાંબાવી હોકહે?
26 યાહાટી જો તુમા બોદહાથી વાહના કામબી નાંય કોઇ હોકે, તો
જીવનામાય બિજ્યે વાતહે બારામાય કાહા ચિંતા કોઅતાહા?
27 “એને ફાડકાહાટી કાહા ચિંતા કોઅતાહા? જાડયેમાયને
ફૂલજાડવા તુમા દિયાન કોઆ, ચ્યે કેહેકેન વોદતેહે; ચ્યે કાય મેહનાત

નાંય કોએત, એને એ ફાડકે બી નાંય બોનાડે. તેરુંબી આંય તુમહાન
આખહુ કા, સુલેમાન રાજાબી આ ઓલીબોદી સુંદરતા આતી તેરુંબી
આય આહા હારકે ફાડકે નાંય પોવલે.
28 આહાટી પોરમેહેર રાનામાઅને ગાહીયાલ, જીં આજે હેય એને
હાકાળ વાડીન આગડામાય ટાકી દી, ઓહડાલ તો ફાડકે પોવાડેહે,
તે ઓ વોછો બોરહો થોવનારાહાય, તુમહાન તો યા કોઅતા વોદારે
દેખભાલ કોઅરી.
29 તે તુમા યા બારામાય ચિંતા મા કોઅહા, કા કાય ખાહું એને કાય
પિયહું, એને શંકા મા કોઅહા.
30 કાહાકા દુનિયામાઅન્યા ગેર યહૂદી લોક યે બોદ્યો વાતો હોદતાહા,
બાકી તુમહે હોરગામાઅને આબહો જાંઅહે, કા તુમહાન યે વસ્તુહુ
ગોરાજ હેય."
31 બાકી હોરગ્યા રાજ્યામાઅને વાના હોદ કોઆ, તોવે તુમહાન
દોરત્યેવોયને બોદા વાના મિળી જાય.

### મિલકાત કેસ બેગા કોઅના

32 "તોવે ઈસુવે આખ્યાં, તુમા ગેટહા યોક હાના ટોળા હારકે હેય,
યાહાટી કોઅયેહેબી વાતે તુમા બીયહા મા, કાહાકા પોરમેહેર આબાલ
ઈ ગોમ્યા, કા તુમહાન રાજ્ય દી.
33 તુમહે મિલકાત વેચી દિયા, એને ગોરીબાહાન દાન દિયા; એને
મોજરાય નાંય જાય ઓહડી ઠેલી રાખા, બાકી આપહેહાટી હોરગામાય
મિલકાત બેગા કોઅયા, તાં ઘોટી નાંય જાય, જ્યા પાહાય બાંડ નાંય
યેય, એને ઉદાડા નાંય ખાય.
34 કાહાકા જાં તો મિલકાત હેય, તો મોન સાદા તાંજ લાગલા રોય."

### કાયામ્ તિયારી રા
*(માથ્થી 24:42-44)*

35 તુમા સાદા કામ કોઅરાહાટી તિયારી રા એને મા યેયનાહાટી પુરી
રાત દિવા હોલગાડી રાખા.
36 એને તુમા આ લોકહા હારકે બોના, જ્યા પોતે માલિકા વાટ
એઅઇ રિયહો, કા તો વોરાડયાહા ઇહિને ફિરી યેયન દરવાજો ખોકડાવી
તે તારાતુજ આહાટી ખોલી દેય.

37 ધન્ય હેય ચ્યા ચાકાર, જ્યાહાન માલિક પાછો યેયનાહાટી વાટ
એઅતા દેખે, આંય તુમહાન હાચ્ચાં આખતાહાવ કા ચ્યાહા માલિક
યોકા ચાકારા હારકે ફાડકે પોવીન ચ્યાહાન ખાઅના ખાં બોહતાડી, એને
ચ્યાહાપાય યેયન ચ્યાહા સેવા કોઅરી.
38 જો તો આરદ્યે રાતી, કા ઉજાળાં ઓઅતા યેયન ચ્યાહાન વાટ
જોવતા એઅે, તોવે ચ્યા ચાકાર ધન્ય હેય.
39 બાકી ઈ જાંઆઈ લીયા, કા જો ગાઆ માલિકાલ એહેકોય માલુમ
રોતા, કા બાંડ કોઅહે વેળાઈયે યી, તે તો જાગતો રોતો; એને પોતે
ગોઆમાય ચોરી નાંય ઓઅરા દેતો.
40 તુમાબી તિયાર રા, કાહાકા જ્યેં વેળાઈયે તુમા જાંએબી નાંય, ચ્યે
વેળાયે માઅહા પોહો યેઅઈ જાય.

## બોરહાવાળો ચાકાર કું?
## *(માથ્થી 24:45-51)*

41 તોવે પિત્તરે આખ્યાં, "ઓ પ્રભુ, કાય ઓ દાખલો તું આમહાલુજ
આખતોહો, કા બોદહાન?"
42 એને પ્રભુવે આખ્યાં, "ઈમાનદાર એને બુદ્ધિમાન કારબારી કું હેય?
જ્યાલ માલિકાય પોતાના નોકાર-ચાકારાવોય કારબારી બોનાડયોહો, કા
તો સોમયાવોય ચ્યાહાન ખાઅના વસ્તુ દેય.
43 ધન્ય હેય, તો ચાકાર, જ્યાલ માલિક યેઇન એહેંજ કોઅતો
એએય.
44 આંય તુમહાન હાચ્ચાંજ આખતાહાવ કા; તો ચ્યાલ ચ્યા પોતાની
બોદી મિલકાત્યે ઓદિકારી બોનાડી દી.
45 બાકી જોવે ચાકાર એહેકેન વિચાર કોઆ લાગે કા, મા માલિકા
યેયના આજુ વાઆ હેય, એને એહેકોય આખીન બિજા ચાકાર એને
ચાકારીહીન ઠોકાં લાગે, એને ખાતો પિતો લાગે, સાકાટ બોની જાય.
46 તોવે તો ચ્યા કારબારી માલિક પાછો યી, જોવે તો ચ્યા વાટ નાંય
જોવે, એને ઓહડા સોમાયા જ્યા બારામાય તો જાંઆય બી નાંય. તોવે
તો ચ્યાલ બોજ કોઠાણ સાજા દેયન એને ચ્યા ભાગ ડોંગ્યા લોકહાઆરે
ઠોરવી.

47 બાકી જો ચાકાર ચ્યા દોણ્યા ઇચ્છા જાંઅતો આતો, એને તિયારી
નાંય રિયો, એને ચ્યા ઇચ્છા પરમાણે નાંય ચાલ્યો, ચ્યાલ બોજ માર
પોડી.
48 બાકી જો ચાકાર નાંય જાંઆય, એને માર જોડે ઓહડો
કામ કોઅહે, ચ્યાલ વોછો માર પોડી, ચાહાટી જ્યાલ બોજ દેનલા
હેય, ચ્યાપાઅને બોજ માગવામાય ચી, એને જ્યાલ બોજ હોપ્યહા,
ચ્યાપાઅને બોજ લેવામાય ચી.”

## શાંતી નાંય બાકી ફુટ
*(માથ્થી 10:34-36)*

49 આંય દોરત્યેવોય આગ લાવાં ચેનોહો, એને આમી હોલગી જાતા
તી માન કોલાં હારાં!
50 માન માહારુજ ચોક ભયંકર આબદા બોગાવના હેય, જાવ લોગુ
તી આબદા નાંય બોગવું, તાંઉલોગુ મા જીવ કોલો નિરાશ હેય!
51 “ઈ મા હુમાજતા કા આંય દોરત્યેવોય લોકહાવોચમાય શાંતી દાં
ચેનહો, આંય દોરત્યેવોય લોકહાવોચમાય શાંતી નાંય બાકી આલાગ
કોઆડાં ચેનહો.
52 કાહાકા આમી પાછે ચોકા ગોઆમાય પાચ જાંઆ રોતા ઓરી,
ચ્યાહામાય ફુટ પોડી, તીન લોક જ્યા માયેવોય બોરહો નાંય કોએ, ચ્યા
બેન જાંઅહા વિરુદ કોઅરી જ્યા માયેવોય બોરહો કોઅતાહા, એને
એહકોયજ બેન જાંઆ તીનહ્યા આરે કોઅરી.
53 આબહો પોહાઆરે, એને પોહો આબહા આરે વિરુદ કોઅરી,
એને આયહો પોહયે આરે, એને પોહી આયહે વિરુદ કોઅરી, હાહુ
વોવલ્યેહે આરે એને વોવલીહી હાહુ આરે વિરુદ કોઅરી.”

## સમય વોળાખના
*(માથ્થી 16:2-3)*

54 એને ઈસુવે લોકહાન આખ્યાં, “જોવે દિહી બુડતા એછરે વાદળાં
ચોડતા દેખાય, તોવે તુમા તારાત આખતાહા કા, પાઆઈ ચી, એને
હાચ્ચાંજ પાઆઈ ચેહે;
55 એને બોખરો ચેતો દેખીન, તુમા આખતાહા, કા તીડકા લાગી ઉઠી,
એને એહેકોય હાચ્ચાંજ બોનહે.

56 ઓ ડોંગ્યાહાય, આકાશ એને દોરત્યે બારામાય પારાખતા તુમહાન
આવડેહે, બાકી આમી યા સમાયામાય પોરમેહેર કાય કોઅરા માગહે ચ્યા
બારામાય તુમા નાંય હોમજે?

### પોતાના ગુચવાણ દુર કોઅના
### *(માથ્થી 5:25-26)*

57 તુમહાય પોતે નોક્કી કોઅરા જોજે કા તુમહેહાટી કાય કોઅના
ઠીક હેય?
58 કાહાકા જોવે તું ફીરાદીવાળા આરે કોચર્યે વાટે જાહે, તાંઉ
ચ્યાપાઅને છુટા હાટી કોશિશ કોઓ નાંય તે તો તુલ ન્યાય કોઅનારા
પાય દોઇન લેય જાય, ન્યાય કોઅનારો તુલ સીપાડાલ હોઅપી દી, એને
સીપાડા તુલ જેલેમાય કોંડી દી.
59 આંય તુલ હાચ્ચાં આખતાહાવ કા જાંઉ લોગુ બોદા પોયહા
બોઅઇ નાંય દેય, તાંવ લોગુ તું જેલેમાઅને છુટી નાંય હોકહે."

# 13

### પાપ સોડીદા નેતે નાશ ઓઈ જાહા

1 ચ્યે સોમાયામાય કોલાક લોક યેના, એને ઈસુવાલ ચ્યા ગાલીલ
ભાગા માઅહા બારામાય આખતા લાગ્યા, જ્યા લોકહાન પિલાત
રાજાય દેવાળામાય બલિદાન ચોડાવના સમયે માઆઇ ટાક્યા.
2 ઈ વોનાયને ઈસુય ચ્યાહાન આખ્યાં, "કાય તુમા હોમાજતેહે કા ઈ
ગાલીલ ભાગા માઅહું બિજા ગાલીલ વિસ્તારા માઅહા કોઅતા બોજ
પાપી આતા કા ચ્યાહાવોય ઓહડી આબદા પોડી?"
3 "આંય તુમહાન આખહુ, કા નાંય; જો તુમાબી પાપ નાંય છોડહા તે
તુમાબી યેજ રીતેકોય નાશ ઓઅહા.
4 નાયતે કાય તુમા હોમાજતાહા, જ્યા અડાર જાંઅહા બારામાય
જ્યાહાવોય યેરૂસાલેમ શેહેરા પાહીને શિલોહ બુરુજ ટુટી પોડીન,
દાબાઈન મોઅઇ ગીયા, કાય ચ્યા યેરૂસાલેમ શેહેરા લોકહા એને
યેરૂસાલેમમાય રોનારે બોદહા કોઅતે વોદી પાપી આતેં?
5 આંય તુમહાન આખહુ કા; તુમા પાપ નાંય છોડહા તે તુમહે નાશ
યેજ રીત્યેકોય ઓઅરી."

### ફળ વોગાર અંજીરા જાડા દાખલો

6 પાછે ઈસુય દાખલો બી આખ્યો, "કાદા તેરી દારાખાહા વાડીમાય
અંજીરા જાડ આતા, દર વોરહે તો ચ્યામાય ફળ હોદા યેય, બાકી નાંય
જોડયા.
7 તોવે ચ્યાય વાડી રાખવાળ્યાલ આખ્યાં, 'એએ, તીન વોરહા કોય
આંય યા અંજીરા જાડાવોય ફળ હોદા યાહુ, બાકી નાંય મીળે, યાલ
ખાંડી ટાક કા તીં હાર્યે જમીનીલ બી બોગડાવી રીયહા.'
8 વાડી રાખવાળ્યાય માલિકાલ જોવાબ દેના, ઓ માલિક, યાલ યે
વોરહી આજુ રા દે, કા યા જાડા યારી ખૂણહામાય ખોદીન ખોત ટાકું.
9 જો યેતે વોરહી ફળ દેય તોવે હારાં, નાંય તે ચ્યાલ ખાંડી કાડહુ."

### ડોંગી વોળી ગીઅલી બાઈલ હારાં કોઅના

10 આરામા દિહે ઈસુ યોક સોબાયે ઠિકાણે હિકાડતો આતો.
11 તાં યોક બાઈ આતી, એને જયેં કૉબરામાયને ડોંગી વોળી ગીઅલી
આતી, એને કોઅયેહેજ રીતે તી હિદી ઓઈ નાંય હોકતી આતી.
12 ઈસુય ચ્યેલ એઇન હાદ્યા, એને આખ્યાં, "ઓ બાઈ, તું તો
નોબળાયે માઅને હારી ઓઈ ગીયી."
13 તોવે ઈસુય ચ્યેવોય આથ થોવ્યો, એને તી તારાત હિદી ઓઈ
ગીયી, એને પોરમેહેરા મહિમા કોઅરા લાગી.
14 યાહાટી કા ઈસુય ચ્યેલ આરામા દિહી હારી કોઅયેલ, સોબાયે
ઠિકાણે જો આગેવાન ખિજવાઈન લોકહાન આખા લાગ્યો, "યોકા
આઠવાડયામાય છ: દિહી હેતા આમહાન કામ કોઅરાહાટી, ચ્યાહાટી
ચ્યાજ દિહામાય યેયન હારેં ઓરા, બાકી આરામા દિહે નાંય."
15 ઈ વોનાઈન પ્રભુય જોવાબ દેનો, "ઓ ડોંગ્યાહાય, કાય આરામા
દિહે તુમહે ડોબહાલ એને ફૂરક્યાહાલ છોડીન પાંઈ પાજા નાંય લી જાત?
16 તો કાય ઈ હારાં નાંય હેતા, કા ઈ બાઈ જી આબ્રાહામા કુળામાઅને
હેય, જયેલ સૈતાનાય અડાર વોરહા લોગુ બાંદી રાખલી આતી, આરામા
દિહી ચ્યેલ બંધનામાઅને છોડવામાય યેહે?"
17 જોવે ઈસુય યો વાતો આખ્યો, ચ્યા બોદે વિરુદી લાજવાઈ ગીયા,
એને લોકહા બોદો ટોળો તીં મહાન કામે તો કોઅતો આતો, ચ્યાહાથી
ચ્યે આનંદિત ઓઅયે.

## રાયે દાણા દાખલો
*(માથ્થી 13:31-33; માર્ક 4:30-32)*

18 પાછે ચ્યાય આખ્યાં, "પોરમેહેરા રાજ્ય કા હારકા હેય? એને આંય
ચ્યા ઉપમા કોહડા કોય દાવ?
19 તી રાયે દાણા હારકા હેય, જ્યાલ કાદા માઅહાય લેઈને પોતાના
રાનામાય પોઅયા એને તી વોદીન જાડ ઓઈ ગીયા; એને આકાશામાય
ઉડનારે ચિડેં યેઇન ચ્યા ડાહાગીવોય ગોરો કોઅયો."
20 ચ્યાય પાછે આખ્યાં, "આંય પોરમેહેરા રાજ્યા ઉપમા કોહડા કોય
દાવ?
21 તી ખમીરા હારકા હેય, જ્યાલ કાદો થેએયે લેયને તીન માપ
કુટામાય મોગલી દેના, એને દિરે-દિરે બોદો કુટ ખમીર ઓઈ ગીયો."

## હાકડા બાઅણા

22 ઈસુ શિષ્યહાઆરે શેહેર-શેહેર એને ગાવહે-ગાવહે જાયન
હિકાડતો યેરૂસાલેમ શેહેરા એછે જાય રિઅલો આતો,
23 એને કાદાય ચ્યાલ પુછ્યાં, "ઓ પ્રભુ, કાય પોરમેહેર વોછા
લોકહાન અનંતકાળા શિક્ષાથી બોચાવી?" ઈસુવે ચ્યાલ આખ્યાં,
24 "પોરમેહેરા રાજ્યામાય હાકડા બાઅણા માઅને જાઅના કોઠણ
હેય, કાહાકા આંય તુમહાન આખહુ, બોદેજ જાં માગી, બાકી નાંય જાય
હોકી.
25 જોવે પોરમેહેર, જો ગોઆ માલિક હેય, દરવાજો બોંદ કોય દી,
એને તુમા બારે ઉબે રોઇન દારવાજો ખોકડાવીન રાવ્યાં કોઇન આખહા,
'ઓ પ્રભુ, આમેહાટી દારવાજો ખોલી દે,' એને તો જોવાબ દી, 'આંય
તુમહાન નાંય વોળખું, તુમા કેછને હેય?'
26 તોવે તુમા આખહા, 'આમહાય તો હામ્મે ખાદાં-પિદાં એને તુયે
આમે આટામાય હિકાડયાં.'
27 બાકી તો આખરી, 'આંય તુમહાન આખહુ કા, આંય તુમહાન નાંય
વોળખું કા તુમા કેછને હેય, ઓ અન્યાય કોઅનારાહા, તુમા બોદે મા
ઇહિને દુઉ ઓઈ જાં.'
28 તાં રોડના એને દાત કોકડાવના ઓરી; જોવે તુમા આબ્રાહામા એને
ઈસાક એને યાકૂબા એને બોદા ભવિષ્યવક્તાલ પોરમેહેરા રાજ્યામાય
બોઠલા, એને તુમહાન બાઆ કાડી દેનલા એઅહા.

29 એને પૂર્વ એને પચ્છીમ, ઉત્તર એને દક્ષીણ એછને લોક યેઇન
પોરમેહેરા રાજ્યા જેવાણમાય ભાગીદાર ઓઅરી.
30 ઈ જાઈલા, કોલહેક જયેં આમી પાછલા હેય ચ્યે પેલ્લે ઓઅરી,
એને કોલહેક જયેં પેલ્લે હેતેં, ચ્યે પાછલા ઓઅરી."

### હેરોદ રાજા વિરુદ
### *(માથ્થી 23:37-39)*

31 ચ્યેજ સમાયે કોલહાક પોરૂષી લોકહાય યેયન ઈસુલ આખ્યાં,
"ઇહિને નિંગીન જાતો રો, કાહાકા હેરોદ રાજા તુલ માઆઇ ટાકાં
માગહે."
32 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "જાયને ચ્યાલ જો કોલાહ હારકો ચાલાક
હેય, આખી દે આંય આજે એને કાલે બુતાહાલ કાડીન બિમાર માઅહાલ
હારાં કોઅહુ, એને તીજે દિહી આપહે કામ આંય પુરાં કોઅઇ લિહીં.
33 તેબી માન આજે એને કાલે એને પોરે દિહી ચાલના જરુરી હેતા,
કાહાકા યોક ભવિષ્યવક્તા યેરૂસાલેમ શેહેરામાયજ માઅલો જાય".

### યેરૂસાલેમ શેહેરાહાટી ઈસુવા પ્રેમ

34 ઓ યેરૂસાલેમ શેહેરા લોકહાય, ઓ યેરૂસાલેમ શેહેરા લોકહાય,
તુમા ભવિષ્યવક્તાહાલ માઆઇ ટાકતાહા, જ્યાહાલ બોજ પેલ્લા
તુમહેપાય દોવાડયેલ, ચ્યાહાન દોગડાકોય ઠોકતાહા. કોલાદા માયે
ઇચ્છા કોઅયી કા જેહેકોય કુકડી પિચલાહાલ પાખડા તોળે બોચાવ
કોઅહે, તેહેકોય આંયબી તો પાહાહાન રાખવાળી કોઉ, બાકી તુમહે
ઇચ્છા નાંય આતી.
35 એઆ, યાહાટી આમી હોમજી લા કા તુમહે ગોઅ તુમહેહાટી
ઉજાડ કોઅવામાય યી. એને આંય તુમહાન આખતાહાવ, કા આમીને
લેઈને જાવ લોગુ તુમા નાંય આખહા, ધન્ય હેય જો, પ્રભુ ઓદિકારાકોય
યેહે, તાંવ લોગુ જાવ તુમા માન પાછા કોદહી નાંય એઅહા.

# 14

### આરામા દિહી હારાં કોઅના

1 પાછે ઈસુ આરામા દિહી પોરૂષી લોકહા આગેવાનાહા માઅને ચોકા
ગોઅમે ખાઅના ખાં ગીયો; એને ચ્યા ચ્યાવોય ચોકદીઠ એઇ રીઅલા
આતા ચાહાટી કા ચ્યામાય બુલ હોદી હોકે.
2 તાં ચ્યા હોમ્મે ચોક માઅહું આતા, જ્યામાય ચોક ઓહડો રોગ
આતો, કા ચ્યા આથ એને પાગ હુજી ગીઅલા આતા.
3 તોવે ઈસુય પોરૂષી લોકહાન એને મૂસા નિયમ હિકાડનારા ગુરુહુલ
પુછ્યાં, "કાય આરામા દિહી લોકહાન હારાં કોઅના આમે નિયમામાય
પરવાનગી હેય, કા નાંય?"
4 બાકી ચ્યા ઠાવકાજ રિયા, એને તોવે ચ્યાય ચ્યા માઅહાલ
આથલીન હારો કોઅયો, એને જાં દેનો.
5 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "તુમહેમાઅને કાદા પોહો કા ડોબાં આરામા
દિહી વેઅયે માય પોડી જાય તે ચ્યાલ તારાત નાંય કાડી લાહા?"
6 ચ્યા ચે વાતહે કાયજ જોવાબ નાંય દી હોક્યા.

## મુખ્ય લોકહા ચાકરી

7 જોવે ઈસુય એઅયા, કા આમંત્રણ કોઅલા લોક કેહેકેન ચ્યા જાગા
નિવડી લેતહા જાં માનાપાના લોક બોહતાહા, તોવે પાછે ચ્યાય ચોક
દાખલો દેયન આખ્યાં,
8 "જોવે તુલ કાદો વોરાડામાય હાદહે, તોવે મુખ્ય જાગામાય મા
બોહહે, જાં માનાપાના લોક બોહતાહા, એહેકોય નાંય ઓઈ, કા તોથી
બી વોદારે માનાપાના માઅહાલ આમંત્રણ દેના ઓરી.
9 એને જ્યાંય તુલ એને ચ્યાલ બેનહ્યાલ આમંત્રણ કોઅયા ઓરી,
ચેયન તુલ આખરી, 'ચ્યાલ જાગો દે,' એને તુલ તોવે લાજવાયન
બોદહાથી નિચલી જાગામાય બોહરા પોડી.
10 બાકી જોવે તુલ હાદવામાય યી, તોવે બોદહાથી નિચલા જાગાવોય
જાયને બોહો, કા જોવે તો, જ્યાંય તુલ આમંત્રણ દેનહા તો યી, તો તુલ
આખી, ઓ હાંગાત્યા, હામ્મે ચેયન બોહો, તોવે તોઆરે બોહનારાહા
હામ્મે તુલ માન મિળી.
11 કાહાકા જીં માઅહું પોતેજ મોઠા બોના માગહે, તી વાહનો બોની,
એને જીં માઅહું પોતાલ વાહના ગોણહે, ચ્યાલ મોઠો ગોણવામાય યી."

### ઇનામ

12 તોવે ઈસુવે જ્યાંય હાદ્યેલ ચ્યા પોરૂષીલ બી આખ્યાં, "જોવે તું
દિહયા કા રાતી ખાઅના ખાવાડે, તોવે તો હાંગાત્યો કા બાહહાલ કા
હોગવાડયાહાલ કા ધોનાડ્યા પોડુશ્યાહાન નાંય હાદતો, એહેકોય નાંય
ઓઈ કા ત્યેંબી તુલ હાદી, એને તો બોદલો ઓઈ જાય.
13 બાકી તું ખાઅના ખાવાડે, તોવે તું ગોરીબાહાલ, ઠોટયાહાલ,
અપંગાહાલ, લેંગડયાહાલ એને આંદળહાલ હાદા.
14 તોવે તું ધન્ય ઓઅહે, કાહાકા ચ્યાહા પે તુલ બોદલો દાંહાટી
કાયજ નાંય હેય, બાકી તુલ ન્યાયી લોક મોઅલા માઅને પાછા જીવી
ઉઠી, તોવે પોરમેહેર તુલ ચ્યા ઇનામ દી."

### વરાડા ખાઅના દાખલો
*(માથ્થી 22:1-10)*

15 ચ્યાઆરે ખાઅના ખાનારાહા માઅને ચોકાય ઈ વાત વોનાઈન
આખ્યાં, "ધન્ય હેય જો પોરમેહેરા રાજ્યામાય ખાઅના ખાઅરી."
16 ઈસુવે ચ્યાલ આખ્યાં, કાદા માઅહાય મોઠી મેજવાની દેની એને
બોજ જાઅહાલ હાદ્યા.
17 જોવે ખાઅના બોની ગીયા, તોવે ચ્યાય ચ્યા ચાકારાહાન આમંત્રિત
લોકહાન હાદાં દોવાડયા, યા, આમી ખાઅના તિયારી હેય.
18 બાકી બોદે ને બોદે માફી માગા લાગ્યેં, પેલ્લાય ચ્યાલ આખ્યાં,
માયે જાગો વેચાતો લેદહો, એને જરુરી હેય કા આંય ચ્યાલ એરા જાંઉ;
આંય તુલ વિનાંતી કોઅહુ, માન માફ કોઇ દે.
19 એને બીજાય આખ્યાં, માય પાચ જોડી ડોબેં વેચાતે લેદહે, એને
પારખા જાહું; આંય તુલ વિનાંતી કોઅહુ, માન માફ કોઇ દે.
20 ચોકાય પાછા યેયન આખ્યાં, માયે વોરાડ કોઅયાહાં, યાહાટી આંય
નાંય યેય હોકુ.
21 ચ્યા ચાકારાહાય યેયન યો બોદ્યો વાતો ચ્યાહા માલિકાલ આખ્યાં,
તોવે માલિકાલ ગુસ્સો યેનો એને ચ્યાય ચાકારાહાન આખ્યાં, શેહેરા
આટામાય એને ગોલ્યેહેમ તારાત જાયને ગોરીબ, પાંગળ્યા એને
લેંગડયા, એને આંદળા લોકહાન ઈહીં લેય યા.

22 ચાકારાય પાછા આખ્યાં, ઓ માલિક, જેહેકેન તુયે આખલા,
તેહેકેન કોઅયા; તેરુંબી જાગો હેય.
23 માલિકાય ચાકારાલ આખ્યાં, વાટહી વોય એને ગલહીમાય
લોકહાન વિનાંતી કોઇન લીયા કા મા ગુઉ બોરાય જાય.
24 કાહાકા આંય તુમહાન આખહુ, કા જ્યેં પેલ્લા આમંત્રિત કોઅલે
આતેં, ચ્યા લોકાહામાઅને કાદોબી મા ખાઅના માથી નાંય ખાય.

## ઈસુવા શિષ્ય કું બોની હોકહે?
## (માથ્થી 10:37-38)

25 જોવે મોઠો ટોળો ઈસુઆરે જાય રિઅલો આતો, ચ્યાય પાહલા
ફિરીન ચ્યાહાલ આખ્યાં,
26 બાકી કાદાં મા પાહી યેય, એને ચ્યા આબહો એને આયહો એને
થેઅઈ એને પોહેં એને બાહા એને બોઅયહો એને પોતા જીવાલ બી
અપ્રિય નાંય હુમજી, તોવે ચ્યા મા શિષ્ય નાંય ઓઈ હોકે.
27 જીં માઅહું મા શિષ્ય ઓઅના લીદે દુઃખ નાંય વેઠે એને
મોઅરાંહાટી તિયાર નાંય ઓએ, તીં મા શિષ્ય બોના લાયકે નાંય હેય.
28 જો તુમહેમાઅને કાદો બુરુજ બોનાડા માગહે, તો ચ્યા પેલ્લા
બોહીન યે વાતે ઇસાબ લાવે કા યાલ બોનાડાહાટી કોલહો ખોરચો
લાગરી, એને ચ્યાપાય ચ્યાલ પુરાં કોઅરાહાટી પુરતાં પોયહા હેય કા
નાંય.
29 જોવે ચ્યા એહેકોય નાંય ઓઈ, કા પાયો ટાકીન પાછે ચ્યાલ પુરાં
નાંય કોઇ હોકે, તોવે બોદે ચ્યાલ એઅનારે એહેકોય આખીન ઓહરી,
30 એઆ-એઆ ઈ માઅહું બોનાડા તે લાગ્યેલ બાકી આમી પુરાં નાંય
કોઅઇ રીયોહો?
31 પાછે, જોવે યોક રાજા દોહો ઓજાર સૈનિકાહા આરે બિજા
રાજા હાતે લોડાય કોઅરા નિંગહે, જ્યા વીસ ઓજાર સૈનિકા હાતે ચ્યા
વિરુદમાય યેનહા, તે બોદહા પેલ્લા તો બોહીન યે વાતે નક્કી કોઅરી કા
કાય તો ચ્યા બિજા રાજા હમલો કોઅરાહાટી પુરે રીતેથી તાકાતવાળો
હેય કા નાંય.
32 નાંય તે દુર રોહે તાવુંજ તો પોતાના દૂતહાન દોવાડીન ચ્યાહાઆરે
હોમજી લા માગી.

33 યેજપરમાણે તુમહેમાઅને જો કાદાં માઅહું પોતાના બોદાંજ છોડી
નાંય દેય, તો મા શિષ્ય નાંય બોની હોકે.

### મીઠાં દાખલો
*(માથ્થી 5:13; માર્ક 9:50)*

34 "મીઠાં તે જરુરી વસ્તુ હેય, બાકી મીઠાં ચોવવોગાર ઓઈ જાય,
તે કોઅહી વસ્તુકોય ખારાં કોઅહા?
35 તીં નાંય તે દોરત્યે હાટી નાંય તે ખોતા હાટી કામામાંય યેહે: ચ્યાલ
તે લોક બાઅા ટાકી દેતહા. જો વોનાયા હાટી તિયાર હેય તો વોનાય
લેય."

# 15

### ટાકાય ગીઅલા ગેટા દાખલો
*(માથ્થી 18:12-14)*

1 બોજ કર લેનારા એને જ્યાહાન લોક પાપી આખતેહે ચ્યા લોક ચ્યા
પાહી વોનાયા હાટી યાં આતા.
2 બાકી પોરૂષી લોક એને મૂસા નિયમ હિકાડનારા ગુરુ ટુટરીન આખા
લાગ્યા, "ઓ તે પાપહયા આરે મિળહે એને ચ્યાહાઆરે ખાહેબી."
3 તોવે ઈસુય ચ્યાહાલ ઓ દાખલો આખ્યો:
4 "તુમહેમાઅને કું હેય, જ્યાવોય હોવ ગેટેં રોય, એને યોક ટાકાઇ
જાય, તોવે નોવાણુ ગેટહાલ જાડયેમાય છોડીન, જો ગેટા ટાકાઇ ગીયહા
ચ્યાલ જાંઉ લોગુ નાંય સાપડી તાંવ લોગુ ચ્યાલ હોદતો નાંય રોય?
5 એને જોવે સાપડી જાહે, તોવે તો બોજ આનંદથી ચ્યાલ ચ્યા
ખાંદાવોય ઉસલી લેહે.
6 એને પોતાના ગોઓ યેયન ચ્યા હાંગાત્યા એને પોડુશ્યાહાન બેગે
કોઇન આખહે, 'મા આરે આનંદ કોઆ, કાહાકા મા ટાકાઇ ગીઅલાં
ગેટા મિળી ગીયહા.'
7 આંય તુમહાન આખહુ કા અયેજ રીતે યોક પાપ કોઅના બંદ
કોઅનારા પાપી લોકહા બારામાય હોરગામાય ઓલોજ આનંદ ઓરી,
જોલા કા નોવાણુ ઓહડા ન્યાયી લોકહા બારામાય બી નાંય ઓઈ,
જ્યાહાલ પાપ છોડના જરુરી નાંય હેય."

### ટાકાય ગીઅલા સિક્કા દાખલો

8 “ઈસુવે ગ્યાહાન પાછો યોક દાખલો દેનો, જોવે કાદો થેઅયે પાય
દસ ચાંદો સિક્કા હેય એને ગ્યાહામાઅને યોક સિક્કો ટાકાય જાય, તોવે
તી દિવો બાળીન, એને ગોઅમે બાઈ કાડી એને જાવ લોગુ નાંય મીળે
તાંવ લોગુ દિયાન દેયન હોદતી રોય.
9 એને જોવે સાપડી જાહે, તોવે તી ગ્યે બેનપોણીહિંલ એને પોડોશી
બાઇહીલ યોકઠ્યો કોઇન આખહે, ‘મા હાતે આનંદ કોઅરા, કાહાકા
ટાકાઇ ગીઅલો સિક્કો જોડી ગીયહો.’
10 આંય તુમહાન આખહુ, કા યેજ રીતે યોક પાપ કોઅનારો જોવે
પાપ કોઅના બોંદ કોઅરી ગ્યાહાટી પોરમેહેરા હોરગા દૂતહા હામ્મે
આનંદ ઓઅહે.”

### ટાકાય ગીઅલા પોહા દાખલો

11 પાછા ઈસુય યોક દાખલો આખ્યો, “યોકા માટડા બેન પોહા આતા.
12 ગ્યાહામાઅને વાહના પોહાય પોતાના આબહાલ આખ્યાં, ‘ઓ
આબા, મા મિલકાત માઅને જો મા હિસ્સો હેય, તો માન આમી દેય દે’
આબહાય પોતા મિલકાત બેની પોહાહાન વાટી દેની.
13 કોલહાક દિહયા પાછે વાહનો પોહો જીં કાય ગ્યા આતા તી બોદા
યોકઠા કોઇન દુર દેશામાય જાતો રિયો, એને તાં ખારાબ કામાહામાંય
ગ્યાય ગ્યા બોદી મિલકાત ખોરચી દેની.
14 જોવે વાહના પોહાય બોદા ખોરચી ટાક્યા, તોવે ગ્યા દેશામાય
મોઠો દુકાળ પોડયો, એને ગ્યાપાય ખાંહાટી કાયજ નાંય આતા.
15 ગ્યાહાટી તો ગ્યા દેશા રેહેવાશ્યા માઅરે યોકા માઅહા ગોઅ
કામ કોઅરા ગીયો, ગ્યા માઅહાય ગ્યાલ પોતા રાનહાંમાય ડુકરેં ચારાં
દોવાડયો.
16 એને તો ઓલો બુખો આતો કા જ્યો હિંગ્યો ડુકરેં ખાતે આતેં ગ્યો
હિંગ્યો ખાંહાટી ઇચ્છા ઓઅયી, કાહાકા ગ્યાલ કાદાં કાય ખાંહાટી નાંય
દેતા આતા.
17 જોવે ગ્યાલ પોતાની બુલ હોમજાયી તોવે આખા લાગ્યો, મા
આબહા ગોઅમે કોલાં બોદા ચાકારાહાન ખાઅનાથી વોદારે બાખ્યો
મિળત્યોહો બાકી આંય ઈહીં બુખો મોઅહુ.
18 આમી આંય ઉઠીન મા આબહા ઈહીં જાહીં એને આખહી કા,
આબા માયે પોરમેહેરા વિરુદ એને તો હામ્મે પાપ કોઅયોહો.

19 આમી આંય તો પોહો આખાયા લાયકે નાંય રોયહો, માન પોતાના
ચોક મોજર્યા હારકો રાખી લે.”

### ટાકાલા પોહા યેઅના

20 “તોવે તો તી દેશ છોડીન ચ્યા આબહા ઈહીં જાંહાટી ચાલ પોડયો,
તો આજુ દુરુજ આતો, તાઆવ ચ્યા આબહાલ ચ્યાલ દેખીન દોયા યેની,
એને પોહા એછે દાહુદી ગીયો એને ચ્યાલ જાયન ગોળે મિળ્યો, એને
ચ્યાલ બોજ ચૂમ્યો.
21 પોહાય આબહાલ આખ્યાં, ‘આબા, માયે પોરમેહેરા વિરુદ એને
તો વિરુદ પાપ કોઅયોહો, એને આંય તો પોહો આખાયાહાટી લાયકે
નાંય રોયહો.’
22 બાકી ચ્યા આબહાય પોતાના ચાકારાહાન આખ્યાં કા, જલદી
હારામાંય હારાં ડોગલાં લેયને ચ્યાલ પોવાડા, એને આથા આંગઠયેમાય
વિટી પોવાડા, એને પાગહામાય વાઅણે પોવાડા.
23 એને પાળલાં માતલા વાછડાં લીયા એને માઆઇન રાંદા કા આપા
ખાયન આનંદ મોનાવહુ.
24 કાહાકા ઈ એહેકોય આતા જેહેકેન મા પોહો મોઅઇ ગીઅલો
આતો, પાછો જીવતો ઓઅય ગીયહો, ઓ ટાકાય ગીઅલો આતો બાકી
આમી મિળી ગીયહો એને ચ્યા આનંદ મોનાવા લાગ્યા.”

### મોઠા પોહા ખિજવાના

25 “જોવે ઈ બોદા ઓઈ રીઅલા આતા ચ્યે સમાયે ચ્યા મોઠો પોહો
રાનામાય કામ કોઅતો આતો, જોવે ગોઆ પાહી યેનો, તોવે ચ્યાલ ગીતે
આખના એને વાજે વાજાડના એને નાચના આવાજ વોનાયો.
26 તોવે ચ્યાય ચોકા ચાકારાલ હાદિન પુછ્યાં, ‘ઈ કાય ઓઈ
રીયહા?’ ”
27 “ચ્યાય ચ્યાલ આખ્યાં, ‘તો બાહા પાછો ગોઓ યેનહો, એને તો
આબહાય માતલા પાળલાં વાછડાં માઆડ્યાહા, કાહાકા તો બાહા
હારેરીતે ગોઅ યેય પોઅચ્યોહો.’
28 ઈ હાંબળીન ખિજવાય ગીયો, એને ગોઆ માજે નાંય જાય
રિઅલો આતો, ચાહાટી ચ્યા આબહો બાઆ યેનો, એને ચ્યાલ ગોઅમે
યાંહાટી રાવ્યાં કોઅરા લાગ્યો.
29 ચ્યાય આબહાલ જોવાબ દેનો, ‘એએ, આંય ઓલા વોરહાથી તો
સેવા કોઅહુ એને કોદહીજ તો આગના નાંય ટાળહી, તેરુંબી તુયે માન

યોકુબી વાહના વાછડા બી નાંય દેના કા આંય તી માંઈને મા હાંગાત્યાહા
હાતે ખાયન આનંદ કોઅતો.
30 બાકી જોવે તો પોહો, જયાંય તો મિલકાત દુર જાયને વેશ્યાહાઆરે
ખોરચી ટાકી, તો યેનો તે ચ્યાહાટી તુયે પાળલાં વાછડાં માંઈને રાંદાડયા.'
31 આબહાય ચ્યાલ આખ્યાં, 'મા પોહા, તું કાયામ મા આરે હેય, એને
જીં કાય મા હેય ઈ બોદા તોજ હેતાં.
32 બાકી આમી આનંદ કોઅરા એને મગન ઓરા જોજે કાહાકા તો
ઓ બાહા જેહેકોય મોઅઇ ગીઅલો આતો એને પાછો જીવતો ઓઅય
ગીયહો, જો ટાકાય ગીઅલો આતો, બાકી આમી મિળી ગીયહો.' "

# 16

## ચાલાક કારબારી

1 પાછે ઈસુવે પોતાના શિષ્યહાન બી ઓ દાખલો આખ્યો, "યોક
મિલકાતવાળા માઅહા યોક કારબારી આતો, લોકહાય માતલા માઅહા
હામ્મે કારબારી વોય દોષ લાવ્યો કા ઓ તો બોદી મિલકાત ખોરચી
ટાકહે.
2 તોવે માલિકાય કારબાર્યાલ હાદિન પુછ્યાં, ઈ કાય હેય જીં આંય તો
બારામાય વોનાય રિયહો? તુયે મા પોયહા કાય કોઅયા ચ્યાહા બોદો
ઇસાબ દે, કાહાકા તું આગલા કારબારી નાંય રોય હોકે.
3 તોવે કારબારી વિચાર કોઅરા લાગ્યો, આમી આંય કાય કોઉ?
કાહાકા મા માલિક આમી કારબારી કામાવોયને કાડી રિયહો, માન
શરીરાકોય તે કામ ગાઠી નાંય પોડે, એને માગી ખાંહાટી માન શરામ યેહે.
4 આમી આંય હોમજી ગીયો, કા કાય કોઅહી, જોવે આંય કારબારી
કામાવોને છુટો ઓઈ જાવ તોવે લોક માન મોદાત કોએ.
5 તોવે ચ્યાય પોતાના માલિકા કોરજાવાળહાન યોક-યોક કોઇન હાદ્યા
એને પેલ્લાનેજ પુછ્યાં, તોવોય મા માલિકા કોલહો કોરજો હેય?
6 ચ્યાય આખ્યાં, હોવ મણ *જૈતુન જાડા તેલ તોવે ચ્યાય ચ્યાલ
આખ્યાં, 'પોતાના ઇસાબા ચોપડા લે એને બોહીન તારાત બિજા
ખાતામાય બોદલીન પોચહા મણ લોખી દે.'

---

* **16:6** હોવ મણ લગભગ 3700 લીટર પરમાણે હેય

7 પાછે ચ્યાય બિજાલ પુછ્યાં, 'તોવોય કોલો કોરજો હેય?' ચ્યાય
આખ્યાં, 'હોવ મણ† ગોંવ,' તોવે ચ્યાય ચ્યાલ આખ્યાં 'પોતાના ઇસાબા
ચોપડા લેઈને એંશી મણ લોખી દે.' "
8 "માલિકાય ચ્યા અન્યાયી કારબાર્યાલ આખ્યાં, તુયે બોજ હુશારી
કોઇ કામ કોઅલા હેય, એહકોયજ યા દુનિયા લોક ચ્યાહા સોમાયા
લોકહાઆરે વ્યવહારા માય, ઉજવાડા લોકહા કોઅતા બોજ ચતુર હેય.
9 એને આંય તુમહાન આખહુ કા દુનિયાદારી રીતે કામાવલા
મિલકાતેકોય તુમહેહાટી દોસ્તાર બોનાવી લા તે જોવે મિલકાત નાંય રોય,
તે ચ્યા તુમહાન હોરગામાય આવકાર કોઅરી જા તુમા સાદામાટે જીવતા
રોહા.
10 જો વાહની-વાહની વાતમાય ઈમાનદાર હેય, તો મોઠી વાતમાય બી
ઈમાનદાર હેય, એને વાહની વાતમાય બેઈમાન હેય, તો મોઠી વાતમાય
બી બેઈમાન રોય.
11 યાહાટી જોવે તુમા દોરતીવોય કામાવલા મિલકાત્યે માય ઈમાનદાર
નાંય રોયા, તે હોરગામાઅને મિલકાત તુમહાન કું હોઅપી?
12 એને જોવે તુમા બીજહા મિલકાતીવોય ઈમાનદાર નાંય ઠોરહા, તે
જીં તુમહે હેય તી તુમહાન કું દેઅરી?
13 કાદાબી માઅહું યોકાજ સમયે બેન દોણહ્યા ચાકરી નાંય કોએ,
કાહાકા તો યોકા વિરુદ કોઅરી ને બિજાલ પ્રેમ કોઅરી, નાયતે યોકા
આરે હારો ચાલીન બિજા આરે નાંય હારો ચાલી, તુમા પોરમેહેરા એને
મિલકાત યા બેન્યહા ચાકરી નાંય કોઅય હોકે."

### પોરમેહેરા રાજ્યા કિંમાત
*(માથ્થી 11:12-13)*

14 પોરૂષી લોક જ્યા લોબી આતા, યો વાતો વોનાયને ઈસુ મશ્કરી
કોઅરા લાગ્યા.
15 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "તુમા તો માઅહા હામ્મે પોતાનાલ હાચ્ચાં
દેખાડતાહા, બાકી પોરમેહેર તુમહે મન જાંઅહે, કાહાકા જીં વસ્તુ તુમહે
નોજરેમાય મોહત્વા હેય, તીં પોરમેહેરા નોજરેકોય એઅના ખારાબ
હેય."

† **16:7** હોવ મણ લગભગ 20,000 કિલો પરમાણે હેય.

16 જાવ લોગુ યોહાન બાપતિસ્મા દેનારો યેનો, તાંવ લોગુ મૂસા
નિયમશાસ્ત્ર એને ભવિષ્યવક્તા વચન તુમહે માર્ગદર્શક રિયા; બાકી
આમી પોરમેહેરા રાજ્યા હારી ખોબાર આખલી જાહે, એને બોદેજ
યામાય ભાગીદાર ઓઅતેહે.
17 આકાશ એને દોરતી ટાળાય જાયના નિયમશાસ્રા યોક બિંદુ મિટાય
જાયના કોઅતા હેલ્લા હેય.
18 “જો કાદો માટડો ચ્યા થેઅયેલ ફારગાતી દેયન બિજ્યે થેએયે આરે
વોરાડ કોએ, તે તો વ્યબિચાર કોઅહે, એને જો કાદો માટડો ફારગાતી
દેનલ્યે થેઅયેઆરે વોરાડ કોઅહે, તે તેરુંબી વ્યબિચાર કોઅહે.”

## મિલકાતવાળો માઅહું એને ગરીબ લાજરસ

19 “યોક મિલકાતવાળો માઅહું આતો, તો બોજ મોઅગેં ડોગલેં
પોવતો આતો એને રોજ દિને હારાં-હારાં ખાઅના ખાતો આતો એને
બોજ હારો રોતો આતો.
20 લાજરસ નાંવા યોક બીખારી માઅહું આતો, ચ્યા શરીર ફોડહાકોય
બોઆલા આતા,, ચ્યાલ લોક મિલકાતવાળા માઅહા બાઆપુર થોવી
દેતા આતા.
21 તો બોજ બુખો આતો ઓલે લોગુ કા તો ઇચ્છા રાખે,
મિલકાતવાળા માઅહા પાયને ખાયન વોદી ગીઅલા ખાઅનાકોય બુકો
બોએ. ઈહીં લોગુ કા કુત્રે બી યેયન ચ્યા ફોડહાન ચાટતે આતેં.
22 એને યોક દિહી એહેકેન બોન્યા કા બીખારી લાજરસ મોઅઇ
ગીયો, એને હોરગા દૂતહાય ચ્યાલ આબ્રાહામાઆરે રાંહાટી લેય ગીયા,
એને યોક દિહી મિલકાતવાળા માઅહું બી મોઅઇ ગીયો, એને ચ્યાલ
દાટી દેનો.
23 એને તો અધોલોકમાય પીડામાય પોડયો, તોવે ચ્યાય ઉચે એઅયા,
એને દૂરને આબ્રાહામા પાહી લાજરસાલ દેખ્યો.
24 તોવે ચ્યાય બોંબલીન આખ્યાં, ‘ઓ આબા આબ્રાહામ, મા વોય
દયા કોઇન લાજરસાલ દોવાડી દે, યાહાટી કા તો પોતાની આંગઠી
પાઅયામાય બુડવીન મા જીબેલ હેળી કોઅય, કાહાકા આંય યા
આગડામાય તોડપી રિયહો.’

25 બાકી આબ્રાહામાય આખ્યાં, ‘ઓ પોહા, યાદ કોઓ કા તું
દોરતીવોય રોઇન પોતાના જીવનાહાટી વાન્યો-બાત્યો વસ્તુહુ લાભ લી
ચુકયોહો, એને તેહેકોયજ લાજરસાલ બોદ્યો ખારાબ વસ્તુ મિળ્યો,
બાકી તો આમી શાંતી પામી રિયહો, એને તું તોડપી રિયહો.
26 એને ઈ બોદી વાતહેલ છોડીન આમહે એને તુમહે વોચમાય યોક
મોઠો ખાડો ઠોરાવલો ગીયહો, કા કાદો ઇહિને તુમહેપાય યા માગે તો
નાંય જાય હોકે એને જો કાદો તુમહે પાયને આમહેપાય યા માગે તો નાંય
યી હોકે.’
27 ચ્યાય આખ્યાં, ‘તે ઓ આબા, આંય તુલ વિનાંતી કોઅહુ કા, તું
લાજરસાલ મા આબહા ગોઓ દોવાડ.
28 કાહાકા મા પાચ બાહા જીવતા હેય; કા તો ચ્યાહાન ઈ ચેતાવણી
દેય, એહેકોય નાંય બોના જોજે કા ચ્યાબી યે પીડા જાગામાય યેય પોડે.’
29 આબ્રાહામાય ચ્યાલ આખ્યાં, ‘ચ્યાહાન ચેતાવણી દાંહાટી મૂસા
નિયમશાસ્ત્ર એને ભવિષ્યવક્તાહા ચોપડી હેય, તો ચ્યાહામાઅને
વોનાયને ચ્યા પાલન કોએ.’
30 ચ્યાય આખ્યાં, ‘નાંય, ઓ આબા આબ્રાહામ, જો કાદો મોઅલા
માઅને ચ્યાહા પાહી જાયને ચ્યાહાન ચેતાવણી દેય, તોવે ચ્યા ચ્યાહા
પાપ કોઅના બોંદ કોઅઇ દી.’
31 આબ્રાહામાય ચ્યાલ આખ્યાં, ‘જોવે તો મૂસા નિયમશાસ્ત્ર એને
ભવિષ્યવક્તા ચોપડીમાઅને આગના નાંય માને, તે જો મોઅલા માઅને
બી કાદો જીવી ઉઠી તેરુંબી ચ્યા બોરહો નાંય કોઅરી.’ ”

# 17

## ઈસુવા ચેતાવણ્યો
### (માથ્થી *18:6-7,21-22;* માર્ક *9:42)*

1 પાછે ઈસુવે ચ્યા શિષ્યહાન આખ્યાં, “ઈ નોક્કી હેય કા, જ્યો વાતો
માઅહાલ પાપા પરીક્ષાયો કોઆડત્યોહો, ચ્યો ઓઅરી, બાકી હાય,
ચ્યા માઅહાલ જ્યા લેદે યો વાતો ઓઅત્યોહો.
2 જો યા વાહના માઅને કાદા યોકાલબી પાપામાંય પાડહે, ચ્યાલ
બોજ ખારાબ સાજા મિળી, ચ્યાહાટી ઈ હારાં ઓઅતા કા ગોઅટયે પુડ

ચ્યા ગોગ્યેમાય બાંદિન દોરિયામાય બુડવી દેયના કોઅતાબી ઈ ખારાબ
સાજા હેય.
3 હાચવીન રા કા તુમા કાય કોઅતાહા, જોવે કાદોબી બોરહાવાળો
બુલ કોઅહે, તોવે ચ્યાલ હોમજાડ, એને જોવે તો પોસ્તાવો કોએ તોવે
ચ્યાલ માફ કોઇ દે.
4 જો દિહ્યામાય હાંત દા તોઆરે બુલ કોએ, એને હાંત દા યેઇન આખે,
માન માફ કોઓ મા બુલ જાયહી, તોવે ચ્યાલ માફ કોઓ.”

### તુમહે બોરહો

5 તોવે પ્રેષિતાહાય ઈસુવાલ આખ્યાં, “આમહે બોરહો આજુ
મજબુત કોઅરા મોદાત કોઓ.”
6 તોવે ઈસુવે આખ્યાં, જોવે રાયે દાણા ઓલહો બોરહો તુમહાન
રોતો, તોવે યા ઉબા સેતુરા જાડાલ તુમા આખતા કા મૂળાઇહિને
ઉપડાયન દોરિયામાય જાય પોડ, એને તીં તુમહે માની જાતા.

### હારો ચાકાર

7 જો તુમહે ચાકાર રાનામાય ઓળ જુપીન કા ગેટેં ચાઈન ગોઓ યેય,
તે તુમા કાય આખહા, તારાત યે એને ખાઅના ખાં બોહો?
8 નાંય, બાકી તુમા એહેકોય આખહા કા, “માંહાટી ખાઅના રાંદ, એને
આંય જાવ લોગુ ખાય ઉઠું તાંઉ તું ઉબો રોઇન મા ચાકરી કોઆહાટી
તિયાર ઓઈ જો પાછે તુંબી ખાય લેજે.
9 તુમા ચ્યા ચાકારા ચ્યા કોઅલા કામાહાટી આભાર નાંય માનહા જીં
તુમહાય ચ્યાલ કોઅરા આખ્યેલ.
10 તેહેંજ કોઇન, તુમા હોગા જોવે તુમહાન જીં આખલા આતા તીં
બોદા તુમહાય પુરાં કોઅયા, તોવે એહેંજ આખજા આમહાય તે માન
મીળે ઓહડા કાયજ કોઅયાહાં નાંય, બાકી જીં કામ કોઅના આતા
તોલહાંજ કોઅયાહાં.”

### દોહો કોડળેં માઅહે

11 જોવે ઈસુ એને ચ્યા શિષ્ય યેરૂસાલેમ શેહેરા એછે જાનારી
વાટ્યેવોય સમરૂના એને ગાલીલ ભાગા વોચમાઅને જાય રીઅલા આતા.
12 તો યોકા ગાવામાય જાતી વેળાયે ચ્યાલ દોહો કોડળ્યા મિળ્યાં.

13 ચ્યાહાય દુઉને મોઠેથી બોંબલીન આખ્યાં, “ઓ ઈસુ, ઓ ગુરુજી,
આમહે ઉપે દયા કોઓ.”
14 ઈસુવે ચ્યાહાન એઇન આખ્યાં, “જાયા, એને તુમહે શરીર
યાજકાહાલ દેખાડાં” યાહાટી ચ્યા એઇ હોકે કા તુમા હારાં ઓઅયાહા
કા નાંય એને ચ્યા વાટે ચાલતાંજ હારાં ઓઅઇ ગીયા.
15 આંય હારો ઓઅઇ ગીયહો, એહેકોય એઇન ચ્યાહામાઅનો યોક
જાંઆ મોઠેરે પોરમેહેરા ગીતે આખતો ઈસુહી પાછો ફિરી યેનો.
16 એને ઈસુવાલ પાગે પોડીન, ચ્યા આભાર માન્યો, તો યોક સમરૂની
આતો.
17 તોવે ઈસુવે આખ્યાં, “દોહે દોહો માટડા હારાં જાયા કા નાંય? તે
પાછે નોવ જાંઆ કેછ હેતા?
18 પાછો યેઇન પોરમેહેરા આભાર માને ઓહડો ઓ યોક પારદેશીયા
સિવાય કાદા નાંય મીળે કા?”
19 તોવે ઈસુય ચ્યાલ આખ્યાં, “ઉઠીન જાતો રો, તો બોરહા લીદે તો
બોચાવ ઓઈ ગીયહો.”

## પોરમેહેરા રાજ્યા યેયના
*(માથ્થી 24:23-28,37-41)*

20 જોવે પોરૂષી લોકહાય પુછ્યાં, કા પોરમેહેરા રાજ્ય કોદહી યેઅરી?
ઈસુવે જાવાબ દેનો કા, “પોરમેહેરા રાજ્ય ઓહડા નાંય હેય જેહેકોય
તુમા એઅઇ હોકતાહા.
21 એને લોક એહેકોય નાંય આખરી કા? ‘એઅયા, ઈહીં હેય, કા
એપેં હેય’ કાહાકા એઆ, પોરમેહેરા રાજ્ય તુમહે વોચ્ચે હેય.”
22 પાછા શિષ્યહાન ચ્યે આખ્યાં, “ઓહડા દિહી યી જોવે તુમા
માઅહા પોહા યોકુજ દિહી એરા માગહા, બાકી તુમહાન એરા નાંય
મિળી.
23 એને માઅહે તુમહાન આખરી કા ‘એએ, ખ્રિસ્ત તાં હેય!’ નાંય તે
ઈહીં હેય! તોવે તુમા મા જાતા, એને ચ્યાહા પાહલા મા દાહું દેતા.
24 કાહાકા જેહે કોઇન જોવે વીજળેહે તોવે આકાશ યોક છેડાને
બિજા છેડા લોગુ વીજ ચમકેહે, તેહેકેન માઅહા પોહા દિહી બી
ઓઅરી.

25 બાકી પેલ્લા ઈ જરુરી હેય કા, તો બોજ દુઃખ વેઠી, એને યે પેડયે
લોક અ્યાલ દોઆડી દી.
26 જેહેકોય નોહા દિહામાય બોન્યાં, તેહેકેન માઅહા પોહા
દિહહયામાય બી ઓઅરી.
27 જ્યા દિહયા લોગુ નોહો ઉડીમાય નાંય ચોડયેલ, અ્યા દિહી યા
લોગુ લોક ખાં-પિયાં આતા, એને અ્યા વોરાડે બી કોઅતા આતા. એને
રેલ યેની એને બોદહાન નાશ કોઅયા.
28 એને તેહેકોયજ આગલ્યાડાયા લોટા દિહામાય, જો સદોમ
શેહેરામાય રોતો આતો, અ્યા લોક ખાં-પિયાં આતા, વેચું આતા, વેચાતાં
લાં આતા, જાડેં લાવતા આતા, ગોએ બાંદા આતા.
29 બાકી જો દિહી લોટ સદોમ શેહેરામાઅને નિંગી ગીયો તોદહી
આકાશા એછરે આગ એને ગંધક પોડયો, એને બોદા નાશ કોઇ દેના,
30 માઅહા પોહા પાછો યેઅના દિહી બી એહકોયજ ઓઅરી.
31 તોદિહી જો ગોઆ ઉપે ચોડયો ઓરી, અ્યા સામાન ગાઅમે
ઓઅરી તો કાયબી લાંહાટી પાછા નિચે ગોઆમાય નાંય ઉરાય;
તેહેકોયજ જો રાનામાય ઓરી તો પાછો નાંય ફિરી યેય.
32 લોટા થેએયે આરે કાય જાયેલ જોવે અ્યેય પાહલા એઅયા!
33 કાહાકા જી માઅહું દોરતીવોય પોતે જીવ બોચાવાં માગહે, તો
અનંતજીવન ગુમાવી દી, બાકી જો કાદો મા લીદે અ્યા જીવ દેહે, તો
અનંતજીવન મેળવી.
34 આંય તુમહાન આખતાહાવ કા અ્યે રાતી બેન માઅહે યોકા
ખાટલામાય હુતલે રોય, યોક લી લેવામાય યી, એને બિજાં છોડી દેવામાય
યી.
35 બેન થેએયો આરેજ બોહીન ગોઅટયે દોળાં બોહી, અ્યેહેમાઅને
યોક લી લેવામાય યી, એને બીજી છોડી દેવામાય યી."
36 બેન જાંએ રાનામાય રોય, અ્યાહામાઅને યોક લેવાઈ જાઈ એને
યોક તાં રોઈ જાઈ.
37 ઈ વોનાયને અ્યાહાય ઈસુલ પુછ્યાં, "ઓ પ્રભુ ઈ કેછ ઓઅરી?"
અ્યે અ્યાહાન જાવાબ દેનો, "જાં મુરદાં હેય, તાંજ ગીદ બેગા ઓઅરી."

# 18

## ન્યાય કોઅનારો અમલદાર એને વિધવા દાખલો

1 ઈસુય ચ્યા શિષ્યહાન આખ્યાં, યા બારામાય કાયામ પ્રાર્થના કોઅરા
જોજે, એને ઈમાત નાંય છોડા જોજે, ઈ વાત ચ્યાહાન હિકાડાંહાટી
ઈસુવે ઓહડો દાખલો આખ્યો.
2 ચોક શેહેરામાય ચોક ન્યાય કોઅનારો રા આતો, તો પોરમેહેરા દાક
નાંય રાખે, એને કાદા માઅહા પારવા બી નાંય રાખતો આતો.
3 ચ્યા શેહેરામાય ચોક વિધવા બાય રોતી આતી, જીં ચ્યાપાય ચેચન
આખતી આતી, મા ન્યાય કોઇન માન મા દુશ્માનાહા પાયને બોચાવ.
4 ચ્યાય બોજ દિહી લોગુ તે નાંય માન્યો બાકી પાછે વિચાર કોઅહે
આંય પોરમેહેરા દાક બી નાંય રાખું એને કાદા માઅહા પારવા બી નાંય
રાખું.
5 તેરુંબી ઈ વિધવા બાય માન હેરાન કોઅહે, ચાહાટી ચે બાયે માન
ન્યાય કોઅરા પોડી, કાહાકા એહેકોય નાંય બોના જોજે કા ગેડી-ગેડી
ચેચન સેલ્લે તી માન બોજ હેરાન કોઇ દેય.
6 પાછે પ્રભુ ઈસુવે આખ્યાં, યા અન્યાયી ન્યાય કોઅનારાય જીં
આખ્યાં, ચ્યા બારામાય દિયાન દેચન વિચાર કોઆ.
7 પોરમેહેરાય ચ્યા નિવાડલા લોકહાહાટી જ્યા દિહીન-રાત ચ્યા
હોમ્મે વિનાંતી કોઅચી, પોરમેહેર ચ્યાહા મોદાત કોઅરાહાટી વાઆ નાંય
લાવી.
8 આંય તુમહાન આખહુ, તો તારાત ચ્યાહા ન્યાય કોઅરી, બાકી
જોવે આંય, માઅહા પોહો પાછો ચીહીં, તોવે માન દોરતીવોચ માચેવોચ
બોરહો કોઅનારા કોલાં લોક મિળી?

## કું ન્યાયી ઓઅરી

9 એને ઈસુવે ચ્યા લોકહાન જ્યા પોતા બારામાય એહેકોય વિચાર
કોઅતા કા, "આમા હારાં હેજે" એને બીજહાન નિચા ગોણુ આતા
ચ્યાહાન ઓ દાખલો આખ્યો.
10 "બેન માટડા દેવાળામાય પ્રાર્થના કોઅરાહાટી ગીયા; ચોક પોરૂષી
આતો એને ચોક જકાતદાર આતો.
11 પોરૂષી ઉબો રોઇન પોતે મોનામાય ઓહડી પ્રાર્થના કોઅચી કા,
ઓ પોરમેહેર, આંય તો આભાર માનહું, કા આંય બિજા માઅહા હારકો

લોબી, જુલમી, વ્યબિચારી નાંય હેય, એને યા કર લેનારા હારકો નાંય
હેતાઉ.
12 આઠવાડયામાય બેનદા ઉપહા કોઅતાહાંવ, એને મા બોદી
આવાક માઅને દોસમો ભાગ આંય તુલ દેતહાવ.
13 બાકી જકાતદાર દુઉ ઉબો રિયો, હોરગા એછે નોજાર ઉચી
કોઅના બી ચ્યા ઈમાત નાંય ચાલી, તો દુઃખને હાતે છાતી કુટીન આખા
લાગ્યો, ઓ પોરમેહેર, આંય પાપી હેતાંવ, માયેવોય દયા કોઇન માન
માફ કોઓ.
14 આંય તુમહાન આખતાહાવ, તો પેલ્લો નાંય, બાકી જકાતદાર હેય
પોરમેહેરા હામ્મે ન્યાયી બોનીન એલા ગોઓ ગીયો; કાહાકા જો માઅહું
મોઠા બોના માગે, તો વાહનો બોની એને જો માઅહું પોતાલ વાયહાના
ગોણે, તો મોઠો બોની."

### પોરમેહેરા રાજ્યા પોહહા હારકા હેય
### *(માથ્થી 19:13-15; માર્ક 10:13-16)*

15 પાછે માઅહે પાહાહાન ઈસુપાય લેયા લાગ્યેં, યાહાટી કા તો
ચ્યાહાવોય આથ થોવિન ચ્યાહાન બોરકાત દેય, બાકી શિષ્ય માઅહાન
દોમકાડે.
16 બાકી ઈસુવે ચ્યાહાન પાહાય હાદિન આખ્યાં, "પાહાહાન માયેપાંય
યાં દા, ચ્યાહાન ઓટકાડાહા મા, કાહાકા ચ્યાજ લોક જ્યા યા પાહાહા
હારકા બોરહા લાયકે હેય, પોરમેહેરા રાજ્યામાય ચ્યાજ રોય.
17 આંય તુમહાન હાચ્ચાંજ આખતાહાવ કા, જયેં માઅહે પાહાહા
હારકા પોરમેહેરાલ નાંય હોઅપે, ચ્યે પોરમેહેરા રાજ્યામાય ચ્યા માઅહે
નાંય બોની."

### મિલકાતવાળા જુવાના સાવાલ
### *(માથ્થી 19:16-30; માર્ક 10:17-31)*

18 યોક આગેવાનાય ચ્યાલ ઓહડો સાવાલ પૂછ્યો કા, "ઓ ગુરુ,
કાય કામ કું કા પોરમેહેર માન અનંતજીવન દેય?"
19 ઈસુવાય ચ્યાલ જોવાબ દેનો કા, "તો આખના મોતલાબ કાય હેય
કા આંય હારો હેય? પોરમેહેરા સિવાય કાદોજ ઉત્તમ નાંય હેય.

20 તું પોરમેહેરા આગના જાંઅતોહો, ખૂન નાંય કોઅના, વ્યબિચાર
નાંય કોઅના, ચોરી નાંય કોઅના, જુઠી સાક્ષી નાંય દેઅના, કાદાલ દોગો
નાંય દેયના, એને આપહે આયહે આબહા માન રાખના.”
21 બાકી ચ્યે ઈસુલ એહેકોય આખ્યાં કા, “ઓ ગુરુ, યો બોદ્યો
આગના આંય હાનેરેજ માનતો યેનહો”.
22 ઈ વોનાયને ઈસુય ચ્યાલ આખ્યાં, “આજુ યોક વાત હેય જીં
તુલ કોઅના જરુરી હેય, જો, જીં કાય તો હેય તીં બોદા વેચિન
ગોર-ગોરીબાહાન દેય દે, જો એહેકોય કોઅહે, તે તોપાય હોરગામાય
મિલકાત રોઅરી એને યેયન મા શિષ્ય બોની જો.”
23 બાકી તો ઈ વોનાયો તોવે તો નિરાશ ઓઈ ગીયો, કાહાકા તો બોજ
માલદાર આતો.
24 ચ્યાલ નિરાશ દેખીન, ઈસુવે આખ્યાં, “માલદાર લોકહાન
પોરમેહેરા રાજ્યામાય જાઅના બોજ કોઠાણ હેય.
25 ઉટડાલ હુવ્યે નાકલામાંઅરે જાઅના કોઠાણ હેય, તેહેકોય
માલદાર માઅહાલ પોરમેહેરા રાજ્યામાય જાઅના બોજ કોઠાણ હેય.”
26 જ્યા ઈ વાત વોનાયા, ચ્યાહાય પુછ્યાં, “તે પાછે કાહાટી પોરમેહેરા
રાજ્યામાય જાંહાટી તારણ ઓઈ જાઅના કેહેકેન સંભવ હેય?”
27 ઈસુય ચ્યાહા એછે એઇન આખ્યાં, “ઈ માઅહાલ તે નાંય ઓઈ
હોકે, બાકી પોરમેહેરાથી ઓઅઇ હોકી; કાહાકા પોરમેહેર બોદાંજ
કોઅઇ હોકહે.
28 પિત્તરે ચ્યાલ આખ્યાં, આમે કાય ઓઅરી? આમહાય તે તો શિષ્ય
બોનાહાટી બોદાંજ છોડી દેનલા હેય.”
29 ઈસુય શિષ્યહાન આખ્યાં, “તુમહાન આંય હાચ્ચાં આખતાહાવ,
મા શિષ્ય બોનાહાટી એને પોરમેહેરા રાજ્યાહાટી, જ્યા કાદાંયબી ચ્યા
ગુઉ છોડી દેનલા હેય, એને ચ્યા બાહા બોઅહી એને આયહો એને
આબહો એને પાહાહાન કા ચ્યા ખેતાર છોડયા ઓરી.
30 તો નોક્કીજ યે પેડીયેમાય સતાવણી આરે-આરે બોજ વસ્તુ
મેળવી, એને યેનારા સોમાયામાય અનંતજીવન મેળવી.”

### મોઅલાહામાઅને પાછા જીવના ભવિષ્યવાણી
*(માથ્થી 20:17-19; માર્ક 10:32-34)*

31 તોવે ઈસુવે ચ્યા બાર શિષ્યહાન આરે લેઈને આખ્યાં,
“આપા યેરૂસાલેમ શેહેરમાય જાજહે, માઅહા પોહા બારામાય
ભવિષ્યવક્તાહાય જીં કાય આખ્યેલ, તીં પુરાં ઓઅરી.
32 કાહાકા ચ્યા પારકા લોકહા આથામાય દોઆડી દેઅરી, ચ્યા લોક
ચ્યા મશ્કરી કોઅરી, એને ચ્યા અપમાન કોઅરી, ત્યાઊપે થૂપી.
33 ચ્યાલ ચોપકાહા માર ઠોકી, એને માઆઇ ટાકી એને તીજે દિહી
તો મોઅલાહામાઅને પાછો જીવતો ઉઠી.”
34 બાકી શિષ્યાહાન યે વાતો માઅને કોઅહીજ વાત હોમાજ નાંય
પોડી એને ઈ વાત ચ્યાહા પાયને ડાકાય રોયી, એને જીં આખ્યાં તી
ચ્યાહાન હોમાજ નાંય પોડયા.

## ઈસુ આંદળાલ દેખતો કોઅહે
*(માથ્થી 20:29-34; માર્ક 10:46-52)*

35 જોવે ઈસુ એને ચ્યા શિષ્ય એને લોકહા મોઠો ટોળો યેરીખો શેહેરા
પાહી યેના, તોવે યોક આંદળો વાટે મેરે બોહીન બિખ માગ્યાં કોઅહે.
36 ચ્યાહાન તાં લાગીન જાતો તો વોનાયો, તોવે ચ્યે પુછ્યાં કા, “ઈ
કાય ઓઈ રીઅલા હેય?”
37 લોકહાય ચ્યાલ આખ્યાં, ઈસુ જો નાજરેત ગાવા હેય, તો યે વાટે
જાય રિઅલો હેય.
38 તોવે ચ્યાય બોંબલીન આખ્યાં, “ઓ ઈસુ, દાઉદ રાજા કુળા પોહા,
માયેવોય દયા કોઓ!
39 જ્યા આગલા ચાલે ચ્યા ચ્યાલ દોમકાડા લાગ્યા એને ઠાવકાજ રો
આખ્યાં, બાકી તો આજુ મોઠેરે બોંબાલતો લાગ્યો કા, ઓ ઈસુ, દાઉદ
રાજા કુળા, માયેવોય દયા કોઓ.”
40 એને ઈસુ ઉબો રિયો એને ચ્યાલ પાહી લીયા આખ્યાં, જોવે તો
પાહી યેનો, તોવે ચ્યાલ ચ્યે પુછ્યાં,
41 “તુલ કાય જોજે? તોહાટી આંય કાય કોઅઉ?” ચ્યે આખ્યાં,
“પ્રભુ, આંય દેખતો ઓઉં.”
42 તોવે ઈસુવે ચ્યાલ આખ્યાં, “તું માયેવોય બોરહો કોઅતોહો
યાહાટી આંય તો બોચાવ કોઅતાહાંવ.”

43 એને તારાતુજ તો દેખતો ઓઈ ગીયો, એને પોરમેહેરા સ્તુતિ
કોઅતો લાગ્યો, એને વાટ દોઇન ચ્યા પાહલા ચાલા લાગ્યો, એને બોદા
લોકહાય દેખીન પોરમેહેરા સ્તુતિ કોઅયી.

# 19

## જાખી ગોઓ ઈસુ

1 ઈસુ એને ચ્યા શિષ્ય એને લોકહા ટોળો યેરીખો શેહેરામાઅને જાય
રિઅલો આતો.
2 તાં જાખી નાંવા યોક માટડો આતો, તો કર લેનારાહા મુખ્ય આતો
એને માતલો આતો.
3 તો ઈસુ કોહડો હેય તી એરા માગતો આતો, બાકી ઈસુઆરે લોકહા
બોજ મોઠો ટોળો આતો ચ્યા લીદે તો ચ્યાલ નાંય એઇ હોક્યો, કાહાકા
તો વાય નિચો માટડો આતો.
4 તોવે તો ઈસુવાલ એરાહાટી આગલા દાંહાદી ગીયો ને તો યોક ઉંબા
જાડાવોય ચોડી ગીયો, કાહાકા ઈસુ ચ્યેજ વાટે જાનારો આતો.
5 જોવે ઈસુ ચ્યા જાડા હી પોઅચ્યો, જાં જાખી આતો, તોવે ચ્યાય
ઉચે નોજાર કોઇન ચ્યાલ આખ્યાં, “ઓ જાખી, તું માહારી નિચે ઉતી યે;
કાહાકા માન આજે તો ગોઓ યેઅના જરુરી હેય.”
6 જાખી તારાતુજ ઉત્યો તો ઈસુલ ગોઓ લેય ગીયો, એને બોજ
આનંદાકોય ચ્યા આદર કોઅયો.
7 ઈ દેખીન બોદાજ લોક ટુટરાં લાગ્યા, એને ચ્યા આખે કા, “તો તે
યોક પાપી માઅહા ગોઓ ગીયહો.”
8 જોવે ચ્યા ખાં બોઠલા આતા તોવે જાખી ઉબા રોઇન પ્રભુ ઈસુવાલ
આખ્યાં, “ઓ પ્રભુ, એએ, મા આરદી મિલકાત ગોરગોરીબાહાલ દેય
દાહું, એને માયે કાદા પાયને બી ખોટયેરીતે કર લેદા ઓરીતે ચ્યાલ ચાર
ગોણા પાછો દિહી.”
9 તોવે ઈસુવે ચ્યાલ આખ્યાં, “આજે યા ગોઆ લોકહા તારણ
જાયહાં, યાહાટી કા ઓ બી આબ્રાહામા યોક પીડી માઅને હેય.”
10 “કાહાકા આંય, માઅહા પોહો ટાકાય ગીઅલાહાન હોદાહાટી
એને ચ્યાહા બોચાવ કોઅરા યેનહો.”

## દોહો સિક્કાહા દાખલો
*(માથ્થી 25:14-30)*

11 જોવે લોક ઈ વોનાય રીઅલા આતા, તોવે ઈસુય આ વાત
આખના ચાલુ રાખી એને આય ચોક દાખલો આખ્યો, યાહાટી આમી તો
યેરૂસાલેમ શેહેર પાહીજ આતો, એને લોક હુમાજતા આતા કા આમી
પોરમેહેરા રાજ્ય સુરુ ઓઅનારા હેય.
12 ઈસુવે આખ્યાં, "ચોક માલદાર માઅહું દુર દેશામાય જાતા રોહે
યાહાટી કા તીં તાઅને રાજપદ મીળવીન પાછા ફિરી યેય."
13 આય આ ચાકારાહામાઅને દોહો જાંઆહાન હાદિન દોહો સિક્કા
દેના એને આખ્યાં, કા મા પાછા ફિરી યેયના તાંવ તુમા લેન દેન કોઅજા.
14 "બાકી આ ગાવામાય રોનારા આઆરે વિરુદ કોઅતા આતા, એને
આપાય આહાય નિરોપ્યા દોવાડીન આખી દેના કા, આમહાન ઈ નાંય
જોજે કા તો યી એને આમહાવોય રાજ કોએ."
15 "જોવે તો રાજપદ મીળવીન પાછો યેનો, તોવે એહેકોય જાયા કા
એ આ ચાકારાહાન જ્યાહાલ આય સિક્કા દેનલા, આ સિક્કહાથી
આહાય કાય લેન-દેન કોઅયા એને યાહાય કાય કામાવ્યા આ ઇસાબ
લાંહાટી હાદ્યા.
16 તોવે પેલ્લે યેયન આખ્યાં, ઓ માલિક, 'તો દેનલા સિક્કાકોય માયે
બિજા દોહો સિક્કા કામાવ્યાહા.'
17 તોવે એ આલ આખ્યાં, ધન્ય ઓ બોજ હારો ચાકાર તું બોજ
થોડામાય ઈમાનદાર નિંગ્યો આહાટી તું દોહો શેહેરાહા ઓદિકાર
ચાલાડ.
18 બીજાય યેયન આખ્યાં, ઓ માલિક, તો દેનલા સિક્કાકોય માયે
બિજા પાચ સિક્કા કામાવ્યાહા.
19 તોવે એ આલબી આખ્યાં કા, તુંબી પાચ શેહેરાહાવોય ઓદિકાર
ચાલાડ.
20 તીજાંય યેયન આખ્યાં, 'ઓ માલિક, એએ તો ઈ હેય, જ્યાલ માયે
ફાડકામાય બાંદી થોવ્યેલ.
21 કાહાકા આંય તોઅથી બિઅતો આતો, યાહાટી કા તું બોજ કોડાક
માઅહું હેય; જીં તુયે નાંય થોવ્યહા તી તું ઇસી લેતહો એને જીં તુયે નાંય
પોઅયાહાં, આલ વાડતોહો.'

22 માલિકાય ચ્યાલ આખ્યાં, ઓ નોકામ્યા ચાકાર, આંય તોજ
વાતેકોય તુલ દોષી ઠોરાવતાહાવ, તું માન જાંઅતો આતો કા આંય કોડાક
માઅહું હેય, જાં માયે નાંય થોવ્યેલ તાંઅરે આંય લાહુ એને માયે નાંય
પોઅયા ચ્યાલ આંય વાડતાહાવ.
23 તે તું મા દેનલા રૂપિયા સાવકારાપાય કાહાનાય થોવી દેનેલ, થોવલા
રોતા તે આંય યેયન ચ્યાહા પાયને વિયાજ હાતે લેય લેતો.
24 એને જ્યા લોક પાહાય ઉબલા આતા, ચ્યાહાન ચ્યાય આખ્યાં,
તો સિક્કો ચ્યા પાયને લેય લીયા, એને જ્યાપાંય દોહો સિક્કા હેય ચ્યાલ
દેય દિયા.
25 ચ્યાહાય આખ્યાં, 'ઓ માલિક ચ્યાપાય દોહો સિક્કા તે હેતાજ.'
26 'આંય તુમહાન આખતાહાવ કા જ્યા પાય હોમાજ હેય, તો વોદારી
હોમાજ મેળવી, બાકી જ્યાપાંય જીં વોછીબી હોમાજ ઓરી તીં બી
ચ્યાપાઅને ખોવાય જાય.
27 બાકી મા જ્યા વિરુદ કોઅનારા જ્યાહાન નાંય ગોમ્યા કા આંય
ચ્યાહાવોય રાજ્ય કોઉં, ચ્યાહાન મા આગલા લેય યા એને માઆઇ
ટાકાં.' "

## યેરૂસાલેમ શેહેરામાય ઈસુવા વિજયા પ્રવેશ

*(માથ્થી 21:1-11; માર્ક 11:1-11; યોહા. 12:12-19)*

28 યો વાતો પુર્યો કોઇન ઈસુ યેરૂસાલેમ શેહેરા એછે શિષ્યહા
આગલા-આગલા ચાલ્યો.
29 જેહેકોય ઈસુ એને ચ્યા શિષ્ય યેરૂસાલેમ શેહેરા પાહી યેના, તોવે
ચ્યા બેતફાગે એને બેથાનીયા શેહેરાહા બાઆને ગાવહામાય પોઅચ્યા,
યે ગાંવે જૈતુન ડોંગાપાંહી આતેં, તોવે ઈસુય ચ્યા શિષ્યહામાયરે બેન
શિષ્યહાન એહેકોય આખીન ચ્યા આગલા દોવાડયા.
30 "હામેના ગાવામાય જાં, એને તાં જાતાંજ તુમહાન યોક ફુરક્યા
વાછડા હેય ચ્યાવોય આજુ લોગુ કાદોજ નાંય બોઠહો, તીં બાંદલા નોજરે
પોડી, ચ્યાલ છોડીન માયેપાંય લેય યા.
31 જો કાદાં તુમહાન પુછે, ઈ કાય કોઅતાહા, તોવે એહેકોય
આખજા,? ઈસુ આમે પ્રભુલ યા ઉપયોગ કોઅના ગોરાજ હેય."
32 શિષ્ય ગાવામાય ગીયા, ચ્યાહાય જાયને જેહેકેન ચ્યાય ચ્યાહાન
આખલા આતા, તેહેકેન દેખ્યા.

33 એને ચ્યા ફુરક્યા વાછડાલ છોડા લાગ્યા. તો ચ્યા માલિકાય
ચ્યાહાન પુછ્યાં, "ઈ તુમા કાય કોઅતાહા, એલા ફુરક્યા વાસડાંલ કાહા
છોડતાહા?"
34 શિષ્યહાય ઈસુ આખલ્યે પરમાણેજ જાવાબ દેનો; પ્રભુલ યા
જરૂરત હેય.
35 એને ચ્યા બેન શિષ્ય ફુરક્યા વાછડાલ ઈસુપાય લેય યેના, એને
ફુરક્યા વાછડા બોઅડા વોય પોતાને ફાડકે પાથ્યેં એને ઈસુ ચ્યાવોય
બોહી ગીયો.
36 જોવે તો જાવ આતો, તોવે ચ્યે પોતાના ફાડકે વાટેવોય પાથતે જાતે
આતેં.
37 જોવે ચ્યા યેરૂસાલેમ શેહેરા પાહાય યેના જીં વાટ જૈતુન ડોંગા એછે
જાતી આતી, તોવે બોદો શિષ્યહા ટોળો ચ્યા ચમત્કારા કામહા લેદે જયેં
ચ્યાહાય દેખ્યેલ, ચ્યાહાટી તો ટોળો આનંદાકોય મોઠેથી પોરમેહેરા સ્તુતિ
કોઅરા લાગ્યા.
38 એને આખા લાગ્યા કા, "ધન્ય હેય જો રાજા, જો પ્રભુ નાંવા કોય
યેહે હોરગામાય શાંતી એને આકાશામાય ચ્યા મહિમા ઓએ."
39 તોવે ટોળામાઅને થોડહા પોરૂષી લોક ચ્યાલ આખા લાગ્યા, "ઓ
ગુરુ, તો શિષ્યહાન ખિજવાય કા ચ્યા ઠાવકા રોય."
40 ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો, "આંય તુમહાન આખહુ, જો યા લોક
ઠાવકા રોય જાય તે દોગડા બોમલી ઉઠી."

## યેરૂસાલેમ એછે એઇન ઈસુ રોડયો

41 જોવે તો યેરૂસાલેમ શેહેરા જાગે યેનો તોવે ચ્યા શેહેરાલ દેખીન
ચ્યાહાટી રોડયો
42 એને આખ્યાં, "કોલાં હારાં ઓઅતા કા તું હાં તુંજ યા દિહામાય
શાંતી વાતો જાઅતા બાકી આમી તી બોદા તો નોંજરેથી દોબી ગીયહા."
43 કાહાકા ચ્યા દિહી તોવોય યી કા તો દુશ્માન મોર્ચા બાંદિન તુલ ગેરી
લી, એને ચોમખીને તુલ દાબી.
44 એને તો વિરુદી તુલ પુરાં નાશ કોઇ દી, એને યોકબી દોગાડ
પોતે જાગાવોય નાંય છોડી, ચ્યા બોદા નાશ કોઇ દી; કાહાકા તુયે ચ્યા
સોમયાલ નાંય જાંઅયા કા તોવોય જીં દયા કોઅવામાય યેનેલ.

### દેવાળા ચોખ્ખાં કોઅના
*(માથ્થી 21:12-17; માર્ક 11:15-19; યોહા. 2:13-22)*

45 તોવે ઈસુ દેવાળામાય જાયને વેચનારાહાલ બારે કાડા લાગ્યો,
46 ચ્યાહાન ઈસુવે એહેકોય આખ્યાં કા, "કાય પવિત્રશાસ્ત્ર ઈ નાંય
આખે, કા મા દેવાળાલ બોદા જાતી લોકહાહાટી પ્રાર્થના ગુઉ આખલા
જાય? બાકી તુમહાય તીં બાંડાહા ગુઉ બોનાવી રાખ્યહાં."
47 એને ઈસુ દિનેરોજ દેવાળામાય હિકાડતો આતો, મુખ્ય યાજક એને
મૂસા નિયમ હિકાડનારા ગુરુ એને યહૂદી આગેવાન ચ્યાલ માઆઇ ટાકાં
યુક્તિ કોઅતા લાગ્યા.
48 બાકી ચ્યા કાયજ કોઇ હોક્યા નાંય કા ઈ કેહેકેન કોઅજે, કાહાકા
